
# ભૂલ સુધારણા

| પાના નં. | ભૂલ | સુધારો |
|---|---|---|
| ૭<br>(અનુક્રમણિકા) | દત્ત અવધૂત કી જય<br>શ્રીપાદ વલ્લભકી જય | ગુરુ ગુરુ કરતા આજાઓ<br>મારા પ્રાણ દત્તા |
| ૨૫ | ડગમગ ડોલતી નાવ મારી | ડગમગ ડોલતી નાવડી મારી |
| ૨૮ | પાંચ તત્ત્વ કા બના | પંચ તત્ત્વ કા બના |
| ૩૦ | રાગ : ભઈમપિલાસ | રાગ : ભીમપલાસી |
| ૩૬ | સુવાક્ય :<br>ચિંતાન સમાજ | <br>ચિંતા સમાન |
| ૪૦ | ચોથો અંતરો છપાવાનો<br>રહી ગયેલ છે | અવધૂતી આનંદ |
| ૫૦ | અંતરા ૬ અને ૭<br>છપાવાના રહી ગયેલ છે | |
| ૬૫ | મળે બ્રહ્મજા મધ્ય<br>સ્નાને પ્રયોગે | મળે બ્રહ્મજા મધ્ય<br>સ્નાને પ્રયાગે |
| ૬૯ | સ્મરી લે અહીં નામ તું<br>મૂળ ખાંતે ॥ ૧૦૩ ॥ | સ્મરી લે અહીં નામ તું<br>મૂળ ખંતે ॥ ૧૦૩ ॥ |
| ૭૩ | પેસી લોકત્રયમાં સહુેને<br>....૨૩ | પેસી લોકત્રયમાં સહુને<br>....૨૩ |
| ૭૩ | શરણાગત મા તરછોડ<br>....૨/૭ | શરણાગત મા તરછોડ હરે<br>....૨/૭ |
| ૭૬ | આરંભ વિષે સમ જેહ અરે | આરંભે વિષ સમ જેહ અરે |
| ૭૬ | સૂણ ત્રિવિધ સુખ આ કહુ<br>૧૮/૩૬ | સૂણ ત્રિવિધ સુખ આ કહ્યું<br>૧૮/૩૬ |
| ૯૮ | દત્ત અવધૂત કી જય<br>શ્રીપાદ વલ્લભ કી જય<br>વાસુદેવ સ્વામી કી<br>જય જય જય | ગુરુ ગુરુ કરતા આજાઓ<br>મારા પ્રાણ દત્તા |
| ૧૦૨ | એવી લીલા કંઈ કંઈ સર્વ | એવી લીલા કંઈ કંઈ શર્વ |
| ૧૦૪ | હેડીંગ (૬૨) | હેડીંગ (૬૧) |
| ૧૦૫ | હેડીંગ (૬૩) | હેડીંગ (૬૨) |
| ૧૦૫ | સૌને સદ્‌બુદ્ધિ આપો,ક | સૌને સદ્‌બુદ્ધિ આપો, |
| ૧૨૦ | jasha patel@yahoo.com | jashapatel@yahoo.com |

# શ્રી રંગ શરણ
# મૃત્યુંજય વંદના




**મૃત્યુ વિષયક શ્રી ગુરુલીલામૃત અંતર્ગત દોહરા,**
**દત્તનામસ્મરણ - ભજન - ધૂન**
**(જીવતા સુધી જીવનમુક્તિ અને મૃત્યુવેળાનું સાયુજયમુક્તિ દર્શન)**

**શ્રી રંગશરણ : મૃત્યુંજય વંદના**

**સંકલન : શ્રી જસભાઈ પટેલ (યુ.એસ.એ.)**

**પ્રાપ્તિ સ્થાન : અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

**અંબાલાલ એન. પટેલ**
૧, યશસાગર સોસાયટી, સત્યનારાયણ મંદિર પાસે,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧
ફોન નં. (૦૭૯) ૨૭૬૬૧૩૧૫, ૯૩૨૭૦૫૦૭૭૬

**શ્રી પ્રવીણભાઈ એ. દવે**
૪૩, અશોકનગર સોસાયટી, લાલાકાકા હોલ સામે,
શાહપુર દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન નં. (૦૭૯) ૨૫૬૩૩૭૫૪,
૯૪૨૬૦૩૨૩૪૩

**શ્રી જસભાઈ એ. પટેલ**
એફ-૮, સત્ય ત્રિવેણી એપાર્ટમેન્ટ, રામદેવનગર,
સેટેલાઈટ, કૌશલ્યા બંગલોઝની બાજુમાં,
અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન નં. ૨૬૯૨૭૫૫૬, ૯૮૨૫૬૧૧૯૪૧,
૯૯૨૫૪૩૧૯૪૫

**યુ.એસ.એ. : Jash Patel**
2983 Heatherwood Court Schaumburg
IL. 60194 U.S.A.
Phone # 630-550-4218
jashapatel@yahoo.com

**મુલ્ય :** રૂા. ૨૦/-

**ટાઈપ સેટીંગ :** અક્ષર ગ્રાફિક્સ : (ઓ.) ૨૭૪૭૨૭૨૯

**મુદ્રક :** શ્રી ગણેશ પ્રિન્ટર્સ (મો.) ૯૮૨૫૬ ૧૫૧૬૧


| ક્રમ | શીર્ષક | શું છે | રચયિતા | ગાયક/ગાયિકા | ભજન અવધિ | ભજન નંબર | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૐ ધ્યાન | ધ્યાન | પરબ્રહ્મ | અનિકેત ખાંડેકર | - | અવધૂતિ આનંદ | ૨૩ |
| ૨. | માનસ પૂજા | માનસ પૂજા | શ્રી રંગ અવધૂત | વિષ્ણુ જોષી, દર્શના ગાંધી, હર્ષ પટેલ | ૪-૦૫ | રૂદ્રાક્ષ ભજનાવલિ | ૨૩ |
| ૩. | બ્રહ્માનંદમ્ પરમ સુખદં | સ્તોત્ર | શ્રી રંગ અવધૂત | વિષ્ણુ જોષી, | ૩-૦૪ | અવધૂતિ આનંદ | ૨૪ |
| ૪. | મેરો દત્ત દિગંબર એક હી તારનહાર | ભજન | શ્રી રંગ અવધૂત | અનિકેત ખાંડેકર | ૭-૦૫ | ૧/૧ | ૨૫ |
| ૫. | ૐ ગુરુ રંગા શ્રી ગુરુ રંગા રુકમાઈ નંદન ૐ ૐ | ધૂન | શ્રી પ્રેમ અવધૂતજી | વિષ્ણુ જોષી-કોરસ | ૫-૧૦ | - | ૨૫ |
| ૬. | તારા આધારે બેઠોછું રંગા | ભજન | શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય | હેમલ નાણાવટી | ૭-૩૩ | - | ૨૫ |
| ૭. | કોઈ કોઈનું નથી રે | ભજન | - | અતુલ બ્રહ્મભટ્ટ | ૫-૪૫ | - | ૨૬ |
| ૮. | જૂઠમાં જિંદગી જાય નર વહી | ” | શ્રી રંગ અવધૂત | વિષ્ણુ જોષી | ૯-૧૨ | ૧૬/૧૫ | ૨૭ |
| ૯. | બન જા અવધૂતા અવધૂતા | ” | ” | વિશ્વનાથ બાટુંગા | ૭-૦૦ | ૨૦૯/૧૮૪ | ૨૮ |
| ૧૦. | ગુરુ ગુરુ કરતા આ જાઓ મારા પ્રાણ દત્તા | ” | ” | હેમલ નાણાવટી, નયન પંચોલી, પરાગી પરમાર | ૬-૨૬ | ૫૧/૪૫ | ૨૮ |
| ૧૧. | મનુવા હરિ ભજના હરિ ભજના | ” | ” | નયન પંચોલી | ૯-૨૭ | ૨૧૦/૧૮૫ | ૨૯ |
| ૧૨. | દિગંબર દત્ત યોગીશા, મળો ના બીજી ઉર આશ | ” | ” | ભાસ્કર શુકલ | ૧૪-૫૨ | ૬૨/૫૪ | ૨૯ |
| ૧૩. | જેને જ્ઞાન નિરામય બુટી જડી | ” | ” | નયન પંચોલી | ૮-૨૦ | ૬૫/૫૬ | ૩૦ |
| ૧૪. | આવો હરિજન હેતે રામને સંભારો | ” | ” | દર્શના ગાંધી | ૫-૧૭ | ૭૨/૬૦ | ૩૧ |
| ૧૫. | દુનિયા આ મનનું મટકું રે પામર પ્રાણી | ” | ” | હેમંત ચૌહાણ | ૧૦-૨૫ | ૮૧/૬૫ | ૩૧ |
| ૧૬. | જે જાયુ તે જાય જગતમાં, જે જાયુ તે જાય | ” | ” | હેમંત ચૌહાણ | ૧૨-૦૩ | ૮૨/૬૬ | ૩૨ |

| ક્રમ | શીર્ષક | શું છે | રચયિતા | ગાયક/ગાયિકા | ભજન અવધિ | ભજન નંબર | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૭. | હમારા અસ્થાન મરઘટ ઘાટ | " | " | અનિકેત ખાંડેકર | ૯-૦૬ | ૯૧/૭૫ | ૩૩ |
| ૧૮. | આખર ખોટી રે, માનવી,<br>ભજી લે જગ કરતાર | " | " | દર્શના ગાંધી,<br>અમી ઠાકોર | ૬-૫૩ | ૧૧૨/૧૧૨ | ૩૩ |
| ૧૯. | હરિગુણ ગાઓ રે પ્રીતથી,"<br>થાશે બેડો પાર | " | " | ભાસ્કર શુકલ,<br>પરાગી પરમાર | ૧૦-૪૩ | ૧૧૩/૧૧૩ | ૩૪ |
| ૨૦. | પ્રભુનો મારગ છે,<br>શુરાનો કાયરનું નહીં કામ | " | " | હેમલ નાણાવટી | ૧૪-૫૨ | ૧૧૪/૧૧૪ | ૩૪ |
| ૨૧. | હરિજન આવો રે,<br>હેતથી, ધરીએ હરિનું ધ્યાન | " | " | નિરજ પાઠક,<br>પરાગી પરમાર | ૬-૦૩ | ૧૧૬/૧૧૭ | ૩૫ |
| ૨૨. | સૂતો શું તાણીને સોડ ?<br>આખર ઊડશે સઘળા કોડ | " | " | વિષ્ણુ જોષી | ૧૦-૩૭ | ૧૨૨/૧૨૫ | ૩૬ |
| ૨૩. | ધાર્યું ધરણીધરનું થાય મુરખ,<br>કા મન તું પસ્તાય | " | " | નૈનેશ જાની,<br>પરાગી પરમાર | ૧૧-૦૩ | ૧૨૩/૧૨૬ | ૩૭ |
| ૨૪. | મન મરજીવા છે મોતી અમૂલખ<br>એક અંતરસાગરે | " | " | નીરજ પાઠક,<br>દર્શના ગાંધી | ૯-૦૩ | ૧૨૭/૧૨૯ | ૩૮ |
| ૨૫. | ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો | " | " | હેમલ નાણાવટી,<br>ગાયત્રી ઉપાધ્યાય | ૫-૫૦ | ૧૩૦/૧૩૧ | ૩૮ |
| ૨૬. | નામ સુધારસ જે જન ચાખે,<br>કાળ ન આવે પાસે રે | " | " | હેમલ નાણાવટી | ૭-૦૯ | ૧૩૧/૧૩૧ | ૩૯ |
| ૨૭. | અવિવેકે ભરિયું રે, જગ બધું ઊંધું જુએ | " | " | હસમુખ પાટડીયા | ૬-૫૫ | ૧૩૬/૧૩૭ | ૩૯ |

| ક્રમ | શીર્ષક | શું છે | રચયિતા | ગાયક/ગાયિકા | ભજન અવધિ | ભજન નંબર | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮. | ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા | " | " | ઉર્મીશ મહેતા | ૮-૦૦ | ૧૩૮/૧૩૮ | ૪૦ |
| ૨૯. | તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે | " | " | નૈનેશ જાની | ૧૦-૨૫ | ૧૩૯/૧૩૯ | ૪૧ |
| ૩૦. | સમજ મન મારા રે, જાવું એક દિન વહી | " | " | ભાસ્કર શુકલ | ૭-૨૫ | ૧૫૩/૧૪૮ | ૪૧ |
| ૩૧. | મરી તો ગયું મૃત્યુ, મરી તો ગયું | " | " | હેમલ નાણાવટી | ૮-૫૨ | ૧૬૫/૧૫૮ | ૪૨ |
| ૩૨. | વસમી છે વાટ, એ તો વસમી છે વાટ | " | " | હેમલ નાણાવટી | ૭-૫૫ | ૧૬૬/૧૫૮ | ૪૩ |
| ૩૩. | જુવાની દિવાની, પ્રાણી જુવાની દિવાની | " | " | અનિકેત ખાંડેકર | ૯-૩૦ | ૧૬૮/૧૫૯ | ૪૩ |
| ૩૪. | બન જા અબ હુશિયાર,<br>કાલકા નહિ ઠિકાનાજી | " | " | જયદીપ ચાવડા | ૫-૦૨ | ૧૭૨/૧૬૨ | ૪૪ |
| ૩૫. | કાહેકો મન સોચ કરત હૈ ?<br>રામ ભજન કર દિન રાતી | " | " | અનિકેત ખાંડેકર | ૯-૧૫ | ૧૯૩/૧૭૪ | ૪૪ |
| ૩૬. | કર સત્સંગ અભીસે પ્યારે !<br>નહિ તો આખર રોના હૈ | " | " | જયદીપ ચાવડા | ૭-૪૫ | ૧૯૫/૧૭૬ | ૪૫ |
| ૩૭. | મનુવા ધરી લે ધરથી, પ્રભુનું પ્યારું ધ્યાન | " | " | હર્ષ પટેલ,<br>પરાગી પરમાર | ૧૦-૧૫ | ૨૨૧/૧૯૪ | ૪૬ |
| ૩૮. | મુખ સે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી | " | " | નિરજ પાઠક | ૫-૪૩ | ૨૪૮/૨૧૮ | ૪૬ |
| ૩૯. | જ્યારે પતન થશે દેહનું આ | " | " | નૈનેશ જાની | ૯-૩૦ | ૨૬૦/૨૪૪ | ૪૭ |
| ૪૦. | કરના થા સો તો કર લીના,<br>અબ ના કરના ના ભરના હૈ | " | " | સંજય દલવી | ૭-૫૦ | ૨૬૨/૨૪૭ | ૪૮ |
| ૪૧. | કામાધીન થઈને હીન કુલને<br>શીલ ડુબાડીશ ના | " | " | દર્શના ગાંધી | ૬-૩૦ | ૨૭૯/૨૮૫ | ૪૮ |
| ૪૨. | વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો | " | " | હેમલ નાણાવટી | ૯-૧૨ | ૧૮/૧૭ | ૫૦ |
| ૪૩. | દત્ત નામ સ્મરણ | સ્તોત્ર | " | દિવ્યાંગ ઓઝા | ૪૩-૩૯ | ૨૬૪/૨૪૯ | ૫૧ |
| ૪૪. | સંગીત ગીતા - અધ્યાય ૧૫ તથા<br>અન્ય શ્લોકો | | " | શ્રી જગદીશાનંદજી,<br>પરાગી પરમાર, વિષ્ણુ જોષી | ૨૬.૪૦ | સંગીત ગીતા | ૭૧<br>૭૩ |

| ક્રમ | શીર્ષક | શું છે | રચયિતા | ગાયક/ગાયિકા | ભજન અવધિ | ભજન નંબર | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|---|---|
| ૪૫. | મૃત્યુ વિષયક દોહરા - શ્રી ગુરુ લીલામૃત | દોહરા | ” | વિષ્ણુ જોષી,<br>જાનકી જોષી,<br>અમી ઠાકોર | ૫૯-૧૫ | શ્રી ગુરુ લીલામૃત | ૭૭ |
| ૪૬. | શ્રીમદ્વાવાસુદેવસ્વામિન્,<br>દયાબ્ધે તારક પદદાયિન | ધૂન | - | ભાસ્કર શુકલ | ૨-૪૦ | ધૂન | ૯૭ |
| ૪૭. | પાવના દત્તા પતિત પાવના દત્તા | ” | શ્રી રંગ અવધૂત | નીરજ પાઠક | ૫-૨૫ | ” | ૯૭ |
| ૪૮. | ૐ ગુરુ ગુરુ ૐ અલખ નિરંજન ૐ ૐ | ” | ” | હેમલ નાણાવટી | ૪-૦૦ | ” | ૯૭ |
| ૪૯. | શ્રીપાદ શ્રી વલ્લભ નરહરિ<br>દત્તાત્રેયા દિગંબરા | ” | - | હેમલ નાણાવટી | ૪-૪૨ | ” | ૯૭ |
| ૫૦. | દત્ત અવધૂત કી જય<br>શ્રીપાદ વલ્લભ કી જય | | શ્રી રંગ અવધૂત | દર્શના ગાંધી | ૩-૨૦ | ” | ૯૭ |
| ૫૧. | મૈ તો બેઠા ગુરુપદ પાસ અબ ચિંતા કાહે | | ” | અનિકેત ખાંડેકર, કોરસ | ૫-૪૫ | ” | ૯૭ |
| ૫૨. | દત્ત દત્ત વદો ભાઈ એહી જગતાર હૈ | | ” | અનિકેત ખાંડેકર, કોરસ | ૧૦-૨૦ | ” | ૯૭ |
| ૫૩. | એક મને તારો આધાર | ધૂન | - | ભાસ્કર શુકલ, કોરસ | ૫-૨૦ | ” | ૯૭ |
| ૫૪. | આ ગયા મુકામ અસલી બાબા<br>અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત | ” | શ્રી રંગ અવધૂત | હેમંત ચૌહાણ, કોરસ | ૭-૨૦ | ” | ૯૭ |
| ૫૫. | ગુરુ ગુરુ કરતા<br>આજાઓ મારા પ્રાણ દત્તા | ” | ” | પરાગી પરમાર,<br>દિપાલી સોમૈયા, કોરસ | ૪-૪૦ | ” | ૯૭ |
| ૫૬. | ગુરુ ગુરુ કરતા આજાઓ મારા પ્રાણ દત્તા | | | હેમલ નાણાવટી, કોરસ | | | ૯૮ |
| ૫૭. | મંત્રગર્ભ-મૃત્યુગ્જયસ્તોત્ર | સ્તોત્ર | ” | શ્રી જગદીશાનંદજી | ૭-૩૫ | નારેશ્વર નિત્યક્રમ | ૯૮ |
| ૫૮. | વંદના | વંદના | - | કોરસ | | ૨૪૬/૨૧૬ | ૧૦૦ |
| ૫૯. | દત્ત બાવની | દત્ત બાવની | - | કોરસ | ૧૦-૨૭ | ૨૪૨/૨૦૭ | ૧૦૨ |
| ૬૦. | રેવાગીતમ્ | સ્તોત્ર | - | અનિકેત ખાંડેકર, હર્ષ પટેલ | ૫-૧૮ | - | ૧૦૪ |
| ૬૧. | અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત | મંત્ર | - | વિષ્ણુ જોષી, પાયલ રાવલ | ૦.૨૩ | - | ૧૦૪ |


## સમર્પણ વંદના

*જેના થકી આપણે સહુ 'પરસ્પર દેવો ભવ' ભાવે એકત્ર થયા એ શ્રી અખિલ ભારત રંગ અવધૂત પરિવારને આ પ્રકાશન/નિર્માણ અહૈતુકી ભાવે સમર્પિત કરવાની શ્રી ગુરુ મહારાજે અમને પ્રેરણા આપી તે અમારું અહોભાગ્ય !*

**શ્રીમતી કોકિલાબેન જસભાઈ પટેલ**
**યુ.એસ.એ.**

**શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ**
**યુ.એસ.એ.**

# સંપાદકના ઉદ્‌ગાર

પૂજ્ય શ્રી રંગ અવધૂત ગુરુ મહારાજની પ્રેરણા અને આશીર્વાદના બળે પૂ.શ્રી બાપજીના સ્વરચિત ભજનો, સંગીત ગીતા તેમજ ગુરુલીલામૃત ગ્રંથમાંથી મૃત્યુવિષયક દોહરા, ધૂનો, સ્તોત્ર વિ.નું સંકલન કરી તેનું ગાન કરાવી શ્રવણભક્તિને પ્રાધાન્ય આપી ઓડિયો કેસેટ, સીડીના માધ્યમ દ્વારા પૂ.શ્રીની દૈવી, અમૃત રચનાઓ રંગ પરિવારના અબાલ-વૃદ્ધના કાનમાં ગુંજ્યા કરે તથા તેનું ગાન કરી આધ્યાત્મિક શાંતિ મેળવી શકે એવા શુભ આશયથી આ કાર્યનો પ્રારંભ પૂ.શ્રીએ કરાવ્યો છે અને તેને પરિવાર તથા અન્ય જનો સમક્ષ મૂકતા ખૂબ જ આધ્યાત્મિક આનંદ અનુભવાય છે.

આ પ્રોજેક્ટનો મુખ્ય આશય મૃત્યુને ધ્યાનમાં રાખીને મૃત્યુ વિષયક ભજનો વિ.નો સમાવેશ કરવાનો છે. નિયમિત પ્રભુનું ધ્યાન કરવાથી, ભજન કરવાથી જગતનો નાથ આપણી સાથે જ છે એવું સતત અનુભવાય છે તથા હૃદયની ભાવના સંલગ્ન થાય છે. વળી આવા ભજનો ગાવા તથા સાંભળવાથી હૃદયના તાર ઝણઝણી ઊઠે છે અને તેના ચિંતનથી શાંતિ અને સમાધાન, શાતા અને સાત્વિક આનંદનો અનુભવ થાય છે. ગમે તેવા હચમચાવી નાખે તેવા ઝંઝાવતોમાં પણ જેની હૂંફથી આપણને લાગ્યા કરે કે આપણા ઉપર સમર્થ મહાપુરુષનો પંજો છે અને આપણે સુરક્ષિત છીએ એવી અંતરમાં એક પ્રકારની અડોલ, સ્વયંભૂ શ્રદ્ધા રણક્યા કરે છે. આનાથી મૃત્યુનું સદા સ્મરણ રહેશે અને એના ભયને સદા સાથે રાખવાથી પરમાત્માની સદા યાદ રહેશે અને પરમાર્થનો માર્ગ મળી રહેશે. વળી જેને ત્યાં મૃત્યુનો પ્રસંગ બન્યો હોય તેમને તે પછીના દિવસોમાં આવું ભજન ગાવા સાંભળવાથી અચૂક શાંતિ તથા આવી પડેલા દુઃસહ દુઃખને સહન કરવાની શક્તિ મળી રહેશે. આ વિષયને લગતું જે કાંઈ સાહિત્ય પૂ.શ્રીના રચનામાંથી મળ્યું છે તેનો સમાવેશ કરવાનો પ્રયત્ન કર્યો છે. સંકલનકારને સંપૂર્ણ, અતૂટ શ્રદ્ધા છે કે આના ગાન-ચિંતનથી પૂ.શ્રીની અસીમ કૃપા પરિવારજનોને મળી જ રહેશે. શુભ આશય તથા શ્રદ્ધા કદી પણ નિષ્ફળ જતી નથી એવું અનુભવાયું છે અને તેનો સંતોષ તથા આનંદ છે.

આ પ્રકાશન મુદ્રણદોષરહિત તથા શુદ્ધ, પવિત્ર તેમજ સંગીતમય બનાવવા અનેક ભક્તોનો સાથ સહકાર મળ્યો છે તે ભૂલાય તેમ નથી. પૂ.શ્રી વિઠ્ઠલભાઈ પાઠક, શ્રી વિષ્ણુભાઈ જોષી, શ્રી અંબાલાલ પટેલ, શ્રી ઈન્દુભાઈ દવે, શ્રી મધુભાઈ દવે (USA), શ્રી પ્રવીણભાઈ દવે, શ્રી કાંતિભાઈ દવે, શ્રી કાંતિભાઈ રાવલ, શ્રી નૈમેષભાઈ પટેલ, સંગીત નિયોજક શ્રી શંભુ મહેતા, મૌલિક મહેતા તથા સ્ટુડિયોના માલિક શ્રી વિજયભાઈ તથા ગાયકવૃંદ - નામી-અનામી સૌ સહાયકોનો નમ્રભાવે અંતઃકરણપૂર્વક આભાર માનું છું. શ્રી રંગબાળ જગદીશાનંદજીનો પણ ખૂબ આભારી છું. પુસ્તકના પ્રકાશનમાં સાથ આપનાર સૌનો આભારી છું.

જ્ઞાન પ્રપા ચાલુ કરી, પીએ સુભાગીજન,
રંગકૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ.

પરિવારના સૌ રંગભક્તો આ નમ્ર નિષ્કામ પ્રયાસને વધાવી લેશે એવી આશા. પૂજ્યશ્રી સૌનું કલ્યાણ કરો, સૌને સદ્‌બુદ્ધિ આપો તથા સૌની રક્ષા કરો. પૂજ્યશ્રીના ચરણકમળમાં અનંત કોટી વંદન, અનંત કોટી પ્રણામ, અનંત કોટી નમસ્કાર. ''ગુરુ કૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્''

**જસભાઈ પટેલ**
**(યુ.એસ.એ.)**

## 'મૃત્યુ'

એક પણ ક્ષણ જો ભગવત્ કૃપાનું વિસ્મરણ થાય તો એનાથી મોટું બીજું કોઈ મૃત્યુ નથી. જીવનું લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ છે. જીવમાત્રના નિયંતા પ્રભુ છે. આ નિયંતાને પામ્યા વિના જીવને શાંતિ નથી. આ સંસારમાં આવ્યા પછી ભગવાન સાથે પ્રેમ કર્યા વગર, ભગવત્ ચરણોની સેવા કર્યા વગર, ભગવત્ ચરણોને હૃદયમાં સ્થાપિત કર્યા વગર જો કોઈ મનુષ્ય જાય તો સમજજો કે એ એનું મૃત્યુ છે. દેહના પંચતત્ત્વોનું વિસર્જન થવું એ મૃત્યુ નથી, પણ એક પણ ક્ષણ જો ભગવત્ કૃપાનું વિસ્મરણ થાય તો એનાથી મોટું બીજું કોઈ મૃત્યુ નથી.

જીવનું લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ છે. ઇન્દ્રિયોનું સુખ ક્ષણિક છે, ભોગ ભોગવવાથી જે સુખ મળે છે તે ટકતું નથી. દરેકની દોડ સુખ, આનંદની પ્રાપ્તિ માટેની છે. દુઃખ કોઈને જોઈતું નથી. સત્, ચિત્, આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે. એમાં નિત્ય સુખ છે. પ્રભુ પ્રત્યેનો ઉત્કટ પ્રેમ પ્રભુ પ્રાપ્તિ કરાવે છે. ભજન, સત્સંગ, ધ્યાન કરતા રહીએ, માનવતાના નાતે દાન, દયા, સેવા કરતા રહીએ તો પણ સરવાળે ફાયદો જ છે. માનવજીવન અલ્પ છે, ખૂબ જ ટૂંકું છે, મૃત્યુ પછીનું જીવન લાંબું છે. આવા સંજોગોમાં જે જીવન મળ્યું છે તેમાં મોહ, મમતા, આસક્તિ, હું અને મારુનો ત્યાગ કરી આ જીવન તો કૃતાર્થ બનાવીએ, પરંતુ ત્યાર પછીનું જીવન પણ કલ્યાણમય, મંગલમય બનાવીએ એવો પ્રયાસ કરવો જોઈએ. બાણશૈયા પર પડેલા ભીષ્મ પિતામહે, ધારણા દ્વારા ભગવાનમાં મન પરોવ્યું, વાણી દ્વારા તેમની સ્તુતિ કરી, નયનો દ્વારા મધુર રૂપનાં દર્શન કર્યા પરિણામે એમની ભેદબુદ્ધિ નાશ પામી, તેમનો મોહ દૂર થયો અને અંતમાં મતિ અને આત્મસમર્પણ દ્વારા તેઓ સ્વમાં-પરમાત્મામાં શાંત થઈ ગયા.

**પોતે માથે 'ભૂલ' ઓઢી લે, તે ખરો 'વીર' કહેવાય !**



પ્રાણત્યાગનો સમય સહુની સામે આવે છે, આ સમયે જો જે વ્યક્તિ મનના વિકારો, મનના દ્વંદ્વાત્મક ભાવોનો ત્યાગ કરે છે, પ્રભુને આત્મસમર્પણ કરે છે, તેનું જીવન મૃત્યુ પછીની દુનિયામાં એ કર્મફળ મુજબ આકાર લે છે. ભગવાન આનંદમય હોવાથી, એ દુનિયામાં આનંદની સહજ ઉપલબ્ધિ થાય છે. સાકરમાં રહેલું ગળપણ જોઈ શકાતું નથી પણ સાકરને આત્મસાત્ યાને ખાવાથી ગળપણનો ખ્યાલ આવે છે, એમ પોતાની ચેતનાને પરમાત્માની દિવ્ય ચેતનામાં વિલીન કરવાથી ઈશ્વરની અનુભૂતિ અને પ્રતીતિ કરી શકાય છે યાને જોઈ શકાય છે અને પરમાત્માની ચેતનાનો અનુભવ કરી શકાય છે.

'કેટલાક અભાનથી નાશ થાય છે, કેટલાક પ્રમાદથી નાશ થાય છે. કેટલાક જ્ઞાન વધે તેથી ખલાસ થાય છે અને કેટલાક પોતે નષ્ટ થાય છે તેથી બીજાનો પણ નાશ કરે છે આવી રીતે બુદ્ધિશાળી માણસ પોતે ભાવ ગુમાવે છે અને બીજાનો પણ ભાવ ખલાસ કરે છે.'

'બે પુરુષો જગતમાં એવા છે કે તેઓ મર્યા પછી સૂર્યમંડલ ભેદીને આગળ જાય. એ બે પુરુષો કયા ? જે સમર્થ હોવા છતાં ક્ષમા કરી શકે છે અને જે કંગાળ છે પણ આપતો જાય છે.'

**અવધૂત મનન :**

મૃત્યુ એ શરીરનો સ્વભાવ છે એને માટે શોક કરવો વૃથા છે. માણસ એક ઓરડામાંથી બીજામાં જાય એનાથી વધારે ભયંકર એમાં કંઈ જ નથી, પણ આમ હંમેશાં ભટકવામાં શાંતિ મળે ખરી ? હું ઇચ્છું છું કે તમે એક વખત એવું મૃત્યુ પામો કે ફરીથી મરવાપણું ન રહે. આ જ અર્થમાં હું ઘણી વાર કહું છું કે 'કલૌ મૃતો ધન્યઃ'. બીજા યુગમાં તો આવું મૃત્યુ લાભનાર ઘણા મળી આવે, પણ કલિમાં તો આવી વ્યક્તિઓ વિરલ જ હોય છે અને તેથી જ તેઓ ધન્ય છે. કોઈનું મૃત્યુ જોઈ માણસને જે ક્ષણિક વૈરાગ્ય થઈ આવે છે તે જો કાયમનો ટકી રહે તો કોણ મુક્ત ન થાય ? (પત્ર મંજુષા - પા.૭૬)

**અશુભ કાર્યનું મૂળ હંમેશા અશુભ જ હોય છે.**

પરમાત્મા કેટલો દયાળુ છે ! એની દયાનો તમે કોઈ દિવસ સ્થિર ચિત્તથી વિચાર કર્યો છે ? તાવનું કામ તાવ કરે છે ને મારું કામ હું કરું છું.

દાક્તરને બતાવ્યે શું થશે ? **દર્દ મટાડવું હોય તો મારામાં શું તાકાત નથી ?** પરંતુ પ્રારબ્ધનો ભોગથી ક્ષય થાય એ જ ઈષ્ટ છે.

જેની સ્થિતિ શરીર રક્ષણથી આગળ નથી જતી તે દુનિયામાં કંઈ જ કરી શકતો નથી. શરીરનો મોહ નકામો છે. મારે દુનિયામાં શું કરવાનું બાકી રહ્યું છે જે હું શરીરની કાળજી રાખું ? હું તો આજે પણ શરીર છૂટે તો તૈયાર છું. મરવા માટે હરપળે તૈયાર રહેવું એ જ જિંદગીનું કર્તવ્ય છે. પરમાત્માને મારે હાથે કંઈક કામ કરાવવાનું હશે તો ભલે એ એની રક્ષા કરે. બાકી હું તો અંદર બહાર સૂકા પાંદડાં જેવો બની બેઠો છું. શરીરને જ્યારે ખરી પડવું હોય ત્યારે ભલે પડે. (પાન.૧૧૪)

હું શાંત છું. શાંતિપુત્ર છું. અસ્વસ્થતા મારી પાસે કદાપિ આવી શકે તેમ નથી. જો હું અસ્વસ્થ થાઉં તો મારી શાંતિરૂપતા શી ? કારણ કે વ્યાધિગ્રસ્ત તો દેહ થયો છે, ને હું તો કદી પણ દેહ નથી. હું તો સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ ત્રણે દેહથી મુક્ત, સદા આનંદી, નિર્ભય ને વ્યાધિરહિત છું.

મોત એ તો શરીરનો ધર્મ છે. હું અશરીર છું તો મને મોત ક્યાંથી હોય ? આ તત્ત્વનો નહિ જાણનારને શરીરને જ આત્મા માની બેસનાર મૂઢ લોકો ફાવે તેમ બક્યા કરે છે.

શરીર એ પંચમહાભૂતનું પૂતળું છે. એનો નાશ થતાં એ પાછું પંચમહાભૂતમાં મળી જાય છે. જેની ચીજ તેને આવી મળે તેથી તો ઊલટો આનંદ થવો જોઈએ.



હે સુમાર્ગે જનાર ! જેવી રીતે ફાવે તેટલો જોરથી વંટોળિયો છૂટે તો પણ પર્વત જરાયે કંપાયમાન થતો નથી, તેવી જ રીતે નિજાનંદમાં ડૂબેલો યોગી હજારો રોગો આવી પડે તો પણ જરાએ ડગમગતો નથી.

ફલાણો મરી ગયો, ફલાણાએ ફલાણાને મારી નાખ્યો, હું અમુકને મારી નાખીશ - એમ મૂરખ લોકો નકામા બકે છે. કોઈ પણ હણાતું નથી, કેમ કે કંઈ હણવાનું છે જ નહીં, ને આત્માને હણનાર દુનિયામાં કોઈ છે પણ નહીં (કેમ કે સર્વત્ર એક પરમાત્મા જ વસેલો છે, બીજું કંઈ છે જ નહીં)

તદ્દન નિરાકાર, ઉપાધિરહિત, વ્યાધિમુક્ત, ચૈતન્યસ્વરૂપ, પરમાનંદ, અદ્વિતીય ને કેવલ સ્વરૂપ એવો જે હું તેને કોણ મારી શકે?

પોતપોતાના શસ્ત્રાશસ્ત્રથી સજ્જ થઈ સર્વ રોગો ભલે આવે- જરાયે ડરવાની જરૂર નથી-ને પોતાની સર્વ શક્તિથી મારા પર પ્રહાર કરે, પણ હું તો મહાન પહાડ જેવો અચલ છું.

મારે દેહ સાથે શું કર્તવ્ય છે ? સિંહનું કોઈ જગ્યાએ ઘર દેખ્યું છે ? આકાશ ચાલે એવો રસ્તો ક્યાં છે ? (કેમ કે તે બધે છે) તેમ હે પ્રભો ! તું ક્યાં નથી તે કહે ?

હે બ્રહ્મ ! હું જન્મમરણથી રહિત છું. મોત તો મારું ઉત્તમ પકવાન છે. હું કાળનો પણ કાળ, સર્વ સાક્ષી, આનંદ મહાનાટકી છું.

**હે મૃત્યુથી ડરનાર જીવો ! હાથ ઊંચા કરી કરીને હું આ કહી રહ્યો છું** કે મૃત્યુ જેવી કોઈ ચીજ જ નથી અને વેદોએ પણ વારંવાર ડંકો વગાડીને એ જ કહ્યું છે તે સાંભળો અને મોતના ડરથી બેબાકળા થયેલા લોકોને મારી ગર્જના સંભળાવો અને જો તેઓ મોહને લીધે, અભિમાનને લીધે કે મદને લીધે એ ન સાંભળે તો **તેમનો વિનાશ આવી પહોંચ્યો છે જેમાંથી છૂટવું મુશ્કેલ છે તેમાં હું શું કરું ?** દુનિયાથી

હારીને જંગલમાં આવી ગમાર થઈ બેઠો છું છતાં લોકો મને છોડતા નથી. 'મારું હૃદય મરી ગયું છે.' 'જીવતો છતાં મરેલો છું.'

હું તો બચકું રોટલા માટે ભગવાનને બારણે કૂતરો થઈ બેઠો છું ને એમ ભગવાનનું નામ ભસવામાં જ આ શરીરનો અંત થાય એથી બીજું કંઈ જ માગતો નથી.

પરમાત્માને ચરણે હવે માત્ર એક જ પ્રાર્થના છે કે ''હે ભગવન્ ! 'દત્ત દત્ત સ્મરન્મેઽ્યં દેહઃ પતતુ નિર્જને । ચરન્તુ પક્ષિણઃ સર્વે મિષ્ટાન્નં દેહ જં મમ્ ॥''

મૃત્યુંજય સ્તોત્રનો રોજ પાઠ સાત વાર કરી શ્રદ્ધાપૂર્વક 'અકાલમૃત્યુ હરણં સર્વ વ્યાધિ વિનાશનમ । દત્તપાદોદકં તીર્થ જઠરે ધારયામ્યહમ્ ॥' આ મંત્રથી ગુરુમહારાજનું ચરણામૃત પ્રાશન કરવું. આ પ્રમાણે ૨૧ દિવસ ક્રમ રાખશો તો ગુરુમહારાજની કૃપાથી સર્વ રોગ દૂર થશે. (પાન નં.૧૨૯) (પાઠની શરૂઆતમાં આચમની ભરી રાખવી ને પૂરો થતાં અન્ય પાત્રમાં એ જળ રેડી લેવું. એમ દરેક પાઠે કરવું અને અંતમાં બધું ચરણામૃત પ્રાશન કરવું.)

કોઈ પણ સ્તોત્રનો પોપટની માફક પાઠ કરી જવાથી જરાયે ફાયદો થવાનો સંભવ નથી. એમાં જે શક્તિ રહેલી છે તે અનુષ્ઠાન કરનારની ભાવનાની અને સંકલ્પબળની પવિત્રતાની તથા **એ બતાવનારના તપ અને આજ્ઞાના અનુલંઘનીય સ્વરૂપની છે.** એમાં જેટલે દરજ્જે ખામી તેટલે દરજ્જે પરિણામ શૂન્ય આવવાનું. અનેક ઉપાયોમાંનો એક એ ઉપાય એ દૃષ્ટિથી એનું અનુષ્ઠાન કરનારને એનું કદાપિ ફળ મળતું નથી. સ્તોત્રો અને મંત્રાદિના અનુષ્ઠાનો વિ.માં સાધક અને બાધક અથવા મિત્ર અને શત્રુ એવા ભેદ હોય છે એ રહસ્ય જાણ્યા વગર ફાવે તે અનુષ્ઠાનથી કોકવાર નહિ પણ ઘણી વાર માઠા પરિણામ નીપજે છે. **સકામ અનુષ્ઠાન વગર વિચાર્યે કરવાનું**



**નથી.** નિષ્કામમાં આવી ભાંજગડો નથી. ફાવે તે સ્તોત્ર કે મંત્રનો પાઠ નિષ્કામ ભાવનાથી કેવળ ચિત્તશુદ્ધિની ઈચ્છાથી કરી શકે છે. મંત્રાદિ એ માનસિક ઔષધ છે. જેવી રીતે ભૌતિક ઔષધની યોજના કરતી વખતે દેશ કાલાદિનો તેમ જ દરદીના ભૌતિક કે સ્થૂલ શરીરનો વિચાર કરવો પડે છે (એ કર્યા વગર ઊંટવૈદુ કરી આપનાર હજારોને વગર મોતે મારે છે.) તેમ જ આ માનસિક ઔષધનો ઉપચાર કરતાં પહેલાં દરદીના માનસિક કે સૂક્ષ્મ શરીરનો અવશ્ય વિચાર કરવો પડે છે. તે શરીરભેદે જેમ ભૌતિક દવામાં ભિન્નતાની જરૂર છે તેમ માનસિક પરિસ્થિતિને ભેદે આ માંત્રિક કે માનસિક ઉપચારમાં પણ ભિન્નતા હોવી ઘટે છે ને આવી વસ્તુસ્થિતિ હોવાથી જ મંત્રાદિ છાપેલા ને પ્રસિધ્ધ હોવા છતાં એના વિધાનની ચાવી હાથમાં ન આવે ત્યાં સુધી એ બધું નકામું છે. (પાન નં.૧૪૦)

પ્રાપ્તસ્થિતિમાં આનંદ એ જ એક ઉપાય. (૧૪૪)

સાચે જ જેને પ્રભુ રાખે તેને કોઈ જ ચાખનાર નથી, પણ પામર પ્રાણી પ્રભુને ભૂલીને શેતાનની સહાય શોધે છે અને અંતે દુઃખી થાય છે ! 'અવધૂતી આનંદ' વાંચતા વિચારતા હશો. સર્વથા ભજનમાં પ્રમાદ ન કરવો. એ વિના બીજું લૂખું છે, ધીમે ધીમે ભજનનો રંગ એવો જામે કે એમાં અન્ય સર્વ રંગ ભૂંસાઈ જાય ને છેવટે એ રંગનું પણ સ્મરણ ન રહે. (પાન નં.૧૪૯)

સંસાર અસાર છે. માણસને એની અસારતાનું ભાન થાય અને એ પ્રભુને પંથે વળે તે માટે ઈશ્વરી સંકેતથી માણસને આવા અસાધારણ ઝાટકા કોકવાર લાગે છે. એને જોતાં જ કોક વિરલો પૂર્વ પુણ્યે કરી મોહનિંદથી જાગી ઊઠે છે અને પ્રભુનું શરણ ગ્રહી પોતાની અંદર રહેલી દિવ્યતાનો 'સર્વ ખલ્વિદં બ્રહ્મ'નો સાક્ષાત્કાર કરે છે. પછી નથી રહેતો એને હર્ષ કે નથી રહેતો શોક. દુન્યવી સુખદુઃખો એની

પાસે પણ આવી શકતા નથી. એ કેવળ આનંદની મૂર્તિ બની રહે છે, આપ પર ભૂલી જઈ કેવળ બ્રહ્મમય બની રહે છે.

મોત શી ચીજ છે. એમાં અસાધારણ જેવું શું છે ? જેવી રીતે પવનની લહેરથી ભરદરિયે બે લાકડા સાથે મળે અને થોડી વાર સાથે રહી એ જ પવનની લહેરથી મોજાંનો ધક્કો વાગતાં વિખૂટા પડી જુદી જુદી દિશામાં ચાલ્યા જાય, વળી પાછાં બીજા જોડે જોડાઈ પાછા છૂટા પડે, તેવી જ રીતે સંસારમાં પૂર્વ કર્મના યોગથી પ્રાણીઓ સાથે મળે છે અને ક્ષણવાર સાથે રહી એ કર્મયોગ પૂરો થતાં પાછાં વિખૂટા પડે છે. અજ્ઞાનીઓ આ લાકડાની જોડટૂટમાં સુખદુઃખ માની હસે-રડે છે અને જ્ઞાની દૃષ્ટા થઈ કેવળ વિલોક્યા જ કરે છે - એક અદ્વૈત હાસ્યમાં જ રમ્યા કરે છે.

**અવધૂત તો કાલે દૂર ઊપડી જાય છે. પરંતુ પ્રેમીઓની પાસેથી એ તલમાત્ર પણ દૂર નથી એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે.** આવા પ્રસંગે શું લખવું એનું એને ભાન નથી. એ તો માત્ર એક જ વાત જણાવે છે કે,

નેત્રે દત્તંપશ્ય તં પ્રાણીમાત્રે ખેશ્રૂયતાં
દત્તશબ્દાઃ સમંતાત્ ।
જીવ્હે ભદ્રે દત્તકીર્તિ સ્તુવીહી પાદૌ
બંધૂ દત્તપાદં પ્રયાતમ્ ॥

એ વગર બધું મિથ્યા છે. (પાન નં.૧૫૪)

પૂ. મૂળી ફોઈને : 'અવધૂતી આનંદ' તારી પાસે જ છે. એ એક જ તરી જવા માટે બસ નથી શું ? 'આત્મચિંતન' સ્નાન કરી રોજ 'સ્વાધ્યાય' તરીકે વાંચવું-વિચારવું.

અવધૂત આવું આવું પણ બોલે છે ત્યાં સુધી શંકાઓ પૂછી નિરાકરણ કરી લેવું. મોઢું બંધ થયા પછી સર્વ નકામું છે. (પાન નં. ૧૬૪)



ફાવે તેવો પ્રસંગ પ્રાપ્ત થાય તો પણ ગભરાવું નહિ, એ જ સાત્વિક ધૈર્યનું લક્ષણ છે. તારા બાપુની માંદગી સંબંધી મેં રૂબરૂમાં બધું કહ્યું જ છે. સર્વ ચિંતા અવધૂતને સોંપી કેવળ પ્રભુ ભજન કરવું... (પછી દેશી ઉપાય લખ્યો છે)... બીજું બધું હું જોઈ લઈશ... હું તમારી સાથે જ છું, એમાં જરાએ શંકા ન રાખવી. **સ્થૂલ શરીર ભલે અહીં રહ્યું પણ સૂક્ષ્મ ત્યાં જ છે અને દરેકની યોગ્ય સંભાળ લે છે.** માટે બિલકૂલ ગભરાવું નહીં કે કોઈને ગભરાવા દેવું નહીં. (પાન નં.૧૬૮)

**અવધૂતની સાથે જેણે પાંચ મિનિટ શુદ્ધ ભાવથી ગાળી છે તેને પરમાત્મા કદી વિસરનાર નથી,** બાકી અવધૂત તો પથ્થર છે છતાં તમારી સત્યનિષ્ઠા હશે તો એ પથ્થરમાં દેવત્વ પ્રગટી મહદ્ભયથી તમને તારશે, એમાં જરાય શંકા નથી. (પાન નં.૧૮૦)

શ્રદ્ધા ન હોય તો હું ક્યાંથી આપું ? હું વૈદ્ય કે દાક્તર નથી. મારો ભરોસો એક જ ગુરુમહારાજ પર. એમને એમાં સો ટકા વિશ્વાસ ને શ્રદ્ધા ન હોય તો મારું પામરનું કાંઈએ ચાલે નહીં.

દરિયો ભલેને ફાવે તેટલો તોફાની ને વિફરેલો હોય પણ સુકાન જ્યાં સુધી અનન્ય ભાવે ગુરુમહારાજને હસ્તક સોંપી દીધેલું હોય ત્યાં સુધી એના ભક્તે દેહનાવડીની જરાએ ચિંતા કરવા જેવું નથી. મન પર સહેજ પણ ખિન્નતાનું વાદળ છવાય કે અવધૂતના આનંદનું સ્મરણ જાગ્રત કરવું ને ગુરુમહારાજની અનંત લીલાનો વિચાર કરવો. એ સ્મરણના ટીંપેટીંપામાં અખિલ સંસાર-સિંધુની ખારાશ દૂર કરવાનું સામર્થ્ય નથી શું ?

એટલી વાત યાદ રાખો કે જગતના જડ તેમ જ ચેતનામાં કોઈ પણ પદાર્થનું દિલપૂર્વક સ્મરણ, મનન, ચિંતવન રહેશે તો તે અંત વખતે જીવને બંધનરૂપ થશે, પતન કરશે. માટે જેને જન્મ-મરણના ભયાનક

ચક્રમાંથી બચવું હોય તેને તો એકોહમ- સર્વને શ્રી ભગવાનમાં જ જોવાની ટેવ રાખવી. પોતાના પરમ સુખ માટે જ ભજન કરવાનું છે.

'લઘુતા એ સાધુતાનું મૂળ છે.'

'જે બીજાને માન આપે છે અને પોતે માન પ્રાપ્ત કરવાની વૃત્તિ અંતરમાં રાખતો નથી તેને જગત વણમાગ્યું માન આપે છે.' પૂજ્ય શ્રી

*પ્રવાસી અવધૂત-૨*

એક પ્રશ્ન એવો થયો કે 'મનુષ્યજન્મ પ્રાપ્ત થયા પછી તે શરીરનું મૃત્યુ થાય છે ત્યાર બાદ તે મનુષ્ય તરીકે જ જન્મ પામે કે કેમ ?'

પૂજ્ય શ્રી : 'જન્મનું મૂળ વાસના છે. મનુષ્ય જન્મને યોગ્ય વાસના હોય છે તો તે મનુષ્ય રૂપે જ જન્મે છે અને ત્યાં મનુષ્યનો વિકાસ થાય છે. પરંતુ કેટલીક વાસનાઓ જ એવી હોય છે કે એ તૃપ્ત કરવા માટે મનુષ્ય શરીર જોઈતી યોગ્યતા નથી ધરાવતું. તેથી નિર્તાન્ત પાશવી વૃત્તિના પોષણ માટે પશુજન્મ પણ લેવાનો પ્રસંગ આવે ને એવા દાખલાઓ પણ શાસ્ત્રગ્રંથોમાં મળી આવે છે પણ સામાન્યતઃ ઉત્તરોત્તર વિકાસની ઝંખના કરનારને મનુષ્ય જન્મ જ આવે છે એ સ્વાભાવિક છે. જેમ જેને વાસના રહેતી નથી એટલે કે જેનું ચિત્ત કેવળ પરમાત્મમય બની રહે છે અને અંતકાળે પણ તે જ સ્થિતિમાં મૃત્યુ પામે છે તે જ જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે.'

'માણસ એક યોનિમાં ભોગવી શકતો નથી એટલે અનેક યોનિની (ચોરાશી લાખ) યોજના થયેલી છે.'

પૂ.શ્રી : વાઘના પંજામાં સપડાયેલો શિકાર જેમ છૂટી શકતો નથી તેમ ગુરુના પંજામાંથી પણ કોઈ છૂટી શકતું નથી. એક વખત ગુરુએ જેને પોતાનો બનાવ્યો તેનો બધો જ ભાર ગુરુ પોતે વેંઢારે છે. સમર્થ ગુરુ એક વખત જેનો હાથ પકડે છે તેને જન્મજન્માંતર સુધી



સૂનો મૂકતો નથી. ગુરુ તેની ઐહિક આમુષ્મિક ઉત્કર્ષની કાળજી રાખે છે અને તેથી જ તો **પરબ્રહ્મથી પણ ગુરુને શ્રેષ્ઠ લેખ્યો છે.**

*(પ્રવાસી અવધૂત ભા.૨, પાન. ૧૮)*

પૂ.શ્રીનો રંગ પૂર્વસંચિત હોય તો જ લાગે છે અને એક વખત લાગ્યો પછી જેમ મીરાને શ્રીકૃષ્ણનો રંગ લાગ્યો હતો તેમ એ રંગ ઉખડતો નથી તે નથી જ ઉખડતો. માત્ર રંગ લાગવાની જરૂર છે. માત્ર હાથ લાંબો કરો અને માતા જેમ બાળકને વ્હાલથી પોતાના પડખામાં લેવાને સામે જ ઊભી છે, તેમ પૂજ્યશ્રીનાં એક વખત દર્શન કરો, એનાં એક જ કટાક્ષનો અનુભવ લો અને તમે પૂજ્યશ્રીના થયા એ નિર્વિવાદ ! પછી તો તમે પૂ.શ્રીથી વિખૂટા પડવાની ઇચ્છા કરશો તોય માતા જેમ બાળકને પોતાનાથી વિખૂટા પડવા દેતી નથી તેમ પૂ.શ્રી તમને પોતાનાથી વિખૂટા પડવા દેશે જ નહીં. પૂ.શ્રીના આધ્યાત્મિક પરિવારમાં એમની આધ્યાત્મિક દૃષ્ટિમાં હૃદયમાં સ્થાન મળવું મુશ્કેલ છે એ સ્થાન મેળવવા માટે તમારે પ્રયત્ન કરવો પડતો હશે પણ સ્થાન મળ્યા પછી ? પછી તો તમે પૂ.શ્રીના બન્યા એમ સમજી લો ! તમારા ઉદ્ધારનો-તમારા આધ્યાત્મિક ઉત્કર્ષનો બધોય ભાર એમણે પોતાને શિરે લીધો એમ જ માની લો.

શ્રી ભગવાને ગીતામાં કહ્યું છે, 'તેવાઓના મારામાં જેમનું ચિત્ત પ્રવેશિત થયું છે તેવાઓનો મૃત્યુ સંસાર સાગરમાંથી પાર કરવાને હું ઊભો છું' તેમ તમારા અંતરમાં પૂ.શ્રીને પધરાવો અને પછી તમે નિશ્ચિંત બનો. પછી તો તે જ તમારો યોગક્ષેમ ચલાવશે. તમારો ઐહિક, પરલૌકિક ઉત્કર્ષ સાધવાનો ભાર તેમને જ શિર લેશે.

**પ્રવાસી અવધૂત પૂ. જમિયતરામ કાકા**

•

એક દંપતી તેમના ઘેર તેમના દેવસ્થાનમાં બેસી ખૂબ જ ભાવથી આંતરવિભોર થઈ પૂજ્યશ્રીની ધૂન ગાતા હતા. ધૂન હતી ''રંગ અવધૂત રે રંગ અવધૂત નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત'' દંપતીના અહોભાગ્ય કે આ ધૂન સાંભળી પૂ.શ્રીએ સાક્ષાત્ સદેહે દંપતીને દર્શન દીધા અને કહ્યું 'તમે બંનેવ ઉપર ખૂબ જ ભાવથી હું પ્રસન્ન થયો છું. તમારી યાચના પ્રમાણે તમારાથી એકને આપણા ગુરુધામમાં લઈ જઈશ તો તમે બંનેમાંથી મને કહો મારે કોને લઈ જવા ?'

દંપતી કહે, 'બાપજી આમ કેમ અમે તો બંનેએ આપની ધૂન ગાઈને ભક્તિ કરી છે તો એકને જ કેમ ?'

પૂ.શ્રી કહે, 'તમે બેવ જણાએ ખૂબ જ ભાવથી મને મારો રંગ અવધૂત કહીને બોલાવ્યો છે તો એક જ દેહે હું તમારા બેનો એક જ વખતે કેવી રીતે થઈ શકું ? યાદ કરો શ્રી નૃસિંહ સ્વામીને આઠ જણાએ એક સાથે તકલીફમાં મૂક્યા હતા. બંનેને લઈ જવા માટે મારે મારા બે ભાગ કરવા પડે. જો તમે ઈચ્છતા હો તો હું મારા બે ભાગ કરીને તમને લઈ જાઉં. મારો રંગ અવધૂત કહીને ગાઈને મને તમે એક વચનમાં બાંધ્યો છે તો હું શું કરું તમે જ કહો ? જો તમે 'અમારો રંગ અવધૂત' કહ્યો હોત તો મારે બહુવચનમાં રહી તમારા બંને માટે બે રૂપ ધરવા પડત. દરેક વ્યક્તિ પછી માનવ હોય કે ભગવાન, કુદરતના નિયમોથી બંધાયેલો છે.'

યાદ કરો ભાગવતને ! પહેલો જ શ્લોક 'સચ્ચિદાનંદ રૂપાય વિશ્વોત્પત્યાદિહેતવે તાપત્રયવિનાશાય શ્રી કૃષ્ણાય **વયં** નમઃ' સચ્ચિદાનંદ રૂપેથી, વિશ્વ ઉત્પત્તિ હેતુ, જે ત્રિ તાપોના વિનાશાર્થે, **અમે** શ્રીકૃષ્ણ ભગવાનને વંદીએ છીએ. શ્રી કૃષ્ણ ભગવાનનું ધ્યાન ધરીએ છીએ.

વિચાર કરો ભક્તો, આવી વિનંતીથી જ શ્રી કૃષ્ણ ભગવાન આજે સૌના થઈ શક્યા છે.

પૂ.શ્રીએ બધી જ જગ્યાએ, પ્રભાતિયાં, સ્તુતિ, વંદના, ભજનો કે દોહરામાં **મારું મારું જ છોડવાનું કહ્યું છે.** વળી સમુહમાં બધા મારો મારો કરીને પૂ.શ્રીને મુશ્કેલીમાં મૂકી રહ્યા છે. સમૂહમાં જ્યારે પૂ.શ્રીની ભક્તિ કરતા હોઈએ તો 'સમૂહ'નો જ ભાવ આવે તો જ પૂ.શ્રી પ્રસન્ન થાય. **પરસ્પર દેવો ભવ.**

**(સમૂહમાં ભજન કરતા ઉદ્‌ભવેલી પ્રેરણા)**

**બધાનું કલ્યાણ થાઓ એ ભાવના, પહેલાં પોતાનું જ કલ્યાણ કરે.**



## • ગીતામૃત •

૧. અર્જુન તું શીદને વ્યર્થ ચિંતા કરે છે ?
૨. આત્મા કદી જન્મતો નથી તેમ જ મરતો પણ નથી.
૩. જે થયું તે સારું જ થયું, જે થઈ રહ્યું છે તે પણ સારું જ થઈ રહ્યું છે. જે થશે તે પણ સારા માટે જ થશે. તું જે થઈ ગયું છે તેનો અફસોસ ન કર. ભવિષ્યની ચિંતા મારા ઉપર છોડી દે અને વર્તમાનને અનુસરીને ચાલ તારું કલ્યાણ જ થશે.
૪. તું સાથે શું લાવ્યો હતો ? કે તારે ગુમાવવું પડ્યું.
૫. તેં શું પેદા કર્યું હતું ? કે તેનો નાશ થયો ?
૬. તેં જે મેળવ્યું તે અહીંથી મેળવ્યું અને તે ભગવાન દ્વારા જ મેળવ્યું અને તેને જ તું સોંપ, તું ખાલી હાથે આવ્યો હતો ને ખાલી હાથે જવાનો છે.
૭. જે આજે તારું છે તે કાલે બીજાનું હતું, પરમ દિવસે બીજા કોઈનું થશે.
૮. તું જેને આજ પોતાનું માની આનંદ કરે છે તે જ તારા દુઃખનું કારણ છે.
૯. પરિવર્તન સંસારનો નિયમ છે. જેને તું મૃત્યુ સમજે છે તે જ જીવન છે.
૧૦. એક પળમાં તું કરોડોનો સ્વામી થઈ જાય છે અને બીજી પળમાં તું દરિદ્ર થઈ જાય છે, માટે ''તું મારું કહ્યું માન.''
૧૧. મારું-તારું, નાના-મોટા, ઊંચ-નીચ, આપણું-પરાયું મનમાંથી કાઢી નાખ, પછી જો બધું તારું જ છે.
૧૨. આ શરીર તારું નથી તેમ જ તું શરીરનો નથી. આ શરીર અગ્નિ, જળ, વાયુ, પૃથ્વી અને આકાશથી બન્યું છે અને તેમાં જ મળી જશે.
૧૩. તું પોતાને પૂરી શ્રદ્ધા રાખીને ભગવાનને અર્પણ કર, મોક્ષ મેળવવાનો આ જ ઉત્તમ અને સરળ ઉપાય છે.
૧૪. તું જે કાંઈ કર્મ કરે છે તે ભગવાનને અર્પણ કર અને સંકલ્પોનો ત્યાગ કર. જેથી ભય, ચિંતા, શોક, દુઃખ વિગેરેથી છુટકારો મેળવીશ.
૧૫. હે અર્જુન અહંકારનો ત્યાગ કર, હું અહંકારથી દૂર રહું છું.
૧૬. સંસારમાં મારું ધાર્યું જ થાય છે, મનુષ્યનું ધારેલું કાંઈ પણ થતું નથી.
૧૭. ઈશ્વરના કાયદાનું ઉલ્લંઘન કરનારને ઈશ્વરી સત્તા કદી છોડતી નથી.
૧૮. શુભ કામો કરનાર કદી દુર્ગતિને પામતો નથી.

**-ભગવાન શ્રીકૃષ્ણ**

**પોતાની નિષ્ઠા અને સત્યતા જેટલી હોય તેટલો સંસાર ફળે.**

## (૧)
## ૐ ધ્યાન મંત્ર

## (૨)
## માનસ પૂજન

બીજ દ્રાં શક્તિ હ્રીં ક્લીં છે કીલક વજ શું મહાન ।
ધર્મ અર્થ કામ મોક્ષે વિનિયોગ કહ્યો તિહાં. ॥ ૧ ॥

માળા કમંડલુ લસે કર નીચલામાં
ડમરું ત્રિશૂલ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખ ચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત. ॥ ૨ ॥

એવું ધ્યાન ધરી પ્રિતે વંદી સાત્ત્વિક ભાવથી ।
માનસ પૂજને હેતે રીઝવું ગુરુદેવને. ॥ ૩ ॥

પૃથ્વી તત્ત્વે કરું ટીલું, **લં** બીજે હરખે તિહાં ।
**હં**-બીજે વ્યોમતત્ત્વે ત્યાં અપું પુષ્પો યથામતિ. ॥ ૪ ॥

**યં**-બીજે ધૂપ વાતાત્મા, અગ્ન્યાત્મા દીપ - **રં** વળી
નૈવેદ્યાર્થે અમૃતાત્મા, **વં** - બીજે સાદર કર્યો. ॥ ૫ ॥

સર્વાત્મા **સં** થકી કલ્પ્યા રહ્યા; અન્યોપચાર જે ।
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા. ॥ ૬ ॥

***(શ્રીદત્તરક્ષા સ્તોત્રમાંથી)***

**કોઈ પણ વસ્તુ નિષ્ઠાપૂર્વક કરવામાં આવે તો તે ફળિભૂત થયા વગર રહેતી જ નથી.**



## (૩)
## ૐ
## શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ।
## શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન ।
## સાયં પ્રાર્થના

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ
દ્વંદ્વાતીતં ગગનસદ્દશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ ॥

નમો ગુરુભ્યો ગુરુપાદુકાભ્યો, નમઃ પરેભ્યઃ પરપાદુકાભ્યઃ । ...૧
આચાર્યસિદ્ધેશ્વર-પાદુકાભ્યો, નમોઽસ્તુ લક્ષ્મીપતિપાદુકાભ્યઃ ॥

નમો બ્રહ્માદિભ્યો બ્રહ્મવિદ્યાસંપ્રદાયકર્તૃભ્યો । ...૨
નમો વંશઋષિભ્યો નમો વાસુદેવાનંદેભ્યઃ ॥

આનંદમાનંદકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્ । ...૩
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીસદ્ગુરું નિત્યમહં નમામિ ॥

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્ ...૪
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

જય જય ગુરુ મહારાજ ગુરુ જય જય પરબ્રહ્મ સદ્ગુરુ ...૫

**નાસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિકને મન ઈશ્વર પૂર્ણવિરામ છે.**

## (૪)

## અવધૂતી આનંદ

(રાગ : કાફી; તાલ-દિપચંદી)

મેરો દત્ત દિગંબર એકહિ તારનહાર - ટેક.
ગુરુચરનરજ મેરો તીરથ, એહિ ગંગ અઘહાર[૧] - મેરો૦ ૧
ગુરુકંજપદધ્યાન[૨] સ્નાન મમ, સંધ્યા તર્પણ સાર - મેરો૦ ૨
સ્વાધ્યાય[૩] ગુરુગુણસંકીર્તન, સેવા તપ કલિતાર[૪] - મેરો૦ ૩
રંગ ગુરુ બિન કોઈ ન તેરો, વિષય વિષારી[૫] વિખાર[૬] - મેરો૦ ૪

## (૫)

**ૐ ગુરુ રંગા શ્રી ગુરુ રંગા રુકમાઈનંદન ૐ ૐ**
**રુકમાઈનંદન ૐ ૐ રુકમાઈનંદન ૐ ૐ**

## (૬)

## તારા આધારે

તારા આધારે બેઠો છું રંગા તારી છે મોટી આશ;
તારી આશાએ બેઠેલા બાળને જોજે ન કરતો નિરાશઃ
આજે લાજ મારી જો જાશે, વ્હાલા ! તારી હાંસી થાશે

ડગમગ ડોલતી નાવડી મારી કંઠે આવ્યાં મારા પ્રાણઃ
તારા વિના બીજું કોણ બચાવે...(૨) સોંપ્યું મેં તુજને સુકાન,
નાવ મારી તારો કે મારો, મારે એક આશરો તારો .....૧

દોડ દોડ ઓ ભક્ત કે પ્યારા ! દુભાય તારો બાળ,
**તારા બાનાની પત રાખવાને...(૨) દોડને વ્હેલો દયાળ !**
આજે કેમ વિલંબ કીધો ? ભરૂંસો શીદને કીધો ? .....૨

(૧) પાપ હરણ કરનાર (૨) ગુરુના ચરણ કમળનું ધ્યાન (૩) નિત્ય પાઠ મંત્ર જપ
(૪) (અ) કલિયુગમાં તારનાર (બ) જીવેશ્વરના ઝઘડામાંથી બચાવનાર (૫) ઝેરી (૬) સાપ

**ઈશ્વર એક જ છે, ભક્તો જુદી જુદી રીતે તેને વર્ણવે છે.**



લોકો કહેશે કે જોયો જોયો હવે તારો નારેશ્વરનો નાથ;
દીન બાળકને દુઃખમાં દીઠો... (૨) તોય ન ઝાલ્યો હાથ,
લોકો એમ મ્હેણાં દેશે, વ્હાલા ! હુંથી કેમ સહેવાશે ? .....૩

શ્રદ્ધાને જોરે કહું છું કે મારી અવધૂત રાખશે લાજ
ભક્તને કાજે દોડશે એને...(૨) હૈયે છે દીનની દાઝ,
**બાળક**-આશ પૂરી થાશે, નિંદકોનાં મોં પડી જાશે .....૪

ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ
ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ
ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ
ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ શ્રી રંગા ૐ

## (૭)

## કોઈ કોઈનું નથી રે કોઈ કોઈનું નથી રે

***નાહકના મરે બધા મથી મથી મથીરે...કોઈ...ટેક***

મનના માનેલા કે છે બધા મારા, માનીલે જીવડા તારા કે મારા
સ્વાર્થ વિના પ્રીતિ કોઈ કરતું નથી રે .....કોઈ ૧
આ મારો દીકરોને આ મારો બાપ છે, આ મારી ઘરવાળી
આ મારી માત છે, મુઆની સંગાથે કોઈ જાતું નથી રે .....કોઈ ૨
કંઈક ગયા ને કંઈક જવાના, ના કોઈ રહ્યાને ના કોઈ રહેવાના
ગયા તેના કોઈ સમાચાર નથી રે .....કોઈ ૩
સમજી લે જીવડા ફેરો સુધારને, માનવનો દેહ મળ્યો હરિને સંભાળને
સાચો સંગાથી શ્યામ વિના કોઈ નથી રે .....કોઈ ૪

**જે પ્રભુની કૃપામાં સાચેસાચ વિશ્વાસ મૂકે છે, તેને માટે એ કૃપા અનંત વહેતી રહે છે.**

## (૮)

જૂઠમાં જિંદગી જાય નર જો વહી,
પાણીનું પૂર જ્યમ જાય દરિયે;
દિવસ ને રાત ઋતુકાળ ઝટઝટ વહી,
જાય છે, ચેત નર મૂઢ જરીએ ! - ટેક
શઠતણી સંગતે સંતનિંદા કરી,
સાધુકુથલી કરી મોજ માણે;
દેવ ને ધર્મની ઠેકડી બહુ કરી,
આપને અન્યથી સુજ્ઞ[1] માને ! - જૂઠમાં૦ ૧
દામની દોડમાં કામિની સોડમાં,
નામની નેમમાં જીવન ખોતો;
પરદોષે કરી સૂક્ષ્મદૃષ્ટિ હરી,
આપની[2] એબમાં અંધ થાતો ! - જૂઠમાં૦ ૨
સત્ય મુખ નવ ગમે અનૃતે[3] મન રમે,
ભ્રાન્તિમાં ચિત ભમે દિવસરાતી[4]
પરધન દાર પરની તકાસે અતિ,
દાનમાં નવ ધરે પાઈ રાતી.- જૂઠમાં૦ ૩
દેહને અમર માની રમે વિષયમાં,
દમનને[5] ઢોંગ માની વખોડે;
આપપંથે પળી આત્મહત્યા કરી,
પાપનાં પોટલાં બાંધે કોડે.[6] - જૂઠમાં૦ ૪
આખર આકરી ચેત મન વાઘરી,
કાળ મન લેશ કરુણા ન આવે;
માર મારે અતિ શરણ એક શ્રીપતિ,
**રંગ** વકીલાત નવ અન્ય ફાવે ! - જૂઠમાં૦ ૫

(૧) ડાહ્યો (૨) પોતાની જાતની (૩) અસત્યમાં (૪) રાત (૫) ઇન્દ્રિયનિગ્રહ (૬) હોંસે



## (૯)

બન જા અવધૂતા અવધૂતા, શોકમોહઅતીતા. ટેક.
કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મૂરખ મન રોતા ?
દેહભરોંસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા ? બન૦ ૧
પંચ તત્ત્વકા બના પીંજરા, ભીતર ચેતન તોતા;
આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હસતા. બન- ૨
દૂર દેશ હૈ તેરા પ્યારે, ક્યોં ગાફિલ જગ ફિરતા ?
ઔર ફેંસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હર સ્મરતાં. બન૦ ૩
ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા;
રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા. બન૦ ૪
કામ ક્રોધ સંગત દુર્જનકી, માનામાનઅતીતા;
ચોરી ચાડી નિંદા જારી છોડ, મુડ[1] ભગવંતા. બન૦ ૬
આપ[2] મારકે આતમ પાલે, બન જા હક ઘરકા બંદા;
ફંદ છોડ દે અન્ય ફકીરા, **રંગ** ધૂલકા ધંધા ! બન૦ ૬

## (૧૦)

(રાહ - સારંગા; તાલ - દીપચંદી)

ગુરુ ગુરુ કરતાં આ જાઓ મારા પ્રાણ (૨);
જાઓ મારા પ્રાણ દત્તા (૨), માગું એ દે દાન ! - ટેક.
અંતરને હુજડે[3] તે ધરૂં તારાં ધ્યાન (૨);
ધરૂં તારાં ધ્યાન દત્તા (૨); ગાઉં મુખે ગાન ! - ગુરુ૦ ૧
શિરની સારંગી વાગે નસ તંતુ જાણ (૨);
શ્વાસા ગજ હાલે સોહં (૨), અનહદ ગાન ! - ગુરુ૦ ૨
ચંદા સૂર ડોલે, ડોલે વૃક્ષ ને પાષાણ (૨);
નીર ડોલે ગિર ડોલે (૨), ડોલે ગોપી કા'ન ! - ગુરુ૦ ૩
ગાય કોણ સૂણે કોણ ? મારે કો ત્યાં તાન (૨);
**રંગ** એક દૂજો નાહીં (૨), નહીં દ્વૈતભાન ! - ગુરુ૦ ૪

(૧) ભગવાન તરફ પાછો વળ (૨) અહંકાર (૩) ઓરડામાં

## (૧૧)

મનુવા, હરિ ભજના, હરિ ભજના, કૂડકપટ સબ ત્યજના. - ટેક.
ક્ષણભંગુર યહ દેહ સમજ કર, દેહી[1] મનમેં લાના;
ઘર ઘર જાકે અલખ[2] જગાના; કૂકર[3] ભૂત ભગાના. - મનુવા- ૧
સબસે હિલમિલ જગમેં રહના, મનકા સંગ છુડાના;
'મૈં-મેરા' યહ દ્વૈત ભુલાના, અદ્વૈતાતમ ધ્યાના. - મનુવા૦ ૨
ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના;
શીતલ વચનામૃતધારાસે, દુઃખિયન દુઃખ મિટાના. - મનુવા૦ ૩
મર કે અમૃત હોના સાંઈ, જીવત્ સમાધિ લેના;
અનહદ બંસી મધુર બજાના, અનલહક્ક મુખ ગાના ! - મનુવા૦ ૪
અહં જલાકે ભસ્મી ધરના, જમઘર અડંગ લગાના !
ત્રિગુણભેદ ત્રિશૂલ પકડકે રંગાગમન[4] મિટાના !! - મનુવા૦ ૫

## (૧૨)

**(રાગ - યમન કલ્યાણ, તાલ - કહેરવા)**

**(ગઝલની રાહ)**

દિગંબર દત્ત યોગીશા, મળો ના બીજી ઉર આશા;
જજો સ્મરતાં તને શ્વાસા, વિનંતી એજ મારી છે. - ટેક.
હજો ઘર મ્હેલ વા ઝુંપડી, ભલે મેદાન વન રૂખડી;[5]
ત્યજું આ દેહ પદ પકડી, વિનંતી એજ મારી છે. ૧
સદા સત્ ચિત્ આનંદ, સ્મરૂં મન માંહ્ય ગોવિંદ;
રહો ના અન્ય ઉર છંદ, વિનંતી એજ મારી છે. ૨
મળો ખાવા ન વા આખર[6] ન ભૂલું કો દિ', દિગંબર;
ન માગું અન્ય કાંઈ વર, વિનંતી એજ મારી છે. ૩
ભલે છાટી કે લંગોટી, મળો ના ભસ્મની ગોટી;

(૧) આત્મા (૨) પરમાત્માના અનિર્દેશ્ય સ્વરૂપનો બોધ કરવો (૩) નાસ્તિકતા (૪) આવાગમન (૫) ઝાડવું (૬) છતાં, છેલ્લે, ભલે પણ

**ઈશ્વરનું સ્મરણ સર્વ રોગોની એક માત્ર મહાન દવા છે.**



ન દોલત કીર્તિ એ ખોટી, વિનંતી એજ મારી છે. ૪
ચિતા ભળભળ બળે જ્યારે' વિલોકું જ્યોતિ તુજ ત્યારે;
ડરું ના કોઈ દિન કાળે, વિનંતી એજ મારી છે. ૫
રહી લક્ષ્યે સદા તન્મય, રટું તુજ નામ અમૃતમય;
ફરું નિર્ભય બની ત્વન્મય, વિનંતી એજ મારી છે. ૬
પડ્યો આવી શરણ તારે, ન ખોવાનું કંઈ મારે;
ભલે મારે કે તું તારે, વિનંતી એજ મારી છે. ૭
સગાં વહાલાં કુટુંબીઓ, સુહૃન્મિત્રો કે શત્રુઓ;
રહો ના ભેદ તલ આવો, વિનંતી એજ મારી છે. ૮
સહુ રંગે તને દેખું, ચિદંબર રંગ આલેખું;
મળે ના **રંગ** જ્યાં એકુ ! વિનંતી એજ મારી છે. ૯

## (૧૩)

**(રાગ - ભીમપલાસ; તાલ - કહેરવા)**

જેને જ્ઞાન નિરામય[1] બૂટી જડી, તેને પરમારથની સૂઝ પડી. ટેક.
ટીલાં-ટપકાં કરી જન્મ ગયો, તૂટી માળા, ના અર્થ સર્યો;
હરિનામ ગ્રહી ચરી જો વિસર્યો, સાધનમાં તેના ભૂલ નડી !! - જેને૦ ૧
મ્હેલાતો કીધી ખડી મોટી, ખાધી બોળી ઘીમાં રોટી;
પરદ્રવ્ય તકાસે પરબેટી, જીવનમાં તેના ધૂળ પડી !! - જેને૦ ૨
વીત્યું યૌવન ખૂટી શક્તિ; વિણભાવ કરી લૂખી ભક્તિ;
તૂટી ના જો દેહાસક્તિ આખર તેને પરિતાપ-ઘડી !! - જેને૦ ૩
જગવી ધૂણી ધૂપાદિ કર્યા, દિવડા અંતરના ના પ્રજળ્યા;
ક્રોધદ્વેષાદિક જો ન ગળ્યા, ગબડ્યા અધવચ તૂટી તંગડી !! - જેને૦ ૪
મનના અભિલાષ રહ્યા મનમાં, હાર્યા બાજી ભટક્યા વનમાં;
ચેત્યા વેળાસર ના ક્ષણમાં, ભૂતાવળ રંગ પછાડી પડી !! - જેને૦ ૫

(૧) નિર્દોષ, રોગ ન થાય એવી

**સાચી ખુશી આપવામાં છે, લેવા તથા માંગવામાં નથી.**

## (૧૪)

**(રાગ - સારંગ; તાલ - કહેરવા)**

આવો હરિજન હેતે રામને સંભારો !
રામને સંભારો, હેતે હરિને સંભારો ! - ટેક.
વિષયમાં નથી મઝા, અંતે યમ કરે સજા;
જાશો મરી સાજાતાજા ! રામને સંભારો !! - આવો૦ ૧
દુનિયાનો ખેલ કાચો, ક્ષણભંગુર નહીં સાચો;
રાચો હરિપદે નાચો ! રામને સંભારો !! - આવો૦ ૨
મનના સંકલ્પો રોકી, મારું તારું કોરે મૂકી;
વૃત્તિ સ્વરૂપે રાખી, રામને સંભારો !! - આવો૦ ૩
ભાવે ભજો ભવભંગા, એક અનેકે **રંગા;**
છોડી દુરિજન - સંગા, રામને સંભારો !! - આવો૦ ૪

## (૧૫)

દુનિયા આ મનનું મટકું રે, પામર પ્રાણી !
નિદ્રાનું મોહક સ્વપ્નું રે, પામર પ્રાણી ! - ટેક.
મેં મેં[1] કરતો હા ચાલ્યો, મૂરખ મેંઢો જો કેવો !
તારે પણ એક દિન જાવું રે, - પામર૦ ૧
આવ્યો તું ક્યાંથી જીવડા ? જાવું કે પંથ તિહારે ?
ભૂલ્યો હા અધવચ વાટે રે ! - પામર૦ ૨
મૃગજળ દેખી હરખાયો, દોડીને મૃગ પસ્તાયો;
પાણીનું બુંદ ન પાયો રે ! - પામર૦ ૩
એકે કરી[2] ભૃંગ[3] હણાયો, મૃગ મીન[4] પતંગ ઝલાયો;
પાંચે સુખસમણું શાનું રે ? - પામર૦ ૪

---

(૧) મારું મારું-બકરાનું બોલવું (૨) હાથી (૩) ભમરો (૪) માછલું

---

**દુન્યવી ચીજોમાં સુખ શોધવું નકામું છે. ખુશીનો ખજાનો તો તમારી અંદર જ પડેલો છે.**



આકાશકુસુમની માળા, પહેરી વંધ્યાસુત વે'વા;
મ્હાલ્યો જઈ મનને ઘોડે રે ! - પામર૦ ૫
સંધ્યાના રંગ જેવા, સુખદુઃખ સંસારી તેવાં;
ભાવે ભજ હરિહર **રંગા** રે ! - પામર૦ ૬

## (૧૬)

**(રાગ - મિશ્ર ખમાજ; તાલ - કહેરવા)**

**(ક્યાંથી આ સંભળાય - એ રાહ)**

જે જાયું તે જાય, જગતમાં, જે જાયું તે જાય;
ફૂલ્યું તે કરમાય, જગતમાં, જે જાયું તે જાય - ટેક.
ઉદય થયો રવિ પ્રાતઃકાળે, જનમન સહુ હરખાય;
અસ્ત થતાં નભ માંહી નિશાએ, તિમિર ઘોર છવાય ! - જે૦ ૧
ચૌદ ચોકડી રાજ દશાનન,[1] સુરવર સેવા માંહ્ય,
કાળ કોપતાં રીંછ માંકડાં-હાથ, હાય રગડાય !! - જે૦ ૨
હિરણ્યકશિપુ શિવવરદાને, અમર કરે નિજ કાય;
સ્તંભ ફાટતાં થરથર કંપે, ધૂળ ચાટતો થાય !! - જે૦ ૩
વર્ષાકાળે વારિ ઉછળે, નહેર નદી ઉભરાય;
જોતજોતામાં વારિપૂર એ, કો જાણે ક્યાં જાય !! - જે૦ ૪
કુસુમાકર[2] ખીલ્યો સુમ[3] શોભે, દિવ્ય સૂર સંભળાય;
એક દિન જૂનાં ઠૂંઠાં દેખી, અંતર અતિ ગભરાય !! - જે૦ ૫
ધનજોબનઅભિમાન નકામો, કાળ સર્વને ખાય;
રાય રંક સુરનરમુનિ કિન્નર, કોથી નવ છટકાય ! - જે૦ ૬
રંગ જ્ઞાન વિણ મોત ટળે ના, નિર્ભય કેમ થવાય ?
મોહમૃત્યુ[4] એ સૂત્ર સનાતન, અનુભવથી જ તરાય ! - જે૦ ૭

---

(૧) રાવણ (૨) વસંતઋતુ (૩) ફૂલ (૪) આત્મસ્વરૂપનું વિસ્મરણ

---

**પ્રસન્નતા બધા જ સદ્‌ગુણોની માતા છે.**

## (૧૭)

### (રાગ - ભૈરવ; તાલ - ત્રિતાલ)

હમારા અસ્થાન મરઘટઘાટ - ટેક.
મડાં જલે જહાં દિનરૈનાં સબ, પ્રેમઅગનમસ્તાન ! - હમારા૦ ૧
ખુદીપતિકા[1] પ્રેત જલાકર, દુઈ[2] સતી ભઈ નાર ! - હમારા૦ ૨
દુઃખ દુગ્ધા સબ રોને લાગે, માતપિતા અવસાન[3] ! - હમારા૦ ૩
પંચભૂતકા નાચ તમાસા, પચીસ દેખનહાર ! - હમારા૦ ૪
[4]વાસનકૂતરભસન લગે તબ, ભાગે શ્યાળ[5] તમ[6] સાથ ! - હમારા૦ ૫
રંગરંગકા ધૂમ ધડાકા, દેખત **રંગ** નિવાત[7] ! - હમારા૦ ૬

## (૧૮)

### (સહિયર આવો રે - એ રાહ)

આખર ખોટી રે, માનવી, ભજી લે જગકરતાર,
કરુણા નાવે[8] રે, જમને, મારે અતિશે માર. - આખર૦ ૧
ધન સુત દારા રે, બંગલા, રહે સહુ ત્યાંનું ત્યાંય,
જાવું એકલ રે, જીવડા, બેલી કોઉ ન થાય. - આખર૦ ૨
સગપણ સાચું રે, સંતનું જેથી સુધરે કાજ;
ભાન સ્વરૂપનું થાય જો, જીવતાં કરી લે રાજ - આખર૦ ૩
દેહ ધરીને રે, ના ભજયા, પ્રીતમ પ્રાણાધાર;
અંત અંધારું રે, પ્રાણિયા, ચોદિશ કાં ભટકાય ? - આખર૦ ૪
પોથાં થોથાં રે, પંડિતો, કામ ન આવે લગાર;
ભણતર ખોટું રે, માટીનું, માને મોટું ગમાર. - આખર૦ ૫
હું હું કરતો રે, કાં ભમે ? હુંનું મૂળ વિચાર;
શબ્દાતીત રે, શામળિયો, શાસ્ત્રો નાવે પાર - આખર૦ ૬
લક્ષ લહીને રે, જે રહે સમજે સઘળો સાર;
સદ્ગુરુ સાને રે, જે ગ્રહે, જામે **રંગ** અપાર - આખર૦ ૭

(૧) અહંકારરૂપી પતિ (૨) દ્વૈત (૩) મોત (૪) વિષયવાસનારૂપી કૂતરાં (૫) અનાત્માકાર વૃત્તિઓરૂપી શિયાળ (૬) અજ્ઞાનરૂપી અંધકાર (૭) નિર્ભયતાથી, નિર્વિકારપણે (૮) ન આવે

**આનંદ એ દૈવી ઔષધ છે. દરેકે તેમાં સ્નાન કરવું જોઈએ.**



## (૧૯)

હરિગુણ ગાઓ રે, પ્રીતથી, થાશે બેડો પાર;
નહિ તો રોશો રે, આખરે, પડશે જમનો માર. - હરિ૦ ૧
ચાર દિવસનું રે, ચાંદરણું, ધન જોબન અધિકાર;
મૂળ વિચારો રે, મૂળથી, નાહક થાશો ખ્વાર. - હરિ૦ ૨
પોથાં મૂકી રે, પંડિતો, કરો પંડવિચાર;
અક્ષર આઘો રે, એ વસે, ખોલો અંતરદ્વાર. - હરિ૦ ૩
ચરણ તળાંસો રે, સંતનાં, દેશે સાને જ્ઞાન;
આપ ભૂલાતાં રે, આત્મનાં, થાશે હૃદયે ભાન. - હરિ૦ ૪
રામા[1] મૂકી રે, રામનું, લેવું નિશદિન નામ;
અક્ષર ફોડી રે, અંતરે જોવું અક્ષર[2] ધામ. - હરિ૦ ૫
નિશ્ચય-નાવે રે, જો ચઢે, શ્રદ્ધાશઢ ફેલાય;
સુરતસુકાને રે, કોક દિ, ભવસાગર તરાય. - હરિ૦ ૬
દેહ ભૂલીને રે, દેવને; ભજતાં દેવ થવાય;
દેહે દેવ રે દેખતાં; આપ વિદેહી થાય. - હરિ૦ ૭
ગુણગુણ કરતાં રે, ભૃંગ જો, થાય અગુણ અવાક્;
પર રસ પેખી રે, ત્યાં ઠરે, ભૂલે સઘળો થાક. - હરિ૦ ૮
જાગ્તે જાણે રે, જોગીઓ, વિરલો પામે પાર;
અંદર ભાળે રે, આપથી, જામે **રંગ** અપાર. - હરિ૦ ૯

## (૨૦)

'પ્રભુનો મારગ છે, શૂરાનો કાયરનું નહિ કામ;'
દેખી ભાગે રે, ભીરુઓ,[3] અધવચ હારે હામ.[4] - પ્રભુ૦ ૧
ભક્તિ ભભૂકે રે, અંતરે, ભવભીતિ સહુ જાય;
અર્ક ઉદેતાં રે, અંતમાં, તમ તે કયમ દેખાય ? - પ્રભુ૦ ૨
મસ્તક મૂકી રે, માનવી, લેવું હરિનું નામ;
સ્વાંગ[5] સતીનો રે, જે સજે, ત્યજે જીવનના કામ[6] - પ્રભુ૦ ૩

(૧) સ્ત્રી-સ્ત્રીચિંતન ત્યાજ્ય છે (૨) પરમાત્માનું અવિનાશી સ્વરૂપ (૩) કાયર માણસો (૪) હિંમત (૫) પોષાક, શણગાર (૬) જીવ બચાવવાની ક્ષુદ્ર ઈચ્છા

**પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે અને અપ્રસન્નતા જ રોગ છે.**

ડગલે ડગલે રે, ડુંગરા, ચઢવા મેરુપ્રાય;[1]
કંટક શૂળો રે, દેહમાં, ક્ષણ ક્ષણ ત્યાં ભોંકાય ! - પ્રભુ૦ ૪
ભૂત ભમે છે રે, ચોદિશે, ડાકુ ચોર અપાર;
વનવગડાની રે, વાટડી, વનચર ખાવા ધાય ! - પ્રભુ૦ ૫
પાણી મૂક્યું રે, કુલશીલે, છોડી લાજ ને માઝ;
નાચું ઉમંગે રે, માંડવે, પહેરી અમૃત-તાજ !! - પ્રભુ૦ ૬
દુર્જન દાઝે રે, દેખતાં, કરડે પોચાં હામ;
અંત બળીને રે, થાકતાં, છેડે આડી વાત ! - પ્રભુ૦ ૭
અવળી વાતે રે, ના મૂકે, વીર ટેક લવમાત્ર;[2]
તૃણ નવ ભક્ષે રે, કેસરી, ભલે ટૂટતાં ગાત્ર. - પ્રભુ૦ ૮
નિશ્ચય-નાવે રે, જે ચઢે, થાએ બેડો પાર;
અધવધરાનું રે, ના ચલે, ઉભયભ્રષ્ટ થઈ જાય. - પ્રભુ૦ ૯
કુલટાશાપે રે, ના તજે, પ્રમદા પતિનો સાથ;
જ્યોતિ જાગે રે, પ્રેમની, બાળે પાપસંઘાત.[3] - પ્રભુ૦ ૧૦
આ પરાયું રે, જ્યાં શમે, ઝેરવેરની જાત;
વાતો ટાઢી રે, કાલની, અર્કે[4] ક્યાંથી રાત ? - પ્રભુ૦ ૧૧
તેજ તેજ રે, એકરસે, દુઃખ અંધારું જાય;
જેને વીતે રે, તે જ લહે, **રંગ** કેમ શું થાય !! - પ્રભુ૦ ૧૨

**(૨૧)**

હરિજન આવો રે, હેતથી, ધરીએ હરિનું ધ્યાન;
ગુણીજન ગાઓ રે, પ્રીતથી, હરિજશ નિર્મળ ગાન. - હરિ૦ ૧
ચાર દિવસનું રે, ચાંદણું, જીવન ક્ષણભંગુર;
વીજળી ઝબૂકે રે, આભમાં, જોબન વારિપૂર. - હરિ૦ ૨
ધનપદ માટી રે, માનવી, ખરતાં ન લાગે વાર;
ક્ષણ ક્ષણ ભક્ષે રે, જીંદગી, ઓથે રહીને કાળ. - હરિ૦ ૩

(૧) મોટા મેરુ પહાડ જેવા (૨) જરાએ (૩) પાપ સમૂહ (૪) સૂર્યમાં

**ચિંતા જીવનનો શત્રુ છે.**



મનની મનમાં રે, રહી જશે, જીવતાં ન જાણ્યા મહેશ;
આખર અંધારું રે, થઈ જશે, કાળ ઝાલશે કેશ. - હરિ૦ ૪
ભજન કરી લે રે, ભાવથી, જ્યાં લગી શ્વાસોચ્છશ્વાસ;
જીવ મુસાફર રે, જગતમાં, આખર કોઉ ન પાસ ! - હરિ૦ ૫
કર્મ સંગાતે રે, જીવડા, જાવું જમદરબાર;
લાડી વાડી રે, ગાડીઓ, કામ ન આવે લગાર. - હરિ૦ ૬
જીવતાં જાણી લે, તે તરે, બીજા ખત્તા ખાય;
મરણસમોએ રે, માનવી, દુષ્કૃત ખાવા ધાય. - હરિ૦ ૭
સંતસમાગમ રે, જો કરે, સૂઝે સવળો પંથ;
કર્માતીત રે, તો લહે, લક્ષે આવે કંથ. - હરિ૦ ૮
વ્રત જપ તીરથ રે, તે સમે, કોઉ ન ઝાલે બાંહ્ય;
કાયા ધોઈ રે, અમૃતે, અંતર્મેલ ક્યમ જાય ? - હરિ૦ ૯
જ્ઞાનસરિતા રે, નિર્મલા, સ્નાને મુક્તિ થાય;
શમદમઘાટે રે, જો ચઢે, **રંગ** નાથ દરસાય. - હરિ૦ ૧૦

**(૨૨)**

**(નર તું શીદને ચિંતા કરે - એ રાહ)**

**(રાગ - મિશ્ર દરબારી; તાલ - કહેરવા)**

સૂતો શું તાણીને સોડ ? આખર ઊડશે સઘળા કોડ ! - ટેક.
ભાવ થકી ભગવાન ભજ્યા ના, ભોજનભક્તિ કીધી;
દેહ-દેવ પૂજ્યા બહુ કોડે, ભ્રાંતિ-શુક્તિ[1] કર લીધી. - સૂતો૦ ૧
'યદ્દૃષ્ટં તન્નષ્ટં' શ્રુતિનો ના સૂણ્યો ટંકાર;
અહંકાર આડે ઊભો જ્યાં આખર પડશે માર. - સૂતો૦ ૨
પાંચ કોટની અંદર ઓપે, આત્મરાજદરબાર,
ચૌદ માળની ઉપર બેઠો; શૂન્યતણો સરદાર ! - સૂતો૦ ૩

(૧) છીપોલી

**ચિંતા સમાન બીજું કોઈ શરીરને શોષનારું નથી.**

વચમાં ગહરાં[1] પાણી, જળચર ફાડી ખાવા ધાય,
તારો[2] અંદર અતિ ગભરાએ, આન ગતિ શી થાય ? - સૂતો૦ ૪
બૂડતાની બાંહે વળગીને, બૂડે મૂઢ ગમાર;
ભેદુ મરમી પાર ઉતારે, પલક ન લાગે વાર. - સૂતો૦ ૫
નીતિનાવડે ચઢજે પ્રાણી, સદ્‌ગુરુ નાવિક[3] સાર;
પ્રેમભરતીમાં વહેતું મૂકી, થા **રંગ** ભવપાર !! - સૂતો૦ ૬

## (૨૩)

ધાર્યું ધરણીધરનું થાય; મૂરખ, કાં મન તું પસ્તાય ? - ટેક.
એક શ્વાસથી જગ નિપજાવે, અંતે સહુ લય થાય;
અણુ રેણુમાં[4] વ્યાપી સઘળે, સચ્ચિત્સુખ સોહાય. - ધાર્યું૦ ૧
ચંદા સૂરજ પહેરો ભરતા, રાતદિવસ નિર્માન;[5]
ધરતીમાતા દૂઝે વિધવિધ, ઋતુકાળસમ જાણ. - ધાર્યું૦ ૨
મેઘ વરસતો અમૃતવૃષ્ટિ, ચાતક મન હરખાય;
સ્વાતીઋક્ષે[6] મોતી પાકે, કામ અનેરાં થાય - ધાર્યું૦ ૩
ધાર્યું થાએ તુજથી જીવડા, કાં ન કરે તું રાજ ?
અભિમાન રાખી મૂરખ મન, કાં વણસાડે કાજ ? - ધાર્યું૦ ૪
એક સળી ના ઊડે તુજથી, વૃથા કરે ગુમાન;
શરણ ગહે[7] સાહેબનું મનથી, તો દુઃખ થાશે હાન[8] - ધાર્યું૦ ૫
તુજને તુજનો પંડ પ્રાણિયા, એ સહુ જગનો બાપ;
અકળ કળા કર્તાની; કાઢે કોણ એહનું માપ ? - ધાર્યું૦ ૬
યોગ્ય સમે સહુ આવી મળતું, જેહ જેહને ભાગ;
વણમાગ્યે દુઃખ સુખ પણ પામે, હંસ મોતી વિટ[9] કાગ - ધાર્યું૦ ૭
દેહભરોંસો છોડી પ્રાણી, દેવભરોંસો રાખ;
અવિચળ આતમઓળખ હૈડે, **રંગ** અમીરસ ચાખ ! - ધાર્યું૦ ૮

(૧) ઊંડા (૨) સારો તરનાર (૩) ખલાસી (૪) રજકણ (૫) નિરભિમાન (૬) સ્વાતી નક્ષત્રમાં (૭) ગ્રહે, પકડે (૮) નષ્ટ (૯) વિષ્ટા



## (૨૪)

મન મરજીવા[1] ! છે મોતી અમૂલખ એક અંતર - સાગરે;
એ રસ પીવા, ગહ સદ્‌ગુરુની બાંહ્ય આ ભવસાગરે. - ટેક.
જ્યાં આપતણું બળ નવ ચાલે; એ વિણ પત્તું તૃણ નવ હાલે;
આખર જમ કેશ સહી ઝાલે ! - મન મરજીવા૦ ૧
ગુરુજ્ઞાનઘટા ગહરી છાઈ, આંધી[2] અજ્ઞાનતણી ધાઈ;
ધર્મામૃતમેઘઝડી આઈ. - મન મરજીવા૦ ૨
મન-છીપ મહીં બિંદુ પડીયું, સત્ત્વામૃત સ્વાતિ જઈ ઠરીયું;
પાણી અમુલખ ત્યાં તો ચઢીયું ! - મન મરજીવા૦ ૩
સહુ દ્વાર જુક્તિથી બંધ કરી, દશમે જઈ પ્રાણ વસેજ ઠરી;
મારે ડૂબકી હરિનામ સ્મરી ! - મન મરજીવા૦ ૪
ત્યાં કાયરનું નવ કામ જરી; નુગરા જાએ ક્ષણમાં જ મરી;
કોઈ એક કરોડે જાય તરી !! - મન મરજીવા૦ ૫
તનુ વર્મ[3] શીલનું દૃઢ ધરી, ઊર્મિની[4] હેઠે જાય ફરી;
દેખે એ મુક્તા[5] **રંગ** હરિ ! - મન મરજીવા૦ ૬

## (૨૫)

ઘરની ઘરની ઘરની રે, મૂળ શોધ કરો અસલી ઘરની. - ટેક.
સ્વપ્નાની માયા સઘળે વિસ્તારી, જૂઠીબાજી બાજીગરની રે. મૂ૦ ૧
ચૌદ બ્રહ્માંડની વાતો કરે પણ, ખબર નહિ નિજ ઘરની રે. મૂ૦ ૨
જો જો આંગણીયે ઐરાવત બાંધ્યો, કરે પંચાત કાં ખરની[6] રે. મૂ૦ ૩
રાજાની રાણી ભીખ રહે કાં ? તું તો રાણી વિશ્વંભરની રે. મૂ૦ ૪
જ્યાં દેખે ત્યાં રાજ તિહારું, વાત પછી ક્યાં **રંગ** ડરની રે. મૂ૦ ૫

(૧) જીવને જોખમે મોતી કાઢનાર (૨) ધૂમસ (૩) બખ્તર (૪) પાણીના મોજાં, મનનાં સંકલ્પ વિકલ્પાત્મક તરંગો (૫) મોતી (૬) ગધેડો

## (૨૬)

### (વૈષ્ણવ જન તો તેને કહીએ - એ રાગ)

### (રાગ - ઝીંઝોટી, તાલ - કહેરવા)

નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે;
સૂરજનું અજવાળું થાતાં, ઝટ અંધારું નાસે રે. - ટેક.
ખટરસ સેવી ખટને પોષે અંતે રડી રડી મરતા રે;
ભજનસુધારસ આનંદ આપે, સહુ દુઃખ એ છે હરતા રે. - ના૦ ૧
સંતમહંતનું જીવન એ છે, દુખિયાનો વિસામો રે;
ભવરોગીનું ઓસડ મોંઘું, કિમીયો કીમતી જાણો રે. - ના૦ ૨
જે પીએ તે ફરી નવ આવે, બીજું કંઈ નવ ભાવે રે;
દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે નવ આવે રે. - ના૦ ૩
શોક મોહ સંતાઈ જાતાં, આનંદ અર્ણવ રેલે રે;
આપ મહીં સમરસ થઈ સાધુ, આપ વિષે નિત ખેલે રે. - ના૦ ૪
એ લજ્જત સનકાદિક જાણે, જાણે નારદ જોગી રે;
શુક ઉદ્ધવ તુંબર ઋષિ જાણે, શિવ કૈલાસે ભોગી રે. - ના૦ ૫
વ્રજવનિતા[1] વર[2] રસ એ જાણે, રસવંતી[3] કો જોગણ રે;
**રંગ** અભાગી મટકાં મારે, દ્વારે પ્રભુ તુજ માગણ રે ! - ના૦ ૬

## (૨૭)

### (રાગ - ઝિંઝોટી; તાલ - દીપચંદી)

અવિવેકે ભરિયું રે, જગ બધું ઊંધું જુએ;
નથી તેને માની રે, સ્વાધીન હાથે ખુએ ! - ટેક.
સુરાસુર નર કિન્નર સર્વે, આશ મહીં અથડાય;
સ્ત્રીપુત્રાદિક સ્નેહે તણાઈ, હાથે કરી બંધાય,
જોવા છતાં અંધા રે, પડે જઈ ઊંડે કૂવે ! - અવિવેકે૦ ૧

(૧) ગોપીઓ (૨) શ્રેષ્ઠ (૩) પ્રભુપ્રેમમાં મસ્ત



હું-તું પણું ના જેને જરીએ, તેને માની મોહે તેમ;
છોડી સુધા જઈ છાણને ચૂંથે, ઇચ્છે અમૃત એમ;
તૃષ્ણા નવ છૂટે રે, પછડાતાં છાનું રુએ ! - અવિવેકે૦ ૨
સર્વ જગતનાં સ્ત્રીધનપશુઓ મળે એકને જાણ,
તોએ તૃપ્તિ ન પામે કદીએ સ્વપ્નસુખે એ માન,
તૃષ્ણાત્યાગે શૂન્યે રે, અઢળક લક્ષ્મી જુએ ! - અવિવેકે૦ ૩
સ્વાત્મસુખ એ સ્વાધીન છોડી, બાહ્યસુખે ભમે જેહ;
કલ્પો સુધી અજ્ઞાને અથડાએ, છૂટે ન તોએ તેહ;
કોલસા તે કાળા રે, કેમ થાએ ધોળા ધૂએ ? - અવિવેકે૦ ૪
મૂકે યુક્તિથી જ્ઞાનચિનગારી, શોધ્યો જડે ના ડાઘ,
થતાં કૃપા ગુરુદેવની, વનમાં ઘેટું મારે વાઘ,
**રંગ** એક જ ભરિયો રે, દેખે નર જીવતાં મૂએ ! - અવિવેકે૦ ૫

## (૨૮)

### (રાગ - ગઝલ; તાલ - કહેરવા)

ના દોસ્ત દુશ્મન કોઈ હમારા, હમ સદા નિઃસંગી હૈ,
સચ્ચિદાનંદ હમ હી પ્યારે, બ્રહ્મ કેવલ હમ હી હૈ. - ૧
સાતવેં આસ્માન પર હૈ, તખ્ત નિર્ગુણ હમહીકા;
બિન તાર તંબૂર ૐ બજાકે, હમ હમહીમેં મસ્ત હૈ. - ૨
ના રાત હૈ ના દિન હૈ, હરદમ હૈ નિરંજન રોશની;
ના શોક હૈ ના મોહ હૈ, હૈ શાન્તિ એક સનાતની. - ૩
હિન્દુ મુસલમીન પારસી ખ્રિસ્તી કહો તો હમ હી હૈં,
ના નાત હૈ ના જાત હૈ, ના બાત હૈ, વહાં હમ હી હૈં. - ૪
ના જન્મ હૈ ના મૃત્યુ હૈ, ના બંધ હૈ ના મોક્ષ હૈ,
જો હૈ સો હમ હૈં ના જુદા હૈ, આદમ ખુદાકી જાત હૈં. - ૫
જૂઠે જહાંકે **રંગ** હૈં, ના મૈં ન તૂ, સબ હૈં ફના,
હૈ જ્યોં કા ત્યોં સોહં સદા, ના એક મિટ દુસરા બના ! - ૬

## (૨૯)

(રાગ - ગઝલ; તાલ - દાદરા)

તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે,
મળ્યા વચ્ચે પડ્યા છૂટા, નદીના કાષ્ટસમ પૂરે ! - ૧
રમ્યા કંઈ દિન ભલે ભેગા, બધી એ સ્થૂળની લીલા;
પળ્યા પંથે વિવિધ તોએ, બધા છે બ્રહ્મના ચીલા ! - ૨
ઉતારી સ્થૂળના વાઘા, મળીશું કો દિ એકાંતે;
હસીશું રાચી અન્યોન્યે, નિહાળી ફૂલ દગ્-દ્વૈતે !! - ૩
બરફ-ટૂકડો વહ્યો જળમાં, જનારાને જૂદો ભાસે;
કઠણ મૃદુ-ભેદ દૃષ્ટિમાં, વિચારે ભિન્નતા નાસે ! - ૪
પરસ્પર શા બખેડા આ, અહં-ની ગર્જના ઘેલી !
અહં-ત્વં-થી નિરાળી છે, સનાતન સ્વાત્મની કેડી ! - ૫
બધા મન-દૃષ્ટિ-ના વાંધા, અનંતે સાન્તતા ન્હોયે;
દિસે તે ના તથા અંતે, ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે ! - ૬
મળે માટી મહીં માટી, ચિતે ચૈતન્ય ના જૂદું !
વિલોકી ઐક્ય સદ્-**રંગે** રમે અવધૂત એકાદું ! - ૭
દિસે કીકી મહીં કાળું, ન તોએ એહ અંધારૂં,
જુઓ નીલું બધે તોએ, સદા છે વ્યોમ એ ન્યારૂં ! - ૮
રહો હરદમ હકીકીમાં, મિજાઝી મોત બહુરંગી !
સખુન છેલ્લો, ન બસ આગળ ! રહેવું મૌન એકાંગી ! - ૯

## (૩૦)

**(મનજી મુસાફર રે... એ રાગ)**

**(રાગ-ધાની; તાલ - કહેરવા)**

સમજ મન મારા રે, જાવું એક દિન વહી;
સૂનાં મંદિર મેડી રે, સોવું જંગલમાં સહી ! - ટેક.
હું હું કરતા તો ચાલ્યા ગયા ને, તારે પણ જાવું એક દન;
મારું મારું કરી કેમ મરે છે ? તારું નહિ તુજ તન !
ભૂલીને ભટક્યો રે, જાશે જમ કેશ ગ્રહી !! - સ૦ ૧
ચરક[1] સુશ્રુત ચાલ્યા ગયા ને, ભીમ બાણાવળી પાર્થ;[2]



કાળદંડી રાવણ હણાયો, રામ કૃષ્ણ રહ્યું નામ !
પરણીને પસ્તાયો રે, બાજી નવ હાથ રહી !! - સમજ૦ ૨
કાલ ગયું કોઈ આજ જતું કોઈ, કોઈ જાશે વળી કાલ;
મૂછ મરોડી કેમ ફરે છે ? હોઠ પાનબીડી લાલ !
તમાચે ગાલ રોતો રે, મોતી મૂકી માટી ચહી ! - સમજ૦ ૩
દિન ગુમાવ્યો ગામગપોડે, પોઢી રહ્યો આખી રાત;
કોડી કોડી ગર્થ[3] ભેળું કીધું ને આખર ખાલી હાથ !
બાજી હારી બેઠો રે, દીઠું ના દૂધ કે મહી ![4] - સમજ૦ ૪
ચેતવું હોય તો ચેતજે **રંગા** ! ક્ષણ ક્ષણ આયુ જાય;
પાણી આવ્યું પાળ બાંધવા લાગ્યો, લોકોમાં હાંસી થાય.
સાઠી બુદ્ધિ નાઠી રે, મનમાંની મનમાં રહી !! - સમજ૦ ૫

## (૩૧)

**(રાગ - માંડ; તાલ - કહેરવા)**

મરી તો ગયું રે મૃત્યુ, મરી તો ગયું !
હાય હાય જમડા ! મૃત્યુ મરી તો ગયું !! - ટેક.
પાંચે સહિયારું કીધું, વેચ્યું, લીધું, વળી દીધું;
જૂદારું અંતે કીધું, તેમાં મારું શું ગયું ? - હાય૦ ૧
મોજું દેખી લલચાયો, ખોબો ભરી લેવા ધાયો;
મોજાં મૂકી પાણી પાયો, તેમાં વ્યર્થ કાં રડું ? - હાય૦ ૨
કારીગર કોડે આવ્યો, મીઠલડે મીન[5] બનાવ્યો;
સિંધુ[6] જઈ અંત સમાયો, તેમાં કોનું શું ગયું ? - હાય૦ ૩
વાયુ થઈ થિર[7] ભરાયો, વેગે ચંચળ થઈ ધાયો;
આંસુનું નભદગ્[8] તેથી, ટીપું શું ખર્યું ? - હાય૦ ૪
સૂરજ ધનુરંગ દિખાયો, ક્ષણક્ષણ જનમન નચવાયો;
રંગે જઈ **રંગ** સમાયો, તેમાં ખોટું શું થયું ? - હાય૦ ૫

(૧) બે જૂના ધુરંધર વૈદ્યો (૨) અર્જુન (૩) ધન (૪) છાશ (૫) માછલી (૬) સમુદ્ર (૭) સ્થિર (૮) આકાશનાં નેત્ર

## (૩૨)

વસમી છે વાટ, એ તો વસમી છે વાટ;
ચઢવાનો નહિ ઘાટ, એ તો વસમી છે વાટ. - ટેક.
કોઈ કહે શ્વાસા રોકો, કોઈ કહે સામું તાકો;
કોઈ કહે થોડું ભાખો, રાખો, નાટકી હાટ ! - વ૦ ૧
સજાયાની ધારે ચઢવું, સતીનું છે એ તો મરવું;
સામે નીરે તરવું, એ તો, કંટકખાટ ! - વ૦ ૨
વાંચી વાંચી પંડિત મુવા, ખોદી ખોદી મુવા ચુવા;[1]
બાપ, એ તો પડવાના કૂવા, ચઢ્યો બુદ્ધિએ કાટ. - વ૦ ૩
ગયો જે કો સદ્ગુરુશરણે, દેખ્યો પહાડ ઢાંક્યો પર્ણે;[2]
જીવ્યો એ તો મૂક્યો મરણે, થયો અમર સમ્રાટ - વ૦ ૪
આંખ મીંચી પાછું ભાળો, ત્યાગો ધોળો પીળો કાળો;
મળી રહેશે ખંતે તાળો, મૂકો રંગ ઘોંઘાટ ! - વ૦ ૫

## (૩૩)

જીવાની દિવાની, પ્રાણી, જીવાની દિવાની;
અંતે જવાની જવાની, પ્રાણી, જીવાની દિવાની ! - ટેક.
કાયા આ પથ્થર કંપે, તોએ ના મનડું જંપે;
આખર જમ આવી ઝડપે ત્યારે, વલે શી થવાની ? - જીવાની૦ ૧
કાગળની નાવ બનાવી, ભરદરિયે છૂટી મેલી;
ઉપર બારિસની[3] હેલી, એ તે કેથે જવાની ? - જીવાની૦ ૨
સદ્ગુણ ના સ્વપ્ને પોષ્યા, હરિજન કદી ના સંતોષ્યા;
નિશદિન રમાડી યોષા,[4] એ તો નાતરે જવાની ! - જીવાની૦ ૩
નાણાંની નૌતમ થેલી, આખર ના થાશે બેલી;
જ્યાંની ત્યાં અર્શહવેલી[5] **રંગા** રાખ થવાની ! - જીવાની૦ ૪
સગપણ એક હરિનું સાચું, બીજું સઘળુંએ કાચું,
વાંકું થઈ જાશે ડાચું, અંતે ફજેતી થવાની ! - જીવાની૦ ૫

(૧) ઉંદર (૨) પાંદડે (૩) વરસાદથી (૪) સ્ત્રી (૫) આરસની ઊંચીને ફરસબંધી

**યજ્ઞ, દાન અને તપ એ ધર્મના ત્રણ સ્તંભો છે.**



## (૩૪)

બન જા અબ હુશિયાર, કાલકા નહિ ઠિકાનાજી.
ખડી મૌત શિર ઘેર,[1] આલસુ ક્યોં બન તૂ સોતા ?
નિકલ જાયગા શ્વાસ, રહેગા અંત હાથ ઘિસતા ! - કાલ૦ ૧
ગયે રાજ મહારાજ હકીમો, પંડિત અરુ કાઝી;
ગયે પીર પૈગંબર, ગાફિલ પડા તું ક્યોં પાજી ! - કાલ૦ ૨
લે સાહેબકા નામ, દિલસે બન જા પક્કા;
જા હજકો અબિનાસ, દેહ કર કાસી મક્કા ! - કાલ૦ ૩
લે આતમ પહિચાન, ખુદા શિવ શંકર ભોલા;
મારેગી ઝખ મૌત, **રંગ** છૂટે ભવ-ઝૂલા !! - કાલ૦ ૪

## (૩૫)

**(રાગ - ખમાજ; તાલ - લાવણી)**

**(હર ભજ હર ભજ હીરા પરખ લે - આ રાહ)**

કાહેકો મન સોચ કરત હૈ ? રામભજન કર દિનરાતી (૨);
બિના ભજન બિરથા જિંદગાની,
યહ બિનુ કહીં નહીં સુખ પાતી. - ધ્રુ ૦
કિયા ઈકઠ્ઠા ધન ગલ ઘોટા,[2] આવત તોર[3] ન સંગાતી (૨)
રહ જાવે બંગલા બંગલોરી, મારે જમ આખર જૂતી. - કાહેકો૦ ૧
નાતી ગોતી સગાં સંબંધી, યે સબ ચલતી કે સાથી (૨)
અંતકાલ કોઉ કામ ન આવે, હોવેગા યહ તન માતી[4] - કાહેકો૦ ૨
સુખ સુખ કરત ઢંઢોલા સારા, જંગલ બસ્તી દિનરાતી; (૨)
બિષયપાશમેં જકડા બહુરા, ચલા શ્વાસ જબ રહ રોતી ! - કાહેકો૦ ૩
ગયા બાલપન ખેલકૂદમેં, જવાની તિરિયા[5] સંગ કાટી; (૨)

(૧) ઘેરીને (૨) ગળું દબાવીને (૩) તારી (૪) માટી (૫) સ્ત્રી

**સાચો ધર્મ હૃદયની કવિતા છે. તેમાં જ તમામ સદ્ગુણ વિકસી શકે છે.**

બૂઢેપનમેં પડા ખાટ પર, હઁસે લોગ જબ પછતાતી. - કાહેકો૦ ૪
રામભજન કર રામભજન કર, કહે સંત સબ નિજબીતી;[1] (૨)
છોડ સંગ ભજ રામ પિયારે, દુઃખમૂલ ભવકી પ્રીતિ ! - કાહેકો૦ ૫
જબલગ શ્વાસા તબલગ સાધન કર ભજન ગુરુગમ પાતી; (૨)
ઊડા હંસ જબ હાથ ઘિસેગા, ગયા રતન ફિર ક્યા બાતી ! - કાહેકો૦ ૬
**રંગ** રાગ સબ દો દિનકે યહ, ઠંડ અંધેરી ફિર રાતી; (૨)
ઊઠ પકડ કર જા મસ્તોંકા, ઊડા મૌજ પા નિજ જ્યોતિ !! - કાહેકો૦ ૭

## (૩૬)

કર સત્સંગ અભીસે પ્યારે ! નહિ તો આખર રોના હૈ (૨);
અંતકાલ કોઉ કામ ન આવત, વૃથા જગત રિઝવાના હૈ ! ધ્રુ ૦
બડે બડે તો ગયે મિજાસી, ઉનકા કહાં ઠિકાના હૈ ? (૨)
કર અબહૂસે કુછ તૈયારી, નહીં તો ફિર પછતાના હૈ ! - કર૦ ૧
પડા રહેગા મહલ ખજાના, છોડ ત્રિયા સુત જાના હૈ (૨)
ખિલાપિલાકે દેહ બઢાયા, વો ભી અગન જલાના હૈ ! - કર૦ ૨
બિષય કાંચ દેખત લલચાયા, દૌડત પીછે પડના હૈ (૨)
મિલે અસલ આતમ હીરા તો, આપ અપન હર હંસના હૈ ! - કર૦ ૩
માયા મૃગજલ મિથ્યા ભાસે, ઉસે હંસ છુડવાના હૈ (૨)
કર સેવા સદ્‌ગુરુકી પ્યારે, ઉસે રાહ મિલ જાતા હૈ ! - કર૦ ૪
મરે પોથી સુનવવાવ પંડિત, ખાલી ડૌલ[2] દિખાના હૈ (૨)
લગા આપમેં આપહિ ગોતા, આપા[3] સબ ઘુલવાના હૈ ![4] - કર૦ ૫
અંદર બાહર એકહિ આતમ, રંગ બિરંગા હોતા હૈ (૨)
તૂં જગમેં જગ તુઝમેં સાધો, દેખ મૌજ ઉડાના હૈ ! - કર૦ ૬
જો જો દિખતા વોહિ બિગડતા નિર્વિકાર[5] દિખૈયા હૈ (૨)
અજર અમર ઈક વો અબિનાસી, રંગ નૈનકો નૈનાં હૈ !! - કર૦ ૭

(૧) પોતાનો અનુભવ (૨) ડોળ; દંભ (૩) અહંકાર (૪) ગાળી નાંખવાનો, નરમ કરવાનો (૫) દેખનાર



## (૩૭)

### (દેવળ દેખ લો - એ એકતારાની ધૂન)

મનુવા, ધરી લે ધરથી, પ્રભુનું પ્યારું ધ્યાન. - ટેક.
મનુષ્યદેહ આ નિર્મળ મળીઓ, દશ ઈંદ્રિય સોહાય;
પડે નહિ ત્યાં લગી પરણી લે, કાં ખાલી રંડાય ? - મનુવા૦ ૧
દામ દીકરા દાર[1] ન આવે, અંત સમે કો કામ;
વાડીવજીફા બંગલા મેડી, આખર ખાલી હરામ. - મનુવા૦ ૨
કોણ જીવડા ક્યાંથી આવ્યો, આખર જાવું ક્યાંય ?
જીવતાં પ્રાણી શોધ કરી લે, અંતર ઊજળું થાય. - મનુવા૦ ૩
ચાર દિવસની શ્વાસસગાઈ, મોત સાથે છે બાથ;
જાગ જીવડા મોહનિંદથી, નહિ તો ઘસશે હાથ. - મનુવા૦ ૪
સંતચરણમાં મસ્તક મૂકી, નિત હરિનું ધર ધ્યાન;
જાણ નિરામય[2] આતમ ઓથે, સદ્‌ગુરુ ખોલે સાન ! - મનુવા૦ ૫
જાણે તે નાચે આનંદે, બીજા ખત્તા ખાય;
હૉલામાંથી ચૂલે પેસી, **રંગ** રાખ થઈ જાય ! - મનુવા૦ ૬

## (૩૮)

### (રામભજનકું દિયા કમલમુખ)

મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી, મુખસે હરિ હરિ બોલ. ધ્રુ૦
ધન જોબન કછુ કામ ન આવે (૨)
રામ રતન તું તોલ - પાપીડા૦ ૧
બાહિર દૃષ્ટિ બંધ કરી તું (૨)
અંતરદૃષ્ટિ ખોલ. - પાપીડા૦ ૨
વિષય વિષમ રસ ઢોળ જમીં પે (૨)
રામ અમીરસ ઘોળ. - પાપીડા૦ ૩
**રંગ** કહે સૂણ સૂણ રતનજી (૨)
એ વિણ જીવન ફોલ. - પાપીડા૦ ૪

(૧) સ્ત્રી (૨) (જન્મમરણના) રોગથી રહિત

## (૩૯)

(રાગ - ભૈરવી; તાલ - કહેરવા)

જ્યારે પતન થશે દેહનું આ. - ટેક.
લોકો કહેશે, કોણ હતો આ ?
ક્યાંથી આવ્યો ? હાય ! ગયો ક્યાં ?
નવ જાણ્યું હા ! આજ લગી કાં ? - પતન૦ ૧
ના બોલ્યો કાંઈ, મૌન ધર્યું ના !
ના ભટક્યો કંઈ, સ્થિર રહ્યો ના !!
હાં હાં કરતાં લોપ થયો ક્યાં ? - પતન૦ ૨
મેઘાડંબર ઘોર છવાયું !
અંધતમે ચોદિશ હા વ્યાપ્યું !!
ક્ષણ ચમકારે નભ ચમકાવ્યું !! - પતન૦ ૩
ઘા દિલના બેચાર રુઝાવ્યા !
દુઃખઆંસુડા કંઈ નિવાર્યા !!
પ્રેમવેણ કંઈ મૂક ઉચાર્યા !! - પતન૦ ૪
ફૂલ ગુલાબો ખૂબ હસાવ્યાં !
બુલબુલ છાતીફાટ રડાવ્યાં !!
વનઝરણાં કંઈ મંદ નચાવ્યાં !! - પતન૦ ૫
પ્રેમખજાનો ખૂબ લૂંટાવ્યો !
લૂંટ્યો તે મન અતિ હરખાયો !!
અન્ય રડી રડી મન પછતાયો !! - પતન૦ ૬
કંકર શંકર કંઈક પૂજાવ્યા !
શંકર કંકર કંઈક બનાવ્યા !!
આનંદાશ્રુ-રંગ નિહાળ્યા !! - પતન૦ ૭
ના લાવ્યો કંઈ, સાથ લીધું ના !
ના આવ્યો ત્યાં, વાત[1] ગયો ક્યાં ?
**રંગ** જેમનો તેમ રહ્યો આ !! - પતન૦ ૮

(૧) 'ગયો ક્યાં' એ વાત જ ક્યાં રહી ? અથવા ગયો ક્યાં એ વાત માત્ર - કથનમાત્ર- છે; કેમ કે જ્યાં આગમન નથી ત્યાં ગમન ક્યાંથી સંભવે ?



## (૪૦)

કરના થા સો તો કર લીના, અબ ના કરના ના ભરના હૈ;
જો પાના થા સો પા લીના, અબ ના પાના ના ખોના હૈ ! ટેક.
ના જાના હૈ ના આના હૈ, ના જીના હૈ ના મરના હૈ;
બસ આપહિમેં રમ રહના હૈ, જો આન પડે સો સહના હૈ ! - ક૦ ૧
ના ચઢના હૈ ના પડના હૈ, ના રોના હૈ ના હઁસના હૈ;
બસ આપહિ હાસ્ય બના ફિર, ક્યોં કરનીકા બોજ ઉઠાના હૈ ? - ક૦ ૨
કિસ્મતસે આન મિલે સબ, ક્યોં નાહક જગકો રિઝવના હૈ ?
મિથ્યા પંડત કાજી બનકર, ના લડના હૈ લડવાના હૈ !! - ક૦ ૩
ના ધ્યાના હૈ ના ગાના હૈ, બસ ધ્યેય મહીં મિલ જાના હૈ,
તન મંદર આતમ દેવ બના, ના પૂજના હૈ પૂજવાના હૈ ! - ક૦ ૪
ના કહના હૈ ના સૂનના હૈ, ના લેના હૈ ના દેના હૈ;
બન પથ્થર પિંડ ભૂલાના હૈ, ભૂલા ભૂલાના ભૂલના હૈ ! - ક૦ ૫
ના જપના હૈ ના પઢના હૈ, બસ જાપ અજંપા હોના હૈ;
ના સોના હૈ ના જગના હૈ, બેફિકર મસ્ત પડ રહના હૈ !! - ક૦ ૬
સબ **રંગ** જગત બિસરાના હૈ, ઈત ઉત મન ના ભટકાના હૈ;
ના ડરના હૈ ના ભગના હૈ, બસ અચલ ઠામ થિર રહના હૈ ! - ક૦ ૭

## (૪૧)

કામાધીન થઈને હીન, કુલ ને શીલ ડૂબાડીશ ના,
નશ્વર કાયાને પંપાળી, વેર કોઈથી કરીશ ના;
થતાં લાભ કે પ્રાણે જાતાં, જૂઠું કદીયે બોલીશ ના;
છોડી કપટ, રાખી મન કબજે, દત્તપ્રભુને ભૂલીશ ના.
સ્વધર્મને તું ડુબાડીશ ના,
સત્ય કદાપિ છોડીશ ના;
વ્યર્થ કુથલીઓ કરી, તાળીઓ પાડી, વખત ગુમાવીશ ના. ૧
હલકટ બુદ્ધિ રાખી કોઈ સહ, સાચાં જૂઠાં કરીશ ના;

તું કોઈની કોડી પણ એ કદી ચોરીને લઈશ ના.
ઘમંડ મિથ્યા રાખી દેહનો, પર અપમાન કરીશ ના;
આત્મસુકૃત બદલામાં કોઈ કરે દુષ્કૃત તો બોલીશ ના;
બીજા પર વ્યર્થ રીસાઈશ ના;
લોકોમાં ખડખડ હસીશ ના;
રહે સ્વજનમાં સરળ વર્તીને લઢવાડ કોઈમાં ઘાલીશ ના. ૨
કોઈ કોઈનું વદે ગમે તે, તું કાન પર ધરીશ ના;
જઈ ઘેર પડોશતણે તું નાહક બકબક કરીશ ના;
ડિંગ સાંભળી સાન ગુમાવી, દુર્જન સોબત ધરીશ ના.
નખરાંઠકરાં તું બતાવીશ ના;
ખોટી ભૂલ થાવા દેઈશ ના;
દરદાગીના ઉત્તમ લૂંગડાં લેવા ફૂંદડી ફરીશ ના. ૩
બે દિનની આ લક્ષ્મી સાચી, જાણી ધનમદ કરીશ ના;
વિપદ આવતાં ચિત્ત સમાલી, વ્યર્થ ધૂમ મચાવીશ ના;
કોઈ ગમે તે વદે એકદમ, જવાબ સામો આપીશ ના;
કીર્તિ ગુમાવી અપકીર્તિ કદી લોકમાં ફેલાવીશ ના.
મર્યાદાને ભાંગીશ ના,
આચાર થકી કંટાળીશ ના;
રહી તત્પર સ્હેવા આવે તે, દોષ કોઈને દેઈશ ના. ૪
જમાઈ વેવાઈ ખુશ કરવા દેવું કોઈનું કરીશ ના;
શ્રેય ચિંતીને ધર્મ કરતાં આગળ પાછળ જોઈશ ના;
પતિ-આજ્ઞા વિણ સ્વેચ્છાથી તું ધર્મ-આચરણ કરીશ ના;
વ્રતદાનાદિક કોઈ કરે તો વચ્ચે આડે આવીશ ના. ૫
આ ઉપદેશ ફગાવીશ ના,
(ઉચ્છૃંખળ વર્તન રાખીશ ના.)
દત્તાજ્ઞાથી વાસુદેવ આ કે'; એને ઉલ્લંઘીશ ના.

**પ્રાર્થના સવારની ચાવી અને સંધ્યાકાળની સાંકળ છે.**



## (૪૨)

વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો,
વિષયપુષ્પે ભમે મૂઢ ઘેલો;
રૂપ ને રંગમાં મોહી ખળસંગમાં,
આયુ એળે ખુએ રાંડચેલો. - ટેક
શ્વાનને હાડથી પ્રીત લાગી ઘણી,
દ્વેષથી ઝાડની ઓથે ધાએ;
દાઢથી સ્રાવ જે થાય તે હાડનો,
માની મનમાં અતિ ખુશ થાશે. - વિષયની. ૧
સ્વાત્મસુખ પરિહરી નિઘ્નઈન્દ્રિય[1] થઈ,
આપથી આપને મૂઢ બાંધે;
અંત જર્જર થઈ કાળજાળે પડી.
મત્સ્ય સમ તરફડી પ્રાણ કાઢે ! - વિષયની. ૨
ભક્તિ મન ના ગમે ભાંડ ભવાઈ રમે,
ખાન ને પાનમાં મસ્ત રહેતો;
રાનમાં અંત જઈ રાખ થઈ લેટતો,
ફરી ફરી ગર્ભમાં દુઃખ સહેતો - વિષયની. ૩
કીટ[2] કર્મે કરી વમળમાં જઈ પડયો,
એકથી અન્યમાં એ તણાએ;
દેખે દયાળુ તો બહાર કાઢી મૂકે,
વૃક્ષ નીચે ઠરી શાંત થાએ. - વિષયની. ૪
એમ સદ્‌ગુરુ તણી દૃષ્ટિ જો નર પડી,
ભ્રમરપરંપરા તો જ ખૂટે;
શાંતતટ હાથ લાગે ફરી પુણ્યનો,
ઉદય જો થાય તો બંધ તૂટે. - વિષયની. ૫
ચેત ને ચેત નર નરક ખર કાં ચૂંથે,
વીતી વેળા નહિ હાથ આવે;
વાસનાવસ્ત્ર મેલાં ત્યજી નાથને,
રંગના પ્રેમથી નિત્ય ગાએ. - વિષયની. ૬
સાર નરદેહનો એજ શાસ્ત્રે કથ્યો,
[1]સુરિજનો એહમાં મોજ માણે;
જે મુખ રામ નહિ ધૂળ મુખ એ પડી,
શ્વાન સૂકર સમો જન્મ તાણે. - વિષયની. ૭

**શબ્દો જેટલા ઓછા તેટલી પ્રાર્થના ઉત્તમ.**

## (૪૩)

## દત્તનામસ્મરણ

વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કૂટાવી મારે
વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આ રે ।
હરે વાવકૂવાદિ હા પ્રાણવિત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧ ॥

નડે ના અહીં કષ્ટ ના વિત્તહાનિ
ન ખોવાપણું ના લગે કાવ્યવાણી ।
સહુશ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ[૧]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨ ॥

ચહે કામક્રોધાદિ તું જીતવા જો
વળી શોકમોહાદિ છૂટવા જો ।
થવા રાગદ્વેષાદિથી મુક્ત તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩ ॥

ગયું ખેલતાં બાલ્ય[૨] વીતી જુવાની
વૃથા સંગતે મૂઢ હા કામિનીની ।
બતાડે બુઢાપો અહા મૃત્યુવાટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪ ॥

ધન ક્ષેત્ર[૩] દારા[૪] ન પુત્રાદિ સ્થાયી
મરે ચિંતને એ વૃથા કેમ ભાઈ ।
ત્રાણે કાળમાં દુઃખ દે એ સમસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫ ॥

(૧) સૌથી સુંદર, શ્રેષ્ઠ (૨) બાળપણ (૩) ખેતર (૪) સ્ત્રી



કહાં જાય તું ક્યાં થકી આવિયો રે
વળી જીવતો શેં સદા ચિંત એ રે ।
બધું દુઃખદાયી હરિનામ સત્ય
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬ ॥

ભમાવે જગે પંથ ઝાઝા અનેક
બધું નાશવત્ અન્ય છે સત્ય એક ।
વળી માર્ગ નાના[૧] અથાડે સમસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ દે ચિત્ત દત્ત ॥ ૭ ॥

સ્હવારે બપોરે વળી તેમ સ્હાંજે
વળી રાતમાં મધ્યરાતે ય સ્હેજે ।
પરોઢેય ઊઠી તથા એક તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮ ॥

જતાંઆવતાં સ્નાન કે ખાનપાને
વળી ઉઠતાંબેસતાં કામટાણે ।
સદા ઊંઘમાં તેમ સ્વપ્નેય મસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯ ॥

ત્યજી પાપનું મૂળ આલસ્ય ભાઈ
વળી રાજીસી કર્મ જે જન્મદાયી ।
ગ્રહે એકભક્તિથી તે દત્તપાદ
સ્મરી લે પ્રતિશ્વાસ દે ચિત્ત દત્ત ॥ ૧૦ ॥

રહે ભૂમિમાં વિત્ત અશ્વાદિ ગોષ્ઠે[૨]
ફરે મિત્ર માર્ગે સ્મશાને સગાં તે ।

(૧) જુદા જુદા અનેક (૨) કોઢમાં

તનુ દેવતામાં દુવારે[1] કલત્ર[2]
જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર[3] ॥ ૧૧ ॥

દઈ વાદ સોંપી બધા વેદિયાને
વળી ભાંડને નાટકો-ચેટકોને ।
ભલે નાચતા ને રમે નાદસક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૨ ॥

મળે તે ખઈ મિષ્ટ કે હો કદન્ન
રહેવું પડી વાડમ્હેલે અસન્ન[4] ।
ભલે ચીંથરાં રેશમી વસ્ત્ર સૂત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૩ ॥

બધું મંત્રાતંત્રાદિ યંત્રાદિ જે જે
તજી તીર્થયાત્રાદિ રે' જે સહેજે ।
વળી પાઠપૂજાદિ ટીલાંય કષ્ટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૪ ॥

અરે આયુ ટૂંકું કરે કાળ હાસ્ય
હણે કેસરી જેમ મેંઢો મનુષ્ય ।
જુવાની નદીપૂર પેરે ક્ષણસ્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૫ ॥

થતું જોતજોતાં અહા નષ્ટ દ્રવ્ય
ખરે પદ્મપત્રાંબુ[5] શું કીર્તિ ભવ્ય ।
નચાવે જનો નાચવું તેમ વ્યર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૬ ॥

(૧) બારણે (૨) સ્ત્રી (૩) પરલોકે (૪) ખેદ વગર (૫) કમળપત્ર પર રહેલું જળ



બધે માન દે ખૂબ શ્રીમંત દેખી
ન નાંખે જ દૃષ્ટિ દરિદ્રી વિલોકી[1] ।
ગણે સ્વાર્થ પ્રેષ્ઠ[2] કરે કો પરાર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૭ ॥

અરે દેહ નીરોગી ને સ્વસ્થ જ્યાં આ
પડી દૃષ્ટિ ના કૂડી જ્યાં કાળની હા ।
હજુ કાળ છે જાગ મૂકી પ્રમાદ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૮ ॥

પડ્યો ઘોર ઊંઘે તું આ દેહગેહે
મહીં સર્વ દ્વારે જ જો ચોર પેહે[3] ।
હરે જુલ્મજોરે ધસી આત્મવિત્ત
ત્યજી ઊંઘ આ જીવ તું શીઘ્ર ઊઠ ॥ ૧૯ ॥

ગયા કેટલા કેટલા અર્ધવાટે
વળી કેટલા જાય જો દેખ હાટે ।
પડ્યો ઊંઘમાં શેં સુખે મૂઢ હન્ત[4]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૦ ॥

વદે સંયમે ષંઢ કામી જ ભોગે
મહામૂર્ખ દાને ન દે ક્ષુદ્ર[5] લાગે ।
કરે ભક્તિ અંધો ન નાસ્તિક તાત
જુએ દોષ દુષ્ટો બધે આમ હન્ત ॥ ૨૧ ॥

અનિવાર્ય માટે સહે લોકજલ્પ
કદીયે ન આંહી ત્યજે ધર્મ અલ્પ ।

(૧) દેખી (૨) અતિ વહાલો (૩) પેસે (૪) અરેરે (૫) કંજુસ

ગ્રહે નિત્ય સત્નામ પીયૂષ[1] ચંગ
ત્યજે દુર્જનોનો અકારો જ સંગ ॥ ૨૨ ॥

અહા દત્ત માતા પિતા દત્ત એક
ખરે દત્ત સ્વામી સખા દત્ત દેખ ।
ત્યજી એહને ક્યાં જાુએ અન્ય તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૩ ॥

જવાનું ઘણું દૂર તારે સુદૂર
રહે ના પડી માર્ગમાં દેખી ધૂળ ।
મળ્યા સર્વ આ ચોરડાકૂ જ આંહી
હરી સર્વ જો દે તને છેહ ભાઈ ॥ ૨૪ ॥

મળ્યો જન્મ મોંઘો તને માનવી આ
વૃથા કોડીમૂલે તું એ વેડફે હા ।
વિના પુણ્ય કોટિ ન એ લભ્ય અંધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૫ ॥

મળે દ્રવ્ય ભૂયિષ્ઠ[2] યાવત્[3] તને જો
પૂછે ભાવ આપ્તાદિ[4] તાવત્[5] બધાં જો ।
જતાં એહ સામુંય ભાળે ન હન્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૬ ॥

હસંતો વિલોકી હસે સર્વ લોક
ન દુઃખાશ્રુ કોઈ જ લૂછે વિલોક ।
મરે કેમ મેં મેં[6] કરી મેષ વ્યર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૭ ॥

---

(૧) અમૃત (૨) અઢળક (૩) જ્યાં સુધી (૪) સગાં વગેરે (૫) ત્યાં સુધી (૬) મેં, મારું

---

**ભય આપણને માનવપ્રકૃતિનો અનુભવ કરાવે છે**



ક્ષુધાવ્યાધિ માટે દવા ભૈક્ષ્ય આપી
તથા વસ્ત્ર શીતાદિદુ : ખાર્થ કાફી[1] ।
કરે અન્યસ્વેચ્છા[2] તું તોયે કિમર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૮ ॥

અરે કાષ્ઠ અગ્ન્યાદિ દે જે મૃતોને
ન અન્નાદિ એ શું તને જીવતાને ।
જઈ ઝાલ શ્રદ્ધાથી તત્પાદ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૯ ॥

કરું હું કરું હું જ મોહાભિમાન
વૃથા એ તિહારો વહે યાનશ્વાન[3] ।
વિના ત્રીશ[4] બ્રહ્માંડમાં કો સમર્થ ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૦ ॥

ડરી એ થકી સૂર્ય દોડે પ્રભાતે
પ્રકાશે નભે ઈન્દુએ સ્વચ્છ રાતે ।
પડે નાખતાં ઊંચી નીચે જ વસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૧ ॥

નમી મોકલે ઈન્દ્ર વર્ષા સુકાળે
ક્ષણે શુષ્ક ભૂમિ હરી[5] થાય ફાલે ।
પચે અન્ન ખાધેલ પેટે સુરીત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૨ ॥

---

(૧) પૂરતું (૨) (i) અન્નવસ્ત્ર વગર બીજા દ્રવ્યની (ii) બીજાના ધનની (૩) ગાડા નીચેનું કૂતરું (૪) ત્રણે લોકનો નાથ દત્ત (૫) લીલી

---

**માણસ જેનાથી ડરે છે તેને પ્યાર કરી શકતો નથી.**

સદા બ્રહ્મચર્યાદિ સત્ શૌચ પોષ
વળી ક્ષાન્તિ[1] શ્રદ્ધાદિ સદ્ગુણ તોષ[2] ।
કરી દૂર દુર્ગુણ જે જે વિરુદ્ધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૩ ।।

ત્યજે સંગ સારોય[3] જે દુઃખમૂળ
ન તો સંતસંગે જ રે' સર્વ કાળ ।
ત્યજી અન્ય સ્ત્રીની વૃથા વાત નિન્દ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૪ ।।

ત્યજી કામના દે બધી જન્મમૂળ
ન તો ત્રીશપ્રાપ્ત્યર્થ એ પોષ બાળ ।
દવા દત્ત છે દુઃખની સર્વ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૫ ।।

ત્યજે ક્રોધ જો સર્વથા પાપમૂળ
કરે કોપ કોપે જ ના તો કરાળ ।
ત્યજી દેખવા અન્ય દોષો જ વ્યર્થ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૬ ।।

વૃથા નાક પીડ્યું કરે પ્રાણરોધ
તપી દેહ ધૂણે ગયો તો ન ક્રોધ ।
રહ્યો વૃક્ષપે વ્યર્થ ટિંગાઈ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૭ ।।

જહાં ને તિહાં માર્ગમાં ડુંગરાઓ
પડ્યા વિઘ્નના જો ન રે' ધૈર્ય ધાઓ ।

(૧) ક્ષમા (૨) સંતોષ (૩) બધો



ગ્રહી વજ શું આશરો દત્તપાદ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૮ ।।

છવાઈ બધે રાત ઘોરાન્ધકારે
ભમે ભૂત જ્યાં ત્યાં જ જો અંતરાળે ।
ડરાવે કરી નૃત્ય હા ભીમ[1] હન્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૩૯ ।।

અરે વાદળે વ્યોમ[2] વ્યાપ્યું પણે આ
ફરે ગર્જના જો કરી મેઘ કેવા ।
કડાકે તડિત્[3] કંપતા અદ્રિપ્રસ્થ[4]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૦ ।।

ભસે કૂતરાં આ યથા બીક લાગે
પડી પાદમાં કાટતાં ગૂઢ વેગે ।
ત્યજી દૂરથી ચાલ એ સાવચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૧ ।।

કરે બાગમાં કોકિલા જો ટહુકો
રટે નામ રેવાય શ્રીદત્તનું કો ।
પડ્યો કેમ તું કુંભવત્[5] લંબ હન્ત ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૨ ।।

કરી મોર કેકા સ્તવે ત્રીશ નેકે[6]
ધરી પીછુડાં શું ન વા એ જ નાંખે ?
પડ્યો ધિક્ પથારી મહીં તું જ સુસ્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૩ ।।

(૧) બિહામણું (૨) આકાશ (૩) વીજળી (૪) પર્વતનાં શિખર (૫) કુંભકર્ણ જેવો (૬) નેકીથી

તને હોય ઈચ્છા જ વેપારની રે
ભલે નામવેપાર તું ખેડ ભારે ।
નહીં હાનિ ના વા કદી અલ્પ કષ્ટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૪ ।।

કદી હોય ખેતીતણી જો મહેચ્છા
કરે સદ્ગુણોની જ એ જેમ ઈચ્છા ।
નહીં ભીતિ વર્ષા-અવર્ષાની તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૫ ।।

વળી ચાકરીનો કદી ભાવ હૈયે
કરે સંતસેવા જ નિર્માન ધ્યેયે ।
ન ભોં દંડનો ના મળે ચંદ્ર[1] અર્ધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૬ ।।

રહે યોગઈચ્છા કરે ત્રીશયોગ
ચહે ભોગ તો ભોગવે સ્વાત્મભોગ ।
મળે તૃપ્તિ જ્યાં પૂર્ણ જે નિત્ય સ્વાત્પ[2]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૭ ।।

ખરે કાય આ મોહહેતુ સદા રે
ન રે' હાથમાં દે દગો અંતકાળે ।
છતાં એમ અર્પે ન પોતે થઈ કાં
પદે દાસભાવે હરિના જ મૂર્ખા ।। ૪૮ ।।

જવા લેઈ આવે યદા[3] મૃત્યુદૂત
કરી બદ્ધ પાશે તને મૂઢ હન્ત ।

(૧) ખડતુસ (૨) પોતાને આધીન (૩) જ્યારે

**સૂતી વખતે પથારીમાં ચિંતાઓ લઈને સૂઈ જવું તે પોતાની પીઠ પાછળ પોટલું બાંધીને સૂવા બરાબર છે.**



કરે કોણ રક્ષા તદા[1] એથી ચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૪૯ ।।

અરે નેત્ર વાગાદિ[2] જેણે જ દીધાં
કરે શોધ શું કો દિ તે દેવની હા ।
બધો જીવનાધાર એ સૃષ્ટિતાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૫૦ ।।

યથા પાળતાં ભૂપ રીઝે જ સ્વાજ્ઞા
તથા પાળતાં દેવ વેદાદિ-આજ્ઞા ।
વહે ચિન્ત જો શેઠ સેવ્યે અનન્ય
ત્યજે દાસને ના કદીયે વદાન્ય[3] ।। ૫૧ ।।

કલિતાર શ્રીદત્ત એ ધીશ એક
ત્યજી અન્ય તત્પાદ જા ઝાલ નેક ।
ધરી માળ શૂલાદિ જે ભક્ત પાળે
થઈ બદ્ધ પ્રેમે ન દોષો નિહાળે ।। ૫૨ ।।

બડો માર્ગ આ ભીમ વૈષમ્યપૂર્ણ[4]
ધસે હિંસકો કંટકે પાદ ચૂર્ણ ।
જજે ધૈર્યથી દત્તદીવે જ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૫૩ ।।

થશે કાલ શું કોણ જાણે અહીં રે
ગ્રસ્યા જ્યાં બધા જીવ સર્વત્ર કાળે ।
કરી લે બધું જેહ કર્તવ્ય તૂર્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ।। ૫૪ ।।

(૧) ત્યારે (૨) વાણી વગેરે (૩) ઉદારચિત્ત (૪) ખાડાટેકરાવાળો

**આપણી આજ અને ગઈકાલ એ આપણી ઈંટો છે. જેના વડે આપણી**

ભર્યાં જો જહાંત્યાં નવાં સ્વર્ણહાટો
ચળે દષ્ટિ જો લોક મૂકે જ દોટો ।
ગ્રહી બાળ સોની કરે બદ્ધ ચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૫ ॥

વળી દેખ જ્યાં ત્યાં ભર્યાં લડ્ડુગેહો
ગળ્યા લાડુ ખેંચે જ કેવા અહોહો ।
નીચોવી રસે મોહી જો અજ્ઞ[1] હન્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૬ ॥

વહે વાસનાપૂર જો ના તરાયે
મહીં કાયહોડી તહારી તણાએ ।
વરે દત્ત યોગી સુકાની સખા જો
લઈ જાય ના પાર કોઈ જ બીજો ॥ ૫૭ ॥

હરે દુઃખ કો અન્ય કે' ભૂ મહીં રે
બની નમ્ર જા દત્ત કારુણ્યપારે[2] ।
ડગે જો ન શ્રદ્ધા વદું સારયુક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૮ ॥

કરે કોપ મા તો કરે તાત રક્ષા
પિતા કોપતાં રક્ષણે માત દક્ષા ।
ન કોઈ ત્રિલોકે થતાં દત્ત ક્રુદ્ધ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૫૯ ॥

મળે સર્વ ખાવા ભર્યું ગેહ જ્યારે
થતાં નષ્ટ ઐશ્વર્ય સર્વે વિસારે ।

(૧) અજ્ઞાની (૨) દયાસાગર

**આવતીકાલનું ચણતર કરવાનું હોય છે.**



ભર્યા સ્વાર્થસંબંધ હે મૂઢ ચેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૦ ॥

અહા દેખ ગાયોય દોડે પ્રહૃષ્ટ[1]
ભર્યું ઘાસ જ્યાં ખાસ ત્યાં વેઠી કષ્ટ ।
થતાં શુષ્ક ભૂલે ન ખોલોય[2] જાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૧ ॥

કરે દોષનો નાશ ને કામપૂર્તિ
વળી રંકનો યાગ ને પંગુયષ્ટિ[3] ।
વળે પુણ્ય ને થાય પાપ પ્રણષ્ટ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૨ ॥

છતાં શક્તિ ને શક્તિનાશેય દત્ત ।
અને ભૂતિમાં[4] ભૂતિનાશેય દત્ત ।
સદા બાલ્ય કે વૃદ્ધભાવેય દત્ત ।
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૩ ॥

વળી [5]યાન કે પાદયાનેય દત્ત
તથા દત્ત ગામે સ્મશાનેય દત્ત ।
ઘરે કોઢ કે મંદિરે દત્ત દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૪ ॥

જતાં લગ્ન કે સૂતકે દત્ત દત્ત ।
વળી ખેતરે તીર્થમાંહેય દત્ત ।
સદા દત્ત કાળે અકાળેય દત્ત ।
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૫ ॥

(૧) અતિ આનંદે (૨) ગધેડો પણ (૩) પાંગળીની લાકડી (૪) સારી પરિસ્થિતિમાં (૫) વાહન

**અહંકારના ત્યાગ પછી બીજું કશું ત્યાગવાનું રહેતું નથી. તે જ સૌથી મોટો ત્યાગ છે.**

જને દત્ત દત્ત અરણ્યેય દત્ત
કચેરી મહીં કેદખાનેય દત્ત ।
વળી કાશી કે ઢેડવાડેય દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૬ ॥

નકી એક છે જીવ એ જીવનોનો
વળી મૃત્યુનો મૃત્યુ એ એક દાનો ।
તથા ભીતિની ભીતિ એ એક દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૭ ॥

અરે હેતુનો હેતુ[૧] એ દત્ત એક
તથા નાશકોનોય એ નાશ છેક ।
વળી તારકોનોય એ તાર દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૮ ॥

દવાની દવા ગૂઢ એ દત્ત એક
અને દૃષ્ટિ દે અંજનોનેય દેખ ।
સુધાની સુધા[૨] એ જ નિઃશંક દત્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૬૯ ॥

અહા રાજવીનો વળી રાજ દત્ત
અને ઈશનો ઈશ ઐશ્વર્યયુક્ત ।
તથા દેશિકોનોય[૩] આચાર્ય મુક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૦ ॥

વળી વિપ્રનો વિપ્ર એ એક દત્ત
અને ક્ષત્રિયોનોય એ ક્ષાત્ર મસ્ત ।

(૧) કારણ (૨) અમૃત (૩) ગુરુઓનો

ઈશ્વરનાં દર્શન આંખથી નહીં, શ્રદ્ધાથી થાય છે.



અહા વૈશ્યનો વૈશ્ય [૧]કાર્પણ્યમુક્ત
તથા અંત્યજોનોય એ અંત્ય યુક્ત ॥ ૭૧ ॥

નકી પાલકોનેય એ દત્ત પાળે
વળી પોષકોનેય પોષે જ કાળે ।
તથા મોક્ષ મોક્ષાર્થીને એ જ દેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૨ ॥

અહા જ્યોતિની જ્યોતિ એ દત્ત એક
અને વેદનો વેદ એ આદ્ય દેખ ।
કવિનો કવિ એજ આલંબ[૨] ફક્ત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૩ ॥

જગે ભાસકોનોય છે દત્ત ભાસ[૩]
અને દે ગતિ ચાલકોનેય ખાસ ।
કરે પાવનોનેય એ એક પૂત[૪]
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૪ ॥

સ્તવે દેવ સર્વેય એ દત્તને રે
વળી વર્ણવે વેદ સર્વેય જો રે ।
લઈ ભેદ સર્વેય જાતા પદે તત્
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૫ ॥

તર્યો દેખ વાલ્મીકિ નામે જ મૂળે
અજામેળ નામે જ એ અંતકાળે ।
તરી પિંગલા પણ્યસ્ત્રી[૫] નામ લેત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૭૬ ॥

(૧) કંજુસાઈ (૨) આશ્રય (૩) પ્રકાશ (૪) પવિત્ર (૫) ગુણકા

સૌને રાજી રાખવાનો પ્રયાસ કરવો તે નિષ્ફળતાની દિશામાં આગળ વધવા માટે પૂરતું છે.

નકી દત્ત આત્મા અહીં કાય કાશી
વહે વામ[1] ગંગાર્કજા[2] દક્ષવાસી ।
મળે બ્રહ્મજા[3] મધ્ય સ્નાને પ્રયાગે[4]
તરે બ્રહ્મ ધ્યાતાં ગુહા[5] માંહ્ય આગે ॥ ૭૭ ॥

વળી દેહ સહ્યાદ્રિ માહૂર હદ્ ત્યાં
તથા જ્ઞાન અત્રિ સતી[6] એકનિષ્ઠા ।
નકી સ્વચ્છ વિજ્ઞાન[7] તે ધામ દત્ત
તરે જન્મ ને મોત ધ્યાતાં જ સંત ॥ ૭૮ ॥

અહા દત્ત એ નામ [8]સત્તાર ગા રે
વળી સ્વાન્તમાં સ્વચ્છ તદ્ધામ ધ્યા રે ।
વહે કાળ પાસે જ તદ્ભક્તની રે
સદા કાનથી દત્તલીલા જ પી રે ॥ ૭૯ ॥

થયું ભ્રષ્ટ જ્ઞાને અને કર્મ નષ્ટ
વળી પંગુ ભક્તિ અને યોગ ગુપ્ત ।
થયા શિષ્ય લોભી ગુરુ સ્વાર્થસાધુ
કલિ માંહ્ય દત્તૈક છે નામ સીધું ॥ ૮૦ ॥

બધા યજ્ઞમાં નામ મારી જ સત્તા
વદે નામની એમ ગીતા મહત્તા ।
ત્યજી દે બધું અન્ય નિઃસાર તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૧ ॥

(૧) ડાબી (૨) અર્કજા-યમુના (૩) સરસ્વતી (૫) ભ્રૂમધ્યે (૫) બ્રહ્મરંધ્ર (૬) અનસૂયા (૭) સ્વરૂપાનુભવ (૮) સંતોને તારનાર

**ખાઈમાં પડેલાં કદાચ બચી શકે પણ અદેખાઈમાં પડેલો તો ભાગ્યે જ બચી શકે છે.**



વળી દાન દે દીનનારાયણોને
અને ભક્તપાદાંબુજે શીર્ષ વે' ને ।
સદા સંતવૃંદે 'હરે દત્ત' ગાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે દત્ત ચિત્ત ॥ ૮૨ ॥

દિસે જ્યાંતિહાં નિર્મળું સંતવૃંદ
અહા ગર્જતું હર્ષથી દત્ત દત્ત ।
પળે પાપ એ ગર્જના ગર્જનાએ
વરે મુક્તિશ્રી આવી જો આપ મેળે ॥ ૮૩ ॥

વળી જ્યાંતિહાં દ્રવ્યસ્ત્રીના જ દાસ
લડે કાંચનસ્ત્રીવિવાદે જ ખાસ ।
વધે વાદવાદે જ એ વેરઝાળ
બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ ॥ ૮૪ ॥

થઈ આંધળો જેહ જે જે જ માગે
મળે તેહને તેહ શંકા ન આગે ।
લભે ભક્તિ ભક્તો અને કામ કામી
લહી સૌખ્ય અજ્ઞાનથી દુઃખગામી ॥ ૮૫ ॥

ત્યજી દત્ત બીજે ન જા ભાઈ તું રે
નહીં સૌખ્યનો અંશ બીજે કહીં રે ।
ત્યજી નીર કાં દોડતો દેખી રેત ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૬ ॥

ત્યજી કાગડો સ્વચ્છ જો માનવારિ[1]
જઈ ખાડમાં ભૂ પીએ પાપચારી ।

(૧) માનસ સરોવરનું પાણી

**ચિંતા એ રોગ છે જ્યારે ચિંતન એ યોગ છે.**

ત્યજી સ્વાત્મસૌખ્ય તથા મૂઢ જો આ
પડે ખાડમાં સ્ત્રીધનાદિ તણા હા ॥ ૮૭ ॥

ત્યજી વિત્તવિદ્યાદિનો ગર્વ શીઘ્ર
જઈ સત્પદે માથું ઝૂકાવ નમ્ર ।
કથી પાપ આશી[1] કરી પ્રાપ્ત એમ
થઈ તપ્ત ચિત્તે ગ્રહે દત્તનામ ॥ ૮૮ ॥

થયા મૂક વેદો વદે નેતિ નેતિ
ધરે તત્પદે દેવ સર્વેજ પ્રીતિ ।
વળી શેષ થાક્યો કહાં તારી વાત ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૯ ॥

અરે દત્ત માંગલ્યનો મેરુ જાણ
અને એજ છે એક સૌન્દર્યખાણ ।
ન દાતા અહીં એ સમો કોઈ શ્રેષ્ઠ
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૦ ॥

રહ્યો આદિમાં દત્ત મધ્યેય દત્ત
હશે અંતમાં સર્વદા દત્ત દત્ત ।
બધું એ વિના અન્ય હા નાશવંત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૧ ॥

સ્તવે દત્તને દેખ વિદ્યાધરાદિ
રટે દત્તને એક ગંધર્વ-આદિ ।
નમે એક એને જ નાગાદિ તાત
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૨ ॥

(૧) આશિષ

**જીવનનું નવલકથા જેવું છે તે કેટલી લાંબી છે તે નહીં પણ કેટલી સારી છે તે મહત્ત્વનું છે.**



નકી શ્રેષ્ઠ દત્ત કનિષ્ઠેય દત્ત
વળી ભિક્ષુ દત્ત મજુરેય દત્ત ।
અહા બાળ દત્ત નરસ્ત્રીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૩ ॥

ખરે દત્ત [1]દંડી અદંડીય દત્ત
અને દત્ત મુંડી જટી તેમ દત્ત ।
નકી દત્ત જ્ઞાની તથા મૂર્ખ દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૪ ॥

વળી દત્ત ક્રોધી અને શાન્ત દત્ત
તથા પુણ્યશાળી અને પાપી દત્ત ।
અહા ચોર એ દત્ત દાનીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૫ ॥

અરે દત્ત રોગી અરોગીય દત્ત
વળી દત્ત ભોગી અભોગીય દત્ત ।
નકી સંગ્રહી દત્ત ત્યાગીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૬ ॥

વળી દત્ત રાગી અરાગીય દત્ત
અને દત્ત સંગી અસંગીય દત્ત ।
અહા દત્ત વર્ણી અવર્ણીય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૭ ॥

અરે દત્ત રાજા ભિખારીય દત્ત
વળી દત્ત સ્વામી[2] ગુલામેય દત્ત ।

(૧) સંન્યાસી, સાધુ (૨) શેઠ, માલિક

**દુઃખનું ઓસડ દહાડા નહીં પણ ડહાપણ છે.**

અહા દત્ત મૌની વંદતોય દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૮ ॥

અરે મોહનિંદ્રા ત્યજી જીવ ઊઠ
સ્તવે સ્વાત્મસૂર્ય મહાદેવ દત્ત ।
ત્યજી સર્વ જો સેવ એ યોગિવર્ય
ગ્રહે શીઘ્ર માયેશ[૧] ભેદીજ માય ॥ ૯૯ ॥

નકી દેવ દત્ત મનુષ્યેય દત્ત
ખરે નીચ પ્રાણી અને કીટ[૨] દત્ત ।
વળી સ્થાવરે જંગમે દત્ત દત્ત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૧૦૦ ॥

કરે બદ્ધ માયા અમાયી જ દત્ત
અને જન્મદાતા અજન્મા જ દત્ત ।
કરે ના કરે સર્વ જીવેશ તાત
નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૧૦૧ ॥

ગયો કાળ તે ના ફરીથી જ આવે
ઘટે આયુ જો કાળ પાસે સિધાવે ।
ગળે હાંસડી કાં ભમે અંધ વ્યર્થ ?
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૦૨ ॥

બધાં જ્ઞાન ભક્તિ અને કર્મ યોગ
મળે દત્તધામે જ અંતે અમોઘ[૩] ।
બધી ડાળીઓ આ મળે દત્તસ્કંધે[૪]
સ્મરી લે અહીં નામ તું મૂળ ખંતે ॥ ૧૦૩ ॥

(૧) માયાનો ધણી, પરમેશ્વર (૨) કીડો (૩) અચૂક (૪) દત્તરૂપી થડમાં



તગે સ્કંધશાખા થતાં મૂળ સિક્ત[૧]
અને જાંબુ દે તાપમાં દેખ સ્નિગ્ધ ।
કળી છુંદ મા કૂદી હે મૂઢ ડાળે
રહે મૂળ સિંચન્ત યાવત્ ફળે એ ॥ ૧૦૪ ॥

કરો દીનનો દેવ એ સર્વરક્ષા
અને મુક્તિ દો ભુક્તિમુક્ત્યર્થ દક્ષા ।
લભો સૌખ્ય સર્વેય અત્યંત અત્ર
રહો દુઃખ કે ભીતિ ના અલ્પ કુત્ર ॥ ૧૦૫ ॥

અરે ધન્ય તે જાય જે દત્ત પાસ
ખરે ધન્ય તે જે ભજે દત્ત ખાસ ।
અહા ધન્ય તે જે સ્તવે દત્ત દીન[૨]
નકી ધન્ય તે થાય જે દત્તલીન ॥ ૧૦૬ ॥

જુઓ પ્રાણીમાત્રો તમે નેત્ર દત્ત
સુણોકાન સર્વત્ર શ્રીદત્તશબ્દ ।
સદા દત્તકીર્તિ જ ગા બેન જીહ્‌વે
જજો બંધુ હે પાદ શ્રીમત્પદે એ ॥ ૧૦૭ ॥

અહો મૂઢ આ રંગ-માયાવિબદ્ધ
થતાં રંગનિર્મુક્ત શ્રીદત્તસક્ત ।
થયો રાગદ્વેષાદિ પૂર્ણે જ રંગે
ત્યજી રંગ એ લીન શ્રીદત્તરંગે ॥ ૧૦૮ ॥

(૧) સિંચાતાં (૨) દીન થઈ

## (૪૪)
## સંગીત ગીતા - અધ્યાય ૧૫ તથા અન્ય શ્લોકો
## (શ્રી રંગઅવધૂત)
### પુરુષોત્તમયોગ

બોલે હરિ : ઉંચે મૂળ અને નીચે શાખાઓ જેની અરે,
અવ્યય અશ્વત્થ સનાતન એ સંસારસ્વરૂપે વિચિત્ર ખરે ! ૧
વેદ પાંદડાં જેહનાં, રક્ષે વૃક્ષ સદાય,
જાણે એને એમ તે વેદવેત્તા આંહ્ય ! ૨
ડાળાંઓ ઉપર ને નીચે ફેલાયાં એનાં ચોદિશ હો !
ફાલ્યાં ગુણથી, અંકુર વિષય ફૂટયા ત્યાં ચિત્રવિચિત્ર અહો ! ૩
નીચે ઉંડા ઉતર્યા મૂળાડાં એ દેખ,
ગૂંચાયાં કર્મો થકી મનુષ્યલોકે પેખ ! ૪
ના એવું એનું રૂપ અહીં આવે દેખ્યામાં જાણ અરે,
ના અંત ન આદિ પ્રતિષ્ઠાયે દેખાય ન એની કયાંય ખરે ! ૫
જામેલો અશ્વત્થ એ રૂઢમૂલ અતિ હાય,
છેદી અસંગશસ્ત્રથી સુદૃઢ યત્ને આંહ્ય, ૬
જ્યાંથી પ્રવૃત્તિ પુરાણી આ ચાલી સૃષ્ટિક્રમની આવે,
એ આદ્ય પુરુષની જાઉં કને સંકલ્પ કરી એવો જ જવે, ૭
કરે શોધ એ પદ તણો ત્યારપછી નિર્વાણ,
ફરે ન પાછા જ્યાં જઈ ફરી કોઈ દિન જાણ ! ૮
જેને અભિમાન ન મોહ નહીં, જિતસંગ સદા સ્વાત્મસ્થિત જે,
નિષ્કામ અને નિર્મુક્ત વળી દ્વંદ્વોથી સુખદુઃખાત્મક જે, ૯
પામે જ્ઞાની એહવા પદ અવ્યય મુજ તેહ,
જ્યાંથી પાછા ના ફરે કલ્પાંતે પણ એહ ! ૧૦

**માતા, પિતા, ગુરૂ તેમજ રોગીની આજીવન સેવા કરવી.**



ન પ્રકાશિત સૂર્ય કરે એને, ના ચંદ્ર ન અગ્નિ જાણ અરે,
ના આવાગમન પહોંચે જ્યાં, એ ધામ પરમ મમ જે ન ચળે !! ૧૧
અંશ સનાતન માહરો જીવ દેહમાં એહ,
પ્રકૃતિસ્થિત ઈન્દ્રિયો ખેંચે મન સહ તેહ. ૧૨
જ્યારે આ જીવ શરીર ગ્રહે, નીકળે ત્યાંથી વા બ્હાર યદા,
જયમ પુષ્પાદિકથી ગંધ હવા, ત્યમ સાથ લઈ એ જાય તદા. ૧૩
આંખ કાન ત્વચા અને જીભ નાક મન જેહ,
જીવ આશ્રયે એમના વિષય ભોગવે એહ. ૧૪
જાતાં ત્યજી દેહ, રહેતાં ત્યાં ભોગવતાં વિષય ગુણે ઝીણા,
ના દેખે મૂઢ, વિલોકે એ જ્ઞાની ચક્ષુથી જ્ઞાન તણાં. ૧૫
દેખે યત્ને યોગીઓ હૃદયે સ્થિત એ ગૂઢઃ
કર્યે યત્ન પણ ના જુએ અશુદ્ધચિત્ત વિમૂઢ ! ૧૬
રહી સૂર્ય વિષે જે તેજ અહા જગ પૂર્ણ પ્રકાશિત એહ કરે,
જે ચંદ્ર મહીં જે અગ્નિ મહીં, તે તેજ માહરૂં જાણ અરે ! ૧૭
પેસી પૃથ્વીમાં તેજથી ભૂત ટકાવું સર્વ.
થઈ અમૃતમય ચંદ્રમાં, પોષું વનસ્પતિ સર્વ. ૧૮
રહું દેહ વિષે સહુ પ્રાણી તણા, વૈશ્વાનર અગ્નિ થઈ જો હું,
થઈ યુક્ત પ્રાણ અપાન થકી, પાચન કરું અન્ન[1] ચતુર્વિધ હું ૧૯
રહ્યો સર્વના દેખ હું હૃદયે આ સાક્ષાત્‌ઃ
સ્મરણ જ્ઞાન ને વિસ્મૃત થાય મુજ થકી તાત ! ૨૦
વેદોથી સર્વ મને જ લહે, હું એક જ વેદ્ય[2] સનાતન રે,
કર્તા વેદાંત તણો, વેત્તા વેદોનો હું જ અગમ્ય ખરે ! ૨૧
બે પુરુષો આ લોકમાં, ક્ષર અક્ષર તું જાણ,
ભૂત સર્વ ક્ષરમાં ગણ્યાં, અક્ષર જીવ પ્રમાણ. ૨૨

(૧) ભક્ષ્ય, પેય, ચોસ્ય (ચૂસીને ખવાય એવાં) ને લહ્ય (ચાટીને ખાવાનાં) (૨) જાણવાયોગ્ય, જ્ઞેય

**જ્યારે કોઈ મુંઝવણનો ઉકેલ ન જડે ત્યારે એકાંતનો આશરો લઈ પ્રભુને પ્રાર્થના કરો.**

બંનેથી ઉત્તમ પુરુષ અરે જૂદો, પરમાત્મા જેહ કહ્યો,
પેસી લોકત્રયમાં સહુને પોષે એ અવ્યય ઈશ લહ્યો ! ૨૩
પાર ક્ષર થકી હું રહ્યો, અક્ષરથીય ઉત્તમ,
લોકે વેદે હું તથા પ્રસિદ્ધ પુરુષોત્તમ !! ૨૪
જાણે પુરૂષોત્તમ એમ મને થઈ મોહવિવર્જિત જેહ અહીં,
ભાવે સર્વાત્મ ભજે મુજને સર્વજ્ઞ નકી એ જગ્ત મહીં. ૨૫
કહ્યું નિષ્પાપ આ તને શાસ્ત્ર ગુહ્ય અત્યંત,
જાણી એહ જ્ઞાતા થઈ થાએ કૃતાર્થ કૃતાર્થ અંત !! ૨૬

---------

## સંગીત ગીતા અન્ય શ્લોક

ધર્મા ધર્મ લહું નહીં, પડે ન કાંઈ સૂઝ, ૨/૬
શિષ્ય તાહરો દીન હું, દુઃખ માહરું બૂઝ
જે શ્રેય સુનિશ્ચિત તે જ કહે, શરણાગત મા તરછોડ હરે ૨/૭
આ શોક સુદુઃસહ રાજ્ય ન એ સ્વર્ગાદિકના પણ કો દિ હરેઃ
કરી શોક અશોચ્યનો,[1] બોલે પંડિત વાણ ! ૨/૧૦
મૃતામૃત તણો ના કદિ કરે શોક વિદ્વાન
ના જન્મે, કો દિ મરે ન, થઈ ના હોશે ના એવુંય કહીં; ૨/૧૯
અજ નિત્ય પુરાણ સનાતનએ, ન હણાય હણાતાં દેહ અહીં
અવિનાશી અજ નિત્ય એ જાણે અવ્યય જેહ, ૨/૨૦
મારે કોને વા મરાવે કોને ક્યમ તેહ ?
જે જન્મ્યું તે મરવાનું નકી, જે મૃત તેનો છે જન્મ નકી; ૨/૨૫
જાણી એ વસ્તુભાવ નકી અનિવાર્ય, ન થા તું આ દુઃખી.
આદિ અંતમાં ના દિસે, ભાસે મધ્યે જેહ, ૨/૨૬

(૧) જેનો શોક ન કરવો તેનો

**જ્યાં પૈસો જ પરમેશ્વર છે ત્યાં સાચા પરમેશ્વરને કોઈ પૂજતું નથી.**



શોક નકામો તેહનો, ના ભાસે પણ તેહ.
છે નિત્ય અવધ્ય[1] શરીર મહીં એ દેહી આત્મા જાણ અહીં; ૨/૨૭
માટે ના કરવો શોક કહીં કોઈનો પણ આ ભોમ મહીં.
લાભાલાભ સમા ગણી, જય પરાજય તેમ; ૨/૩૮
સુખદુઃખે સમ ભીડતાં, લાગે પાપ ન એમ.
દુઃખે મન ખિન્ન ન જેનું અહીં, સુખમાં ન કદિ લપટાય કહીં; ૨/૫૩
ભય ક્રોધ ન પ્રીત ન ચિત્ત મહીં, સ્થિતપ્રજ્ઞ મુનિ એ ધન્ય અહીં.
અનાસક્ત વર્તે બધે, પામી શુભાશુભ ફળ, ૨/૫૪
રાગદ્વેષ જેને નહીં, સ્થિર બુદ્ધિ એ નર.
પરધર્મ સ્વનુષ્ઠિતથી[2] ગુણહીન સકષ્ટ[3] સ્વધર્મ ઘણો સારો, ૩/૩૫
છે શ્રેય સ્વધર્મ મહીં મરતાં, પરધર્મ ભયંકર ગોઝારો.
છેદા સંશય જ્ઞાનથી, ત્યજયાં યોગથી કર્મ, ૪/૪૨
આત્મજ્ઞાનીને એ કદિ બાંધે કર્મ ન ભ્રમ.
રોકી સહું ઇંદ્રિયદ્વાર નિરોધ કરી મનનો હૃદયે ધ્યાની, ૮/૧૩
રાખી મસ્તકમાં પ્રાણ સુધી[4] યોગાભ્યાસે સ્થિર જે જ્ઞાની.
સ્મરતો મુજને બ્રહ્મ એકાક્ષર ૐ ૐ એમ, ૮/૧૪
જાય જપંતો તનુ ત્યજી, લભે પરમ ગતિ તેમ !
મુજને જ નિરંતર જેહ સ્મરે ચિત્ત અન્ય સ્થળે જયમ જાય નહીં. ૮/૧૫
એવા જે યુક્ત સદા મુજમાં યોગી તેને હું સુલભ અહીં.
પરમ સિદ્ધિગત હરિજનો પામી મુજને પ્રેત્ય[5] ૮/૧૬
પામે જન્મ ન એ ફરી દુઃખસ્થાન અનિત્ય.
કરતા કીર્તન મુજનું હંમેશ કરે સાધન દઢ નિશ્ચયથી, ૯/૧૪

(૧) હણાય નહીં તેવો (૨) સારી રીતે પળાયેલો (૩) મુશ્કેલીથી પળાતો (૪) શુભ બુદ્ધિવાળો
(૫) મરી ગયા પછી

**આપણા શુભ પ્રયત્નથી દુનિયા તો નથી સુધરતી, પણ આપણા પર જ એની સારી અસર થાય છે.**

ધ્યાતાં વંદન કરતા મુજને ભાવે નિત એમ ભજે ઉરથી.
ધર્મે આ રાખે નહીં શ્રદ્ધા જે જન આંહ્ય; ૯/૩
ના પામી મુજને મરે, કરે ભ્રમણ ભવ માંહ્ય.
હું ઈશ અજન્મા લોક તણો, ના આદિ લહે જે એમ મને; ૧૦/૩
થઈ મોહવિમુક્ત અહીં નર તે છૂટે સહુ પાપ થકી જ્ઞાને.
ભૂતમાત્રના હૃદયમાં સ્થિત આત્મા હું જાણ; ૧૦/૨૦
આદિ મધ્ય ને અંત પણ હું ભૂતોનો માન.
તું બાપ ચરાચર આ જગનો, ગુરુ મોટો સહુથી પૂજ્ય તથા; ૧૧/૬૨
ન સમાન, અધિક ક્યાંથી તુજથી બીજો લોકત્રય માંહ્ય તતા !
માટે દેહ નમાવીને કરી દંડપ્રણામ, ૧૧/૬૩
કૃપાભીખ યાચુ પ્રભો, તુજ ચરણે આમ !
મારામાં ચિત્ત પરોવી રહે એવાઓ ને શીઘ્ર જ અર્જુન; ૧૨/૭
મૃત્યુમય આ સંસારસમુદ્ર થકી ઉદ્ધરૂં હું ન જતાં ક્ષણ.
ઠેરવ મન મુંજમાં જ તું, જોડ બુદ્ધિ મુંજ માંહ્ય; ૧૨/૮
મુજ મહીં જ રહીશ તું પછી નિઃશંક આંહ્ય.
જો સત્ત્વ તણા ઉત્કર્ષ વિષે પામે પ્રાણી મૃત્યું આંહી, ૧૪/૧૪
પામે એ નિર્મલ લોક તદા દેવાદિક ના નિશ્ચય ત્યાંહીં.
પામે મૃત્યુ રજોગુણે, જન્મે મનુષ્ય માંહ્ય, ૧૪/૧૫
મરતાં તમોગુણે અરે, મૂઢયોનિમાં[૧] જાય !
મૂઢો એ જન્મોજન્મ વિષે પામી યોનિ આસુરી અર્જુન, ૧૬/૨૧
ના પ્રાપ્ત કરી મુજને તેથી પામે ગતિ અધમ અતિશે તૂર્ણ.
દ્વાર નરકનાં ત્રિવિધ આ, આત્મનાશક એમ; ૧૬/૨૨
કામ ક્રોધને લોભ હા ! ત્યજે ત્રણે એ તેમ.
આ ત્રણ તમોદ્વારોથી જે છૂટ્યો નર પુણ્યબળે અર્જુન, ૧૬/૨૩

(૧) પશુ વગેરેની

ભેગા મળીને જીવે, તે ગામડાની સંસ્કૃતિ, ભેગું કરીને જીવે, તે શહેરી સંસ્કૃતિ.



સાધે નિજ શ્રેય કરી સાધન, પામે ગતિ શ્રેષ્ઠ પછી એ તૂર્ણ.
વર્તે સ્વેચ્છાએ અહીં ત્યજી શાસ્ત્રવિધિ જેહ, ૧૬/૨૪
ના સિદ્ધિ ના સુખ નહીં પરમ ગતિ તેહ.
આરંભે વિષ સમ જેહ અરે, પરિણામે અમૃતસમ જે તે; ૧૮/૩૭
આત્મસ્થિત બુદ્ધિ તણી નિર્મળતાથી પામે સુખ સાત્વિક તે.
સૂણ ત્રિવિધ સુખ આ કહ્યું; અભ્યાસે જન જ્યાંય, ૧૮/૩૬
રે' આનંદિત સર્વદા, નાશ દુઃખનો થાય.
ઈશ્વર સહુ ભૂત તણા હૃદયે રે' છે અર્જુન તું જાણ અહીં; ૧૮/૬૧
ફેરવતો યંત્રારૂઢ બધાં ભૂતો માયાથી ગૂઢ રહી !
જા શરણે એને જ તું સર્વભાવથી માન; ૧૮/૬૨
તત્કૃપાથી શાંતિ ને પામીશ અક્ષય સ્થાન !
રાખી મન મુજમાં ભજ મુજને, યજ વંદન ભાવે કર મુજને; ૧૮/૬૫
પામીશ મુજને જ, પ્રતિજ્ઞાથી કહું સત્ય અરે તું પ્રિય મુજને !
સર્વ ધર્મ ત્યજી આવ તું એક મને જ શરણ; ૧૮/૬૬
કરીશ મુક્ત સહુ પાપથી, મા કર શોક ક્ષણ !!
મૂકી દોષૈકદૃષ્ટિ વળી સૂણશે શ્રદ્ધાથી જેહ તથા, ૧૮/૭૧
તે પણ પુનશાળી તણા શુભલોક લભે થઈ પાપથી મુક્ત તતા !
આપણો આ ધર્મમય પઢશે જે સંવાદ, ૧૮/૭૦
પૂજ્યો મુજને એહણે જ્ઞાનયજ્ઞથી તાત !
અત્યદ્ભુત રૂપ હરિનું એ સંભારી સંભારી નૃપ હે ! ૧૮/૭૭
પામું વિસ્મય અતિ હું મનમાં, થાઉં આનંદિત ફરી ફરી એ.
જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે, પાર્થ ધનુર્ધર જ્યાંય, ૧૮/૭૮
માનું છે શ્રી વિજય ને ભૂતિ નીતિ ધ્રુવ ત્યાંય !

બાળક એ કોઈ વાસણ નથી કે એની ભરી દઈએ, એ જ્યોત છે, જેને પેટાવવાની છે.

## (૪૫)

# મૃત્યુ વિષયક

**૨/૧૦ ૦.૫૯.૧૪**

**ગુરુ લીલામૃતમાંથી વિણેલા દોહરા**

**(ગુરુનામામૃત પાન-જ્ઞાનપ્રપા પાન નં. ૭૯-૮૭)**

**વિષ્ણુ જોષી, જાનકી જોષી, અમી ઠાકોર**

અ.૨

ભક્તસારથિ તું પ્રભો! દોરી તારે હાથ;
મૂક્યું માથું ચરણમાં; મા કર અધવચ ઘાત! ૧૦.

અ.૧૭

વૃક્ષશાખા તોડતાં; મરે વૃક્ષ ન ખાસ;
થાય ડાળી નિર્જીવ એ; તેમ જીવ ઉદાસ[1] ૩૫.
શરીર પડતાં ના પડે, મરતાં ન મરે એહ;
બ્રહ્મરૂપ અખંડ એ, ભિન્ન દેહથી તેહ. ૩૬.
અંતકાળે રોગીને, થતાં ત્રિદોષ જાણ,
થાએ વ્યાકુળ એ અતિ, રહે ન કાંઈ ભાન. ૪૮.
ઈન્દ્રિયો ખેંચાય ને, થાય લીન મન માંહ્ય;
થાય મનોલય પ્રાણમાં, પ્રાણ તેજમાં જાય. ૪૯.
ભળે તેજ પરતેજમાં, દેવસ્વરૂપે એમ;
કોણ કોને ત્યાં લહે? રડે મૂઢજન તેમ. ૫૦.
સ્ત્રીપુત્રાદિક સહુ રડે, થાએ રડારોળ;
કહે કોણ હું? જો મુને! ફરે ન દૃષ્ટિ લોલ!! ૫૧.
થઈ લીન તે ના ફરે, દૃષ્ટિ પાછી જાણ;
અભ્યાસે ત્યમ દેહનું, જતાં સમૂળ ભાન. ૫૨.

તમે હારી જાવ એની મને ચિંતા નથી પણ હારીને બેસી જાવ તેની મને મોટી ચિંતા છે.



થાય ઈન્દ્રિયો લીન એ, ચિત્ત માંહે તેમ
ચિત્ત પ્રાણમાં પ્રાણ પણ, શમે તેજમાં એમ. ૫૩.
શમે તેજ પરતેજમાં, પરબ્રહ્મમાં જાણ;
અનુકૂલાભ્યાસે ક્ષણે, સમરસ જીવ પ્રમાણ. ૫૪.
કોણ કોને ઓળખે, જયાં દ્વૈત ના લેશ?
થતાં વિસ્મૃતિ મોતથી, ફરી ભોગવે ક્લેશ. ૫૫.
જન્મમરણપરંપરા, ટળે ન કાયમ ત્યાંય
થતાં લીન અભ્યાસથી, ભ્રાંતિ સમૂળ જાય. ૫૬.
શરીરભાન ગળે સહુ, નાવે કદિએ મોત;
જન્મ કદાપિ થાય ના; એ તો જીવન્મોત! ૫૭.
થતાં જ્ઞાન વિજ્ઞાન[2] ત્યાં, થાય કામના પૂર્ણ;
બ્રહ્મજ્ઞાનફળ એ નકી, મળે નિર્વાણ તૂર્ણ ૮૦.
ઘટપૂર્વે માટી હતી, મધ્ય માટી જાણ;
ફૂટતાં ઘટ મૃત્તિકા, થાય પૂર્વવત્ માન. ૮૨.
ઓળખતાં ઘટ એક એ, જાણે સર્વ વિકાર
મૃત્તિકાના માનવી; નામ તિહાં આકાર.૮૩.
નાશવંત બંને નકી, એક મૃત્તિકા સાર;
આદિ અંત મધ્યે રહ્યું, એમ બ્રહ્મ નિર્ધાર. ૮૪.
ઘટદ્રષ્ટા,જયમ ઘટ થકી, લોકે જુદો જાણ;
દેહદ્રષ્ટા ત્યમ દેહથી, ત્વંપદાર્થ એ માન. ૮૯.
સ્ત્રીપુત્રાદિક સર્વ એ, સ્વપ્રીત્યર્થ જેમ;
તત્પ્રીત્યર્થ ન એ કદિ, સ્વાત્મા પ્રિયતમ તેમ. ૯૦.
ત્વંપદાર્થ સુખરૂપ એ, માટે બ્રહ્મસ્વરૂપ;
એ જ સત્ એ ચિદ્ નકી, એવું ઐક્ય અનુપ. ૯૧.
પડે દેહ તોએ કદિ, તૂટે ના સ્વપ્રેમ;
લાગે હું હોઉં સદા; ત્વંપદાર્થ સત્ એમ. ૯૨.

ગરીબ ખોરાક શોધે છે, જ્યારે પૈસાદાર ભૂખ શોધે છે.

જવું આવવું મનતણું, તેમ બુદ્ધિવિકાર;
જાગ્રત્સ્વપ્નનિદ્રાતણા, જાણે અનુભવ સાર. ૯૩.
**હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;**
**સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક. ૧૨૮.**
યોગાભ્યાસે સ્થિર કરી, ચિત્ત નિરંતર આમ;
કરતાં ધ્યાન અખંડ આ, પામે અક્ષય ધામ. ૧૨૯.

**અ.૩૧**

**મદાલસા માતા :-**

કહે માત સુતકર્ણમાં; સાંભળ સાવધ બાળ;
કર્યું હાડકાંથી અહા, ઊભું આ વિકરાળ! ૩૩.
બાંધી નાડીઓ બધે; લીપ્યું માંસે તેમ;
ભર્યું રક્તમલમુત્રાથી, છેક અમંગલ એમ. ૩૪.
કાક કૂતરા માંસને, લઈ જાય ના જાણ;
માટે ઢાંકી ચામડે, રક્ષે ઈશ્વર માન. ૩૫.
અંતર્બાહ્ય અશુદ્ધ જે, ના સ્વાત્મા તે એમ;
વ્યર્થ મોહમાં કાં પડે, અહંમમત્વે તેમ ? ૩૬.
તું તો મંગલ સર્વથા, ના અપવિત્ર શરીર;
દેહ ન તારો જાણ રે! મા ઠગાઈશ ધીર!! ૩૭.
મન પ્રાણેન્દ્રિય બુદ્ધિ ને, અંહકાર પણ તેમ;
ના સ્વાત્મા; જો અંતરે, શાંત વિચારી એમ. ૩૮.
ઘટદ્રષ્ટા ઘટથી કહ્યો, ભિન્ન સર્વથા જાણ;
તેમ દેહાદિકતણો, દ્રષ્ટા ભિન્ન પ્રમાણ. ૩૯.
સ્વયંજ્યોતિ કેવળ અહા! આત્મા પવિત્ર એહ;
એજ રૂપ તારૂં અરે! મા કર તું સંદેહ!! ૪૦.
ના જન્મ્યો તું મૂળમાં; ક્યાંથી આવે મોત?
ના વિકાર સ્પર્શે તુને, ક્યાં વર્ણાશ્રમ ગોદ ? ૪૧.

**જે બીજાને જાણે છે તે શિક્ષિત છે, પરંતુ જે પોતાને ઓળખે છે તે બુદ્ધિમાન છે.**



ક્યાંથી આવ્યો? કોણ તું? રડે વ્યર્થ કાં એમ?
નાંખ્યો કોણે મોહમાં? કર વિચાર તું તેમ! ૫૯.
પૂર્વાર્જિત કર્મે મળ્યો, દેહ માનવી આમ;
જાણ ભિન્ન એ તુજ થકી, તું તો સ્વાત્મારામ. ૬૨.
ધરી અહંતા એહની, મમતા મેલી તેમ;
કરે કર્મ જો ત્રિવિધ તું, મટે ન ભ્રમણા એમ. ૬૩.
જન્મમરણઘટમાળ આ, લખચોરાશી જાણ;
ટળે ન અજ્ઞાને કદિ, અહંગ્રસ્તની માન. ૬૪.
આત્મા સ્વયંપ્રકાશ જે, કેવલ સાક્ષી એમ;
અજ અક્ષય અવિકાર એ, રૂપ માહરૂં તેમ. ૬૫.
એવો નિશ્ચય કર સદા; નિત્ય સત્ય હું એક;
ભૂત સર્વ મુજમાં વસે, હું ભૂતોમાં છેક! ૬૬.
શુદ્ધ બુદ્ધ અદ્વૈત હું, સચ્ચિત્સુખમય જાણ;
એવું ધ્યાને દઢ કરી, રહે સ્વાત્મસ્થ માન. ૬૭.
સાધુ ઓળખવા સ્વયં, થાવું સાધુ જાણ;
એ વિણ સૂક્ષ્મ રહસ્ય એ, લહે ન કોઈ માન. ૧૧૫.

**અ.૩૨**

પિતૃપ્રેતાદિક બધાં, તરે સ્વકર્મે તેહ;
તારે બીજો નર વૃથા, ભ્રાંતિ કેવળ એહ. ૪.
કર્માધીન નિવાસ આ, જીવમાત્રનો જાણ;
નિર્મ્યો વિધિએ યોગ સહ, વિયોગ તેમજ માન. ૩૫.

**અ.૩૩**

કહેઃ ભૂતસંઘાત આ, સ્થૂલ દેહ જડ જાણ;
વિકારવશ ક્ષણ ક્ષણ નકી, કેવલ અનિત્ય માન. ૩૦.

**ભોગમય જીવન એ ભીખ કરતાં વધારે ભુંડુ છે.**

નિર્વિકાર આત્મા સ્વયં, વ્યાપક અખંડ તેમ;
પરિચ્છિન્ન દેહાદિને, જાણે અલિપ્ત એમ. ૩૧.
એજ રૂપ મારૂં નકી, ભિન્ન દેહથી જાણ;
સત્ય ચિદાત્મા એક હું, ચાલક ભાસક માન. ૩૨.
રહી ઈન્દ્રિયોમાં કરે, ચલનવલન જે એમ;
નિદ્રામાં જડતા ધરે, પ્રાણ સાક્ષી હું કેમ? ૩૩.
દોડે ક્ષણ ક્ષણ મન અહા, જાણું સઘળું એમ;
ના હું એવો ના કદી, આવે સંશય તેમ. ૩૪.
છેક ભિન્ન વિભુ અચલ હું, ના મન તેથી જાણ;
થાય લીન જે ઉંઘમાં, ના બુદ્ધિ વિજ્ઞાન. ૩૫.
સાક્ષી ચેતા હું અહા! ભિન્ન સર્વથી એમ;
અહંકાર પણ હું નહીં, જડ ત્રિગુણાત્મક તેમ. ૩૬.
શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીંદ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન. ૩૭.
એવો નિશ્ચય હું તિહાં, ક્યાંથી આવે દુ:ખ?
બન્યો કેમ હા બાવરો? હું તો કેવળ સુખ! ૩૮.
આમસ્તકપદ ના દિસે, દુ:ખ શોધતાં તેમ;
જન્મમરણ વ્યાધિ બધાં, દેહ દુ:ખ ના એમ. ૩૯.
સ્પર્શે મુજને સર્વથા; હું તો ન્યારો જાણ;
પીડાએ પણ જડ નકી, ભૂખતરસથી પ્રાણ. ૪૦.
ના હું તદ્દુ:ખે કદિ, થાઉં દુ:ખિત એમ;
વર્તે મુજ સત્તા થકી, સર્વ ભૃત્યવત્ તેમ. ૪૧.
રાગદ્વેષનું મૂળ એ, ચંચલ મન પ્રમાણ;
હસે રડે સુખદુ:ખથી, અજ્ઞવિકારે માન. ૪૨.
ના હું જો એ સર્વથા, નડે કાં મુને એમ?
દુ:ખ એકનું અન્યને, સ્પર્શે શું કદિ તેમ? ૪૩.

**પ્રાર્થના એ ''હૃદયનું સ્નાન'' અને ''હૃદયનો ખોરાક'' છે.**



એમ વિચારી અંતરે, જાણી દુ:ખકારણ,
બોલે હાસ્ય કરી તિહાં!, કહે કર્યું શોધન. ૪૪.
વ્યોમ વાયુ ને તેજ એ, જળ પૃથ્વી પણ તેમ;
ભૂતો જડ ચંચલ બધાં, રૂપ ન મારૂં એમ. ૪૫.
સત્ ચિત આત્મા એક હું, કેવલ નિશ્ચલ જાણ;
ભૂત ભૌતિક ગુણ થકી, ન્યારો નિર્ગુણ માન. ૪૬.
મનપ્રાણેંદ્રિયબુદ્ધિનો, સાક્ષી ચેતન તેમ;
તદ્ તદ્ દુ:ખે કાં રડું, જો ભિન્ન હું એમ? ૪૭.
દેહાહંતા દુ:ખનું, મૂળ અમંગલ જાણ;
તત્સંગ ત્યાગે ન એ, જડે દુ:ખનું સ્થાન; ૪૮.
સૂક્ષ્મ વિચારે માહરૂં, જાણ્યું સ્વરૂપ એમ;
થયું દુ:ખ મનને નકી, કહું અનુભવે તેમ. ૪૯.
દુર્લભ આત્મવિવેક આ, ઢૂંઢે ઋષિમુની જાણ;
પ્રશ્નમાત્રથી એ સ્ફૂર્યો, થતાં અનુગ્રહ માન. ૫૦.
સ્વયંપૂર્ણ હું સર્વદા, વધું ઘટું ના તેમ;
ભાસે મનમાં દુ:ખ જે, સ્પર્શે મુજને કેમ ? ૫૧.
જે જે ભાસે તે બધું, માયિક નશ્વર જાણ;
દેહેંન્દ્રિયપ્રાણાદિનું, સુખ પરિણામી માન. ૫૨.
ના તેથી સંબધ્ધ હું, નિત્યાદ્વૈત અખંડ;
શુદ્ધ નિરંજન પૂત હું, તેજ:પુંજ અદંડ! ૫૩.
અક્ષય અવિનાશી સદા, પરિણામાતિગ તેમ;
સર્વસંગનિર્મુક્ત હું, સુખદુ:ખાતિગ એમ. ૫૪.
પંચભૂતસમૂહ જે, સ્થૂલ દેહ એ જાણ;
સૂક્ષ્મ વાસનામય નકી; બંને જડ પ્રમાણ! ૫૫.

**માનવતા લજવાય એવો વ્યવસાય કે આચરણ કદી ન કરવું.**

ના જાણે નિજ રૂપને, શું જાણે પર એમ?
માટે એથી ભિન્ન હું, સાક્ષી ચેતન તેમ. ૫૬.
વાત પિત્ત કફ ધાતુઓ, વસે સ્થૂલમાં જાણ;
થતાં કુપિત એ વ્યાધિથી, પીડાએ તનુ માન. ૫૭.
તોએ જડ એ ના લહે, વિકાર નિજનો એમ;
જે જાણે તે પર નકી, સાક્ષી સ્વાત્મા તેમ. ૫૮.
કામાદિક સૂક્ષ્મે સ્ફૂરે, થાય સૂક્ષ્મને રોગ;
જે જાણે પર એ વસે, જયાં ના બંને યોગ. ૫૯.
માટે કારણ દુ:ખનું, કારણ[૧], એ અજ્ઞાન;
જ્ઞાનીને સ્પર્શે નહીં, સ્વપ્ને પણ જે માન. ૬૦.
કરતાં વિચાર એ ક્રમે, ભાસે મનમાં દુ:ખ;
ભર્યો જેમનો તેમ હું, કેવળ અખંડ સુખ! ૬૧.
**ચૌદ લોકનો નાથ હું! કેવળ સુખનું ધામ;**
**આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ. ૮૨.**
ના જાણ્યું આ જયાં સુધી, દુ:ખ ત્યાં સુધી જાણ;
થતાં જ્ઞાન અદ્વૈત એ, રહે ન દુ:ખનિશાન. ૮૭.
**અ.૩૯**
કરી રટણ ઓંકારનું, ત્યજવા કહ્યું શરીર;
મૃત્યુચિહ્ન બોધ્યાં અહા, સ્વરાધારથી ધીર! ૮૮.
**અ.૪૦**
કોણ અમર ભૂતલ વિષે?, ગ્રસે કાળ તમામ;
માટે છોડી ભય સુધી, કરે ધ્યાન નિષ્કામ. ૫૪.
જાયું તે જાશે નકી, જાણી એમ સુજાણ;
ચિત્તૈકાગ્ર્યે સર્વદા, કરવું સ્વાત્મધ્યાન. ૫૬.



મરણ સુધી ના છોડવું, આત્મધ્યાન એ તેમ;
ધ્યાતાં ધ્યેય થવાય ને, ચૂકે ફેરો એમ. ૫૭.
થાય નષ્ટ પ્રતિબંધ તો, આ જન્મે જ સુમુક્ત;
નહિ તો જન્માંતર વિષે, થાય સતત જે યુક્ત. ૫૮.
જાય વૃથા અભ્યાસ ના, કહે પુકારી વેદ;
માટે રાત્રંદિન કરે, યોગાભ્યાસ અખેદ. ૫૯.
દૈવે જ્ઞાન થયા વિના, થાય મૃત્યુ યદિ જાણ;
યોગભ્રષ્ટ થઈ વરે, અન્ય જન્મ નિર્વાણ. ૬૦.
સંસ્કારોથી પૂર્વના, પુન: કરે અભ્યાસ;
જયાંથી બાકી હોય તે, ત્યાંથી આગળ ખાસ. ૬૧.
પામી અંતે જ્ઞાન ત્યાં, થાયે મુક્ત સુજાણ;
ના પામે દુર્ગતિ કદિ, અનુભવ શાસ્ત્ર પ્રમાણ. ૬૨.
માટે નિશ્ચલ આસને, અંતકાલમાં એમ,
બેસી સુસ્થિર દેહથી, ચિત્તૈકાગ્ર્યે તેમ. ૬૩.
ડાબી એડી ગુદા વિષે, અન્ય મેંઢ્ર પર જાણ,
રાખી યુક્તિથી પુન:, ખેંચે ઊર્ધ્વ અપાન. ૬૪.
દાબી હનુ ઉર પર તથા, સપ્તરંધ્ર પર તેમ;
રાખી અંગુલિ અંતરે, કરે વશ્ય મન એમ. ૬૫.
ઈન્દ્રિય મનમાં ધ્યાનથી, કરી લીન સુજાણ,
મન પ્રાણમાં લીન કરી, થઈ સુસાવધ માન. ૬૬.
પંચપ્રાણો એકઠા કરી, સુષુમ્ણા માંહ્ય,
ભેદી મૂર્ધસ્થાનને, જાવું નિર્ભય ત્યાંય. ૬૭.
ચિંતી પરમાત્મા હૃદે, ૐ ઉચ્ચારી તેમ;
લેવી મુક્તિ જ્ઞાનથી, આત્મધ્યાને એમ. ૬૮.
રાતે દિવસે નર યથા, ના ભૂલે ગૃહદ્વાર,
ખોલે અચૂક એ યથા; તેમજ આ નિર્ધાર. ૬૯.

યોગાભ્યાસે દ્વાર સહુ, થતાં પ્રકાશિત એમ,
મધ્યમાર્ગથી યોગીઓ, જાએ અચૂક તેમ. ૭૦.
માટે આળસ છોડીને, કરવો નિત્યાભ્યાસ;
મળે મોક્ષ તેને નકી, થાએ ભ્રષ્ટ ન ખાસ. ૭૧.
ઊભું રહે ઘર જયાં સુધી, રહે મોજથી જાણ;
માંકડ ચાંચડ ઉંદરો; નાસે પડતાં માન. ૭૨.
સ્ત્રીપુત્રાદિક તેમ આ, રહે આશથી પાસ;
મરતાં ક્ષણ પણ ના ઠરે, દે ફૂંકી જયમ ઘાસ! ૭૩.
શાને સોબત એમની, લૂંટે જે પર[1] ધન
અંતે નાસે છોડીને, રહે સાથ ના ક્ષણ! ૭૪.
યાવત્ મોજમઝા મળે, રાખે તાવત્ પ્રેમ;
દેહ થાકતાં ના રહે, પાસે કોઈ એમ! ૭૫.
થતાં પરાધીન રોગથી, કહે મરે તો ઠીક;
બોલાવ્યા બોલે નહીં! પ્રીત દુન્યવી ધિક્!! ૭૬.
કૂતરા સમ ટૂકડો, આપે ખાવા જાણ;
છોડી વાગ્બાણો અહા, વીંધે મર્મસ્થાન! ૭૭.
નાવે કરુણા જેમને, અંતે વેરી જેહ;
શાને સોબત તેમની? જોવું આત્મહિત તેહ! ૭૮.
બને વિશેષ ન જો તહીં, અલ્પ અલ્પ પણ જાણ
કરવો ઉત્સાહે સદા, આત્માભ્યાસ પ્રમાણ. ૭૯.
માટીનો ઢગલો કરે, ધીમે ધીમે જેમ
ડીમક[2] મુખથી જાણ, આ વધે અભ્યાસ તેમ. ૮૦.
કીડી કણ મુખમાં ગ્રહી, પડે તોય પણ જાણ,
પુનઃ પુનઃ યત્ને ચઢે; કરવું તેમજ ધ્યાન. ૮૧.
માટે ધૈર્ય ન છોડવું, કરવો સતતાભ્યાસ
રાખી શ્રદ્ધા અંતરે, છોડી આળસ ખાસ. ૮૪.

**વિદ્યાનું ફળ ઉત્તમ ચારિત્ર્ય અને સદાચાર છે.**



ભાસક જાગ્રત્સ્વપ્નનો, ઈન્દ્રિય ચાલક તેમ;
એજ સચ્ચિત્સુખ નકી, ધ્યાવો આત્મા એમ. ૮૫.
થાય કીટ તન્મય યથા, ભ્રમરધ્યાનથી જાણ,
એજ દેહમાં ભ્રમરતા, પામે નિશ્ચય માન; ૮૬.
તેમજ યોગી ધ્યાનથી, થાએ ધ્યેય સ્વરૂપ;
ના આશ્ચર્ય તિહાં કશું, મા શંકા કર ભૂપ! ૮૭.
જીવ બ્રહ્મ મૂળે સ્વયં, કરતાં બ્રહ્મધ્યાન,
જાણી બ્રહ્મત્વ આત્મનું, લે નિશ્ચય નિર્વાણ. ૮૮.
માટે ત્રિકાલ સાધીને, કરે સદા અભ્યાસ;
બને કાળનો કાળ એ, જીવન્મુક્ત ઉદાસ! ૮૯.
થાવા સિદ્ધિ અભ્યાસની, ભજવો ઈશ્વર તેમ;
ઈશ્વર સદ્‌ગુરુ રીઝતાં, પડે કષ્ટ ના એમ. ૯૦.
કરી મજુરો એકઠા, કામ કરાવે જાણ,
થઈ શેઠ સાક્ષી સ્વયં, તેમ અત્ર પણ માન. ૯૧.
માની મજૂર ઈન્દ્રિયો, કરાવવું નિજ કામ;
સાવધાન ઉપર રહી, અખંડ આત્મારામ. ૯૨.
જેમ મુકાદમ મજૂર પર, રાખે ધનિક સુજાણ,
તેમ ઈન્દ્રિયો પર નકી, મન મુકાદમ જાણ. ૯૩.
થાએ ના ઉદ્દામ એ, મજૂર ઈન્દ્રિય તેમ;
કરે બતાવ્યું કામ ના, પડે પ્રમાદે એમ. ૯૪.
વિત્ત મુકાદમને વધુ, આપી અન્યથી જાણ,
રાખે ખુશ સદા સુધી; તેમ અહીં પણ માન. ૯૫.
પ્રસન્ન મન રાખે સદા, આપી ઉચ્ચાનંદ;
જોડી મદ્રુપે નકી, ત્યજી વિષયની ગંધ. ૯૬.

**પાણી અને વાણીને યોગ્ય રીતે વાપરો.**

મન માગે સુંદર અતિ!, મન્મૂર્તિથી તેમ
ના સુંદર કોઈ વધુ, જાણ ત્રિભુવને એમ!! ૯૭.
માટે જોડે એહને, વારંવાર સુજાણ,
મોહક મદ્રુપે નકી, ઠરે તોજ એ માન. ૯૮.
થાએ સિદ્ધિ યોગની, થાય મુક્ત નર એમ;
સગુણક્રમે નિર્ગુણ મહીં, થતાં મનોલય તેમ!! ૯૯.
ચણા ચાવવા લોહના, ના બચ્ચાંનો ખેલ;
રંગ ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ!! ૧૦૦.

**અ.૪૧**

બે અક્ષરનો મંત્ર એ, તારે નિઃસંદેહ;
ભવબાધાહારક નકી, મંત્રોત્તમ ગુરુ તેહ. ૧૨.
**ગુરુ ગુરુ કરતાં શ્વાસ આ, જાઓ નિશ્ચય એમ;**
**ના ઈચ્છા બીજી કશી, પામ્યો સકળ ક્ષેમ. ૧૩.**
**કાઢી ચર્મ આ દેહનું, જૂતાં ગુરુપદ માંહ્ય**
**ઘાલું તોએ ના વળે, એ ઋણ શ્રી ગુરુરાય! ૧૪.**
કરો કૃપા ગુરુવર હવે, રાખો સ્મરણ અખંડ;
ના ભૂલું પદ આ કદિ, પડી જતાં પણ પંડ. ૧૫.

**અ.૪૫**

જે જેનું મૃત્યુ લખ્યું, થાય અન્યથા કેમ?
ના જાણી મૂરખ રમે, નશ્વર દેહે એમ! ૫૬.
દૈવ પાંશરૂ જેહનું, રક્ષે તેને કર્મ;
કો મારે એને પછી, કરે દેવ યચ્છર્મ? ૭૪.
સપડાએ આફત મહીં, દાવાનળમાં એમ,
ઘેરાએ વા વન મહીં; હિંસ્ર પશુથી તેમ. ૭૫.
તો એ રક્ષક દેવ જો, મરે ન કદિએ તેહ;
શસ્ત્રાગ્ન્યાદિક સર્વથા; થાય પરાજિત એહ! ૭૬.

નિયમિત વાંચન, નિયમિત વ્યાયામ તથા નિયમિત ઈશ્વર સ્મરણ એટલે વિદ્યાર્થી જીવનનો ત્રિવેણી સંગમ.



**અ.૪૯**

જીવ સદા પરતંત્ર આ, તોએ મૂરખ એમ
ચિરંજીવ થાવા મથે, તત્ત્વજ્ઞાને તેમ. ૧.
માની આત્મા દેહને, ચહે અમરતા જાણ;
ના જાણે ક્ષર દેહ આ, ભંગે ક્ષણ ક્ષણ માન. ૨.
અગ્નિ ના તણખા યથા, પામે ક્ષણમાં નાશ,
તેમ દેહ જડ આ નકી, જન્મે વણસે ખાસ. ૩.
હુંડ મુઢ એવો તિહાં, કરે મૃત્યુ પ્રતિકાર;
તો એ મોત ન એ ટળે! વારે કો નિર્ધાર? ૪.
ભાગ્યવંત ભગવાનને, જાય શરણ તું જાણ;
ડરે મોત એથી નકી; ઈતર મોતથી માન! ૫.
અજત્વ પોતાનું લહી, થાએ તત્પદલીન;
જન્મમરણ તેને નહીં, ના થાએ એ દીન. ૬.

**અ.૫૧**

દોડ બાપ કરુણા કરી, જન્મમૃત્યુ ભય એમ
ટાળી સાંત્વન દે મને; યાચું અનન્ય તેમ. ૫૯.

**અ.૫૨**

અસાર આ સંસારમાં, એકમેવ એ સાર;
થાય સંગ જો સંતનો, ટળે તોજ યમદ્વાર. ૭૧.
કાલકર્મ ગુણવશ નકી, દેહ સર્વ આ તેમ;
ભાસે મિથ્યા મધ્યમાં, માટે નશ્વર એમ. ૧૨૧.
પડતાં છૂટાં કાળ ને, કર્મ ગુણત્રય જાણ;
પડે દેહ આ સર્વથા, અકસ્માત તું માન. ૧૨૨.
દેહ સમસ્ત મરે ભલે, મરે ન આત્મા એમ;
મારે કોઈ ન એહને, ના કોને એ તેમ. ૧૨૩.

અધર્મને માર્ગે ધન કમાવવું અને પછી ધર્માદામાં વાપરવું, એનાં કરતા આવું ધન ન કમાવવું વધુ સારું છે.

દેહમાત્ર આ જેટલા, સઘળા વિકાર તેહ
અગ્નિ અન્ન ને જળ તણા; એમાં ના સંદેહ. ૧૨૬.
સર્વ દેહમાં એક એ, આત્મા અક્ષર[1] તેમ,
સર્વનિયંતા જાણ તું, ચેતન મંગલ એમ. ૧૨૯.
અજ અવ્યય અવિનાશી એ, કેવળ સ્વયંપ્રકાશ;
જાણી એવું ચિંતતાં, નડે ન માયાપાશ. ૧૩૪.
સંગ ન ત્રાણે દેહનો, જેને નિશ્ચય જાણ;
પ્રત્યગ્ આત્મા બ્રહ્મ એ, એકાદ્વિતીય માન! ૧૩૫.
જાણી એવું જે રહે, મૃત્યુંજય એ તેમ!
કો એને મારી શકે, જ્યાં બીજું ના એમ ? ૧૩૬.

**અ.૬૭**

જ્યાં લગ સ્વસ્થ દૃઢ આ વપુ, કરવું પુણ્ય અમાપ;
ભજન કરી ભગવાનનું, થાવું નિ:સંતાપ. ૬.
મૃત્યુ જીતે તે ભલે, માને નિત્ય શરીર,
અગ્રે ધર્મ કરે ગ્રહી, ત્વદ્દુપદેશ સુધીર! ૭.
ક્ષણક્ષણ આયુ જાય આ; પલપલ કાળ સમીપ;
સદ્ય:[1] પૂર્વવયે સદા, કરવો ધર્મ સમીપ; ૮.
વૃદ્ધા યુવા કે બાળ આ, નવ દેખે એ કાળ;
શીઘ્ર કલેવર સંહરે! ધર્મ કરો તત્કાળ. ૧૨.
નશ્વર આ વપુ કો કરે, એનો પલ વિશ્વાસ?
મૃત્યુ અહર્નિશ સાથ છે, કરો ન શ્વસ્તન[2] આશ! ૧૩.
કાલે કરવું જે ઘટે, કરવું આજ સુમાત;
ઘડી પછીનું આ ક્ષણે, જુએ મોત ના વાટ! ૧૪.
જે દિન પુણ્ય થયું નહીં, વૃથા દિવસ તે જાણ;
કરુણા યમઉરમાં નહીં; કરો ધર્મ પ્રમાણ. ૧૯.

**પારકા માટે પગથિયું ન બની શકો તો કંઈ નહીં પણ ખાડો તો ન જ બનો.**



દારા ધન પશુ દેહ આ, સુત પરિવાર અસાર;
શાશ્વત માની જે રમે, નરપશુ તેહ ગમાર! ૨૦.
અમર દેહ જેનો ભલે, કરે દુરાગ્રહ એહ,
આગે ધર્મ કરીશ હું; વૃથા શરીરે નેહ. ૨૩.

**અ.૭૨**

ભવરોગી હું જુગ તણો, પડ્યો મોતને દ્વાર;
કથામૃતસંજીવની, રેડી કરો ભવપાર! ૩.

**અ.૭૪**

જે જાયું તે જાય મા, ફૂલ્યું તે કરમાય;
લિખિત લલાટે ના કદિ, કોથી મિથ્યા થાય. ૧૦૩.
ભાવિઆધીન જગ સહુ, દેવ ઋષિ કિન્નર;
રામાદિક અવતાર પણ, ગયા! કોણ અમર? ૧૦૪.
માટીના સહુ માનવી, ક્ષણમાં માટી થાય,
કોણ અચલ અવની મહીં? કાળ સર્વને ખાય? ૧૦૫.

**અ.૭૫**

અલખ કહે:- એ તાપસી, બ્રહ્મચારી સુજાણ
પ્રેતનિકટ આવી કથે, ખિન્ન સ્ત્રીને જ્ઞાન. ૧.
કહે બટુક:- સાંભળ સતી!, મા વ્યર્થ કર દુ:ખ,
ક્ષણભંગુર સંસાર આ; કો પામે ચિર સુખ? ૨.
ચિરંજીવી કોઉ નહીં; મરવું સહુ ને માત!
જન્મમરણ માયિક સહુ, કહેવા માતર વાત. ૩.
જલબુદ્બુદવત્ વસ્તુઓ, દૃશ્યમાન સહુ જાણ;
એકે એમાં સ્થિર નહીં, સત્ય વાત આ માન. ૪.
કર્મકારણે ભૂતનો, થતાં પંચ સંયોગ
વ્યક્ત દેહ દેખાય આ; કર્મક્ષયે વિયોગ. ૫.

**પૈસો કમાવવો તે કઠણ નથી, પણ તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો કઠણ છે.**

માયાવેષ્ટિત સહુ રડે, કહે પુત્ર આ મિત્ર;
પંચભૂત શરીરને, માને મારૂં ચિત્ર! ૬.
ત્રિગુણમયી માયા થકી, થાય ચિત્તમાં ભ્રમ;
અહંમમત્વાદિક વધે, સંસૃતિ કેરો ક્રમ. ૭.
સત્ત્વવૃદ્ધિથી દેવતા, રજથી મનુષ્ય જાણ;
તમોવૃદ્ધિથી અધમતા, કર્માધાર પ્રમાણ. ૮.
સારૂં વા નરસું કરે, જે જે જેવું કર્મ,
તેવું ફળ તેને મળે, જાણ કર્મ નો મર્મ. ૯.
વાવે તે પામે સહુ, નહી કોઈનો દોષ;
કર્માધીન જગત્ બધું, જાણી રાખ સંતોષ ૧૦.
જેવી જેની વાસના, વર્તે ઈન્દ્રિય તેમ;
ગુણાધીન કર્મો કરે, ફળ ઉપજે વળી એમ. ૧૧.
અક્રિય આત્મા ના લહે, માયા મોહિત જન;
સુખદુઃખે લેપાય ને, હસે રડે ક્ષણ ક્ષણ! ૧૨.
સ્વકર્મોદ્ભવ જીવ સહુ, સ્વકૃત ભોગવે જાણ;
અસંગ આત્મા એહને, એથી કાંઈ ન હાન. ૧૩.
કલ્પકોટિ આયુષ્ વહે, દેવ ઋષિ કિન્નર;
કર્મ પછાડે તેમને!, કોણ બાપડા નર? ૧૪.
પ્રાણી દેહાધીન સહુ, દેહ કાળઆધીન;
નાના ગુણકર્મે કરી, ચેષ્ટા કરે સુદીન ૧૫.
દેહધારીઓ સહુ, ષડ્વિકારઅધીન;
જન્મે રહે વધે અને, થાય પલકમાં ક્ષીણ. ૧૬.
પોતાનો જે દેહ તે, પણ રહે ના સ્થિર;
સંબંધીની કા કથા? શોક ન કરે ધીર! ૧૭.
હર્ષ કરે ના જન્મનો, મોત તણો ના ખેદ;
જ્ઞાની અચળ સદા રહે, જાણી મનમાં ભેદ[૧]. ૧૮.

**પોતાના કલ્યાણમાં સાધન રહે તે જ કુશાગ્ર બુદ્ધિવાળો.**



જેનું જે લેણું ઘટે, ભોગે ત્યાં લગ તેહ;
કોઈ બાળપણે મરે, ત્યજે તરુણ કો દેહ. ૨૩.
કોઈ જરઠ[૨] થતાં લગી, વહે બોજ શરીર
નાંખી એક બીજુ ગ્રહે, જેમ ફાટતાં ચીર. ૨૪.
માયાવેષ્ટિત સહુ જનો, માને મારો દેહ;
માતપિતાસુતઆદિમાં, ધરે મમત્વ સનેહ. ૨૫.
અહો મૂર્ખતા કેવડી!, ‘અહં એજ અજ્ઞાન’
ક્યાંથી મારૂં લાવવું?, કોણ ઉઘાડે કાન? ૨૬.
ઉપરથી નિર્મલ અહા, કેવો ભાસે દેહ!
રક્તરેત માંહે ભર્યું, માંસાસ્થિ મલ મેહ[૩]!! ૨૭.
કોણ શુચિ એને કહે, વિના મૂઢ અજ્ઞાન!
ક્ષણ ભંગુર વળી! કો કરે, પ્રીતિ એ પર આન? ૨૮.
વિધિ લલાટે લેખ જે, લખે કર્મ અનુસાર,
જન્મ સાથ પ્રાણી તણા; ટળે ન તેહ લગાર. ૨૯.
કોઈ જીતી નવ શકે, કાળકર્મ ને જાણ;
નિત્ય દેહ ન કોઈનો, જેવું સ્વપ્નનિધાન. ૩૦.
સંબંધી જો નિત્ય તો, કહે પૂર્વજનિ માંહ્ય
કોણ હતી તું? મનુજ વા, અન્યજાતીય માય? ૩૨.
ચર્મ માંસ અસ્થિ તણું, ખોખું અતિ મલિન;
મમત્વ રાખી તેહનું, રડે વ્યર્થ હા દીન! ૩૭.
**અ.૮૪**
કાષ્ઠટુકડા પૂરમાં, મળે દૈવથી જેમ,
રહી એકઠા ક્ષણ પછી, થાએ વિભક્ત તેમ. ૧૪૧.
મળે પક્ષિગણ વૃક્ષ પર, રાતે ભેગાં જાણ,
પડે વિખૂટાં ફજરમાં; તેમ સર્વ આ માન. ૧૪૨.

**હે પરમેશ્વર ! મને પોતાને નિર્દોષ રાખજે બીજાને ભલે મહાન બનાવજે.**

સંસારે ત્યમ આ કહે, જન્મ્યો કો? મૃત કોણ?
સ્ત્રીપુત્રાદિક ભ્રાન્તિ આ, માયામય બહુકોણ! ૧૪૩.
**અ.૮૬**
બ્રહ્મ લિખિત ટળે નહિ, હોય ભાવિ નિર્માણ,
બને તથા તે તે સમે; શોક નિરર્થક માન. ૭૪.
સુરનર દાનવ સર્વને, જીતે દુર્જય એહ;
માટે ઈશ્વર કાળ એ, અજેય નિઃસંદેહ. ૭૯.
એક ગુરુ વિણ કાળને, જીતે કોઈ ન જાણ;
જોઈ રીઝે ભાવને, સદ્‌ગુરુ એ પણ માન. ૮૦.
**અ.૧૦૪**
માટે જ્ઞાની જન્મથી, કરે હર્ષ ના જાણ;
થતાં મરણ દુઃખે કદિ, રડે ન તે જ પ્રમાણ. ૧૫૪.
જન્મ્યો જયારે ગર્ભમાં, આવ્યો મૃત્યુ સાથ;
બાલ્યે તારુણ્યે નકી, વાર્ધક્યે વા ઘાત. ૧૫૫.
**અ.૧૧૭**
વરસ સુધી પણ એહની, રોશો બેસી પાસ;
તોય સજીવન ન એ થશે, માનો મારૂં ખાસ. ૧૯.
રડતા તમને દેખીને, રડે ન એહ લગાર;
કરો દુઃખ આ વ્યર્થ કાં?, જીવનમાત્ર અસાર! ૨૦.
પરાપૂર્વથી ચાલ્યું એ; ઋણાનુબંધે તેમ
જન્મે પ્રાણી જગતમાં; થતાં પૂર્ણ ઋણ એમ. ૨૧.
જાયસર્વને છોડીને, દેખો નજરે એહ;
વૃથા મોહમાં કાં પડી, રહો વ્યર્થ કરી સ્નેહ? ૨૨.
બીજું અચરજ એક ત્યાં, મરે હજારો આંહ્ય!
જુએ દૃષ્ટિએ તોય નર, સ્વયં અમરતા ચ્હાય !! ૨૩.

**ઘરમાં પાપનો પૈસો પણ પેસી જશે તો પુણ્યના બધાં જ પૈસા ખેંચી જશે.**



આના જેવું અન્ય શું, અહો! અજ્ઞાન આંહ્ય;
જે જે વસ્તુ જગતમાં, એમ ઉત્પન્ન થાય. ૨૪.
નાશ તેહનો નિશ્ચયે, કોઈ ન કોઈ દિવસ;
માયામય જગ આ બધું, ક્ષણભંગુર નીરસ. ૨૫.
**અ.૧૧૯**
પ્રાણીમાત્રસંબંધ આ, પૂર્વકર્માનુસાર
થાય પરસ્પરનો અહીં; ટકે ન એ નિર્ધાર. ૫૧.
સદા એકધારો કદિ; થાય ઉત્પન્ન દેહ,
તેમ નાશ પામે સહુ, થતાં કર્મક્ષય તેહ. ૫૨.
એક સમે ભેગા કદિ, થાય ન સઘળા આંહ્ય;
રહે ન સાથે સર્વદા!, શું અચરજ છે ત્યાંય? ૫૩.
જેમ વૃક્ષને પાંદડાં, આવે નૂતન એમ
પડે પક્વ થઈ પ્રથમનાં, આ સઘળું પણ તેમ. ૫૪.
પૂર્વયોગ પૂરો થઈ, થાય નવા સંબંધ;
તૂટી એ બીજા વળી, એવો ઈશપ્રબંધ. ૫૫.
**અ.૧૨૦**
મરણ સમે સાથે કશું, ના આવે તલપૂર;
કર્મ સાથ જીવ જાય આ, રહે આપ્તજન[1] દૂર! ૭૬.
વાડીવજીફા બંગલા, ધન પશ્વાદિક જેહ,
ન્યાયાન્યાયે મેળવ્યા, કામ ન આવે તેહ. ૭૭.
જેને માટે મૂઢધી, કરે પાપ અનિવાર[2]
રહે જયાંયનો ત્યાંય એ, પડી દેહ નિર્ધાર. ૭૮.
દેખે જન પ્રત્યક્ષ આ! સમજે તોય ન કેમ?
ભિન્ન જીવ જડ દેહથી, કર નિશ્ચય તું તેમ. ૭૯.
જીવ તણા સંબંધથી, ચલનવલન વ્યવસાય
કરે દેહ સ્વતંત્ર ના, જોતાં યથાર્થ આંહ્ય. ૮૦.

**સ્નેહના સરવાળા, ભૂલચુકની બાદબાકી, સહકારનો ગુણાકાર અને વેરઝેરનો ભાગાકાર કરજો.**

થતાં જીવ એ વેગળો, થાય અચેતન દેહ;
કહે મૃત્યુ જન એહને! કોણ ન જાણે એહ? ૮૧.
સ્પર્શે મોત ન જીવને, અજર અમર એ જાણ;
રહે દેહમાં જયાં લગી, જીવ એહ તું માન, ૮૨.
રાખે પ્રીતિ એહ પર, સગાસંબંધી તેમ;
થતાં વેગળો જીવ એ, ડરે સ્પર્શથી એમ. ૮૩.
થતાં લેશ અપમાન જે, કરતો સહન ન આંહ્ય,
બૂમો પાડી ઊઠતો, અલ્પ દુઃખથી ત્યાંય, ૮૪.
લઈ જઈ સમશાનમાં, બાળે તેને તેમ;
લહે ન સુખદુઃખદિ ત્યાં, કરે ન ચૂંચાં કેમ? ૮૫.

**અ.૧૨૧**

અહંપણું રાખી વૃથા, મરો કેમ નાદાન?
પરાધીનત્વ ઓળખી, ત્યજો અહં-અભિમાન. ૧૬.
કર્તૃત્વાદ્યભિમાનથી, રહે દૂર જે એમ,
સારૂ નરસું એહને, નડે ન કદિએ તેમ. ૧૭.
હેમ લોહ બંનેયની, સાંકળ સમાન આંહ્ય
બંધનકારક પ્રાણીને; શંકા લેશ ન ત્યાંય. ૧૮.
એમ મોક્ષપ્રાપ્તિ મહીં, પાપ ઘણેરાં જેહ
તેમ પુણ્ય પણ નિશ્ચયે, પ્રતિબંધક સહુ તેહ. ૧૯.
નરકપ્રાપ્તિ પાપથી, સ્વર્ગ પુણ્યથી જાણ,
જન્મમૃત્યુનું દુઃખ પણ, ટળે ન એથી માન. ૨૦.
પુણ્ય સંગ્રહે જયાંસુધી, ત્યાં લગ સ્વર્ગે વાસ;
થતા પુણ્યક્ષય પાપથી, પુનઃ નરકની ખાસ. ૨૧.
થાએ પ્રાપ્તિ પ્રાણીને, જન્મમરણદુઃખ એમ
ટળે ન કલ્પે પણ નકી, આત્મજ્ઞાન વિણ તેમ. ૨૨.

જગતમાં બુધ્ધિનો સૌથી વધુ દુરુપયોગ માનવી જ કરે છે.



માટે ફલકાંક્ષા ત્યજી, પુણ્યકર્મ નર આંહ્ય,
કરે ઈશપ્રીત્યર્થ જો, શુદ્ધ ચિત્ત તો થાય. ૨૩.
ઈશકૃપાથી બુદ્ધિમાં, પડે શુદ્ધ પ્રકાશ;
સત્ય જ્ઞાન થઈ મોક્ષપદ, પામે સત્વર ખાસ. ૨૪.
ગત જન્મે સત્કર્મનું, કરે આચરણ જેહ,
આ જન્મે સદસદ્વિચારે, અયત્ને તેહ. ૨૫.
શુદ્ધબુદ્ધિ થઈ જન્મતઃ, ઈશકૃપાથી જાણ
યોગ્ય સદ્‌ગુરુ મેળવી, પામે આત્મજ્ઞાન. ૨૬.
તોડી માયાપાશ એ, સદ્‌ગુરુબોધે એમ,
જીવન્મુક્તિસૌખ્યનો, કરે ઉપભોગ તેમ. ૨૭.

**અ.૧૨૯**

દૃશ્યમાન જે આ બધું, થાશે ક્ષણમાં નાશ;
ક્ષણભંગુર આ નિશ્ચયે, સર્વ માયા વિલાસ. ૮૩.
ગયા દિવસ સહુ વ્યર્થ આ, વૃથા ભોગવ્યા ભોગ!
જીંદગાની એળે ગઈ!!, અંતે શો ઉપયોગ? ૮૪.

**અ.૧૨૯**

માટે ઈશ્વરનું હવે, કર સાવધ તું ધ્યાન!
સૂણી વચન શ્રીગુરુ તણાં, બ્રહ્મચારી એ જાણ. ૧૪૨.
આનંદે હરિનામનો, કરી ઘોષ સુસ્વસ્થ,
ઈશધ્યાનમાં પ્રાણનું, કરે ઉત્ક્રમણ મસ્ત!! ૧૪૩.
ધન્ય ભાગ્ય એનાં નકી, માટે સદ્‌ગુરુ એમ,
અંતકાળમાં સંનિધે, આવ્યા ત્રિમૂર્તિ તેમ. ૧૪૪.

**અ.૧૩૧**

સ્વયં કરાવી શ્રી ગુરુ, દે ક્રમમુક્તિ તેમ;
અંતકાળમાં આવીને, તારે સ્વભક્ત એમ! ૨૦.

આપણે ભૂલથી પણ ન વિચારવું કે અમે કયારેય ભૂલ કરતાં નથી.

**(૪૬)**

શ્રીમદ્વાસુદેવસ્વામિન્, દયાબ્ધે તારક પદદાયિન

**(૪૭)**

પાવના દત્તા પતિત પાવના દત્તા

**(૪૮)**

ૐ ગુરુ ગુરુ ૐ અલખ નિરંજન ૐ ૐ

**(૪૯)**

શ્રીપાદ શ્રી વલ્લભ નરહરિ દત્તાત્રેયા દિગંબરા
વાસુદેવાનંદ સરસ્વતી સદ્ગુરુનાથા કૃપા કરા

**(૫૦)**

દત્ત અવધૂત કી જય શ્રીપાદવલ્લભ કી જય
વાસુદેવ સ્વામિ કી જય   જય જય જય જય

**(૫૧)**

મૈ તો બેઠા ગુરુપદ પાસ અબ ચિંતા કાહે

**(૫૨)**

દત્ત દત્ત વદો ભાઈ એહી જગતાર હૈ

**(૫૩)**

એક મને તારો આધાર દિગંબરા
દત્ત દિગંબરા, રંગ અવધૂતા શ્રીપાદવલ્લભ દિગંબરા

**(૫૪)**

આ ગયા મુકામ અસલી બાબા અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત

**(૫૫)**

ગુરુ ગુરુ કરતા આ જાઓ મારા પ્રાણ દત્તા

---

**કોઈ એવી ઘડિયાળ બનાવી શકે જે વિતેલા કલાકોને પુનઃ વગાડી શકે....**



**(૫૬)**

ગુરૂ ગુરૂ કર્તા
આ જાઓ મારા પ્રાણ દત્તા

**(૫૭)**

## મન્ત્રગર્ભ મૃત્યુગ્જયસ્તોત્રમ્ ।

**(પ્રત્યેક સોમવારે શાંતિનિકુંજે)**

ત્ર્યંઘોહરઃ શલંગાત્મા દત્તેષ્ટો મૃત્તિકાવૃતઃ ।
બલેડ્ ભીમો રીતિકર્તા તાપસો યુંજનપ્રિયઃ ॥ ૧ ॥
કંદાશનો રેફહર્તા ત્રેધાભૂતો જનાર્દનઃ ।
યન્તા માયાજનિઃ સાક્ષી યજ્ઞેશો યજ્ઞભાવનઃ ॥ ૨ ॥
જાત્યો નિર્જરસાં ત્રાતા હઠયોગી મહાબલઃ ।
મહાનન્દો રીતિભાક્ચોર્ધ્વરેતા હાનિસૂદનઃ ॥ ૩ ॥
હેમાઙ્ગશ્ચાવિર્ભૂતિઘ્નો કૃષ્ટદૈન્યશ્ચ દેવરાટ્ ।
સુખદુ:ખસમસ્ તેજોદો ણડાગાર-વત્સલઃ ॥ ૪ ॥
ગંગાસ્નાયી વ્યાધિહર્તા ઉન્નિદ્રસ્ ત્રાસવર્જિતઃ ।
ધિંધિંનાદં ધિયન્ધૂર્તો મત્સ્યશિષ્યો હિરણ્મયઃ ॥ ૫ ॥
પુષ્કરાક્ષો ગ્રસ્તસર્વસ્ તાપનો માંસલઃ સ્વરાટ્ ।
ટિપ્પણીકૃચ્ચ તેજસ્વી નંદદઃ શત્રુજિત્પુમાન્ ॥ ૬ ॥
વર્ણજયેષ્ઠઃ કકુબ્વાસા દર્શનીયો રજસ્વલઃ ।
ધનધાન્યાદિલેખશ્ચ દાનશૂરશ્ચ ણાટકઃ ॥ ૭ ॥
નંદનઃ પાવનઃ શાન્તો યજમાનો ગણેશ્વરઃ ।
ઊર્વીધવો રેચકજ્ઞઃ કર્મકારશ્ચ તંદ્રિહા ॥ ૮ ॥
વાગ્દણ્ડી ચ ક ઔદાર્ય-દિનેશો જન્મકર્મવિત્ ।
રુગ્ણમિત્રં ષદઃ સારો ગંભીરો મતિમાનૃષિઃ ॥ ૯ ॥

---

**કડક છતાં સાચી વાત કહેવી તેનું નામ વફાદારી.**

કર્માધ્યક્ષશ્ચ ધં કૂર્વન્ બલભીમશ્ચ મૃત્યુરાટ્ ।
મિતાહારી જાગરૂકો રણશૂરો યુગાન્તકઃ ॥ ૧૦ ॥
વપ્તા મધ્યાહ્નભિક્ષુશ્ચ મુનીશશ્ચ જનાધિપઃ ।
બંધૂરો વીકયાનશ્ચ નેદિષ્ઠો રાજસારસઃ ॥ ૧૧ ॥
ધનુર્વિદ્યાકૃતોત્સાહો બાલરૂપઃ સુદુઃસહઃ ।
નાત્યાગેન યં ગચ્છેદ્ધ લધ્વાશી ખરમર્દનઃ ॥ ૧૨ ॥
મૃત્યોર્મૃત્યુર્ વૈદ્યરાજઃ પિનાકી સંહતિપ્રિયઃ ।
યોર્કપ્રભાવો યોગી ચ શાકાહારી ચ સારદઃ ॥ ૧૩ ॥
મુકુન્દો નયનારામશ્ ચન્દ્રાર્કાક્ષો રણાજિતઃ ।
ક્ષીણાપ્તો રાજરાજેન્દ્રો જ્ઞાતાજ્ઞાતો ભસૂચકઃ ॥ ૧૪ ॥
યક્ષાધિપો યક્ષ્મહન્તા નર્મદો યતમાનસઃ ।
માલાધરો ણોદધર્મા સાગરો નાગરઃ શુચિઃ ॥ ૧૫ ॥
મૃગાઙ્કિતો હરઃ સાક્ષાદ્ ગલનીલઃ શશાઙ્કભૃત્ ।
તાત્ કાદ્ધરિઃ સદા પાયાદ્ 'રઙ્ગ'નાથો નરાકૃતિઃ ॥ ૧૬ ॥
મૃત્યુઞ્જયસ્તોત્રમિદં સમન્ત્રાંયો વૈ પઠેન્નિત્યમતન્દ્રિતઃ સન્ ।
ભક્ત્યા ભવેદાશુ સ વજ્ર દેહી ફલાનુપ્રાપ્તિઃ ખલુ નિશ્ચયેન ॥ ૧૭ ॥
ભગ્નેસુતન્તૌ પ્રભવેન્ન વૈદ્યોરસાયનં યચ્છિવભક્તિશૂન્યમ્ ।
ત્રીશાચ્છિવાન્નાન્ય ઇહાસ્તિ ત્રાતા
નાનાકૃતેર્મૃત્યુમુખાત્પ્રમોક્તા ॥ ૧૮ ॥
ઇતિશ્રીદત્તપાદારવિન્દમિલિન્દબ્રહ્મચારિપાણ્ડુરંગ (રંગઅવધૂત)
મહારાજવિરચિતં મન્ત્રગર્ભમૃત્યુઞ્જયસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।



## (૫૮)

### વંદના (રૂદ્રાક્ષ ભજનાનંદ - ભજન નં.૨૧/૨૩)

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો !
વિક્ષેપ દૂર થઈ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો. ૧
અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિહરિહર તણા થઈ એકરૂપ જગે સ્ફુર્યો ! ૨
કંઈ એકમુખ કંઈ ત્રિમુખ તું નિર્ગુણ છતાં સાકાર હા;
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા ! ૩
દ્વિભુજ કંઈ કંઈ ચારભુજ, કંઈ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિવિધાયુધે અવધૂત હે ! તુજ રૂપ ચિદ્રસ રેડતું ! ૪
લીલા તહારી કો' લહે ? જ્યાં વેદ પણ મૂંગા રહ્યા;
થઈ શ્વાન નિત પાસે ખડા, આભા બની જોઈ રહ્યા ! ૫
કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દીસે;
પ્રવૃત્તિ નિવૃત્તિ પદો એ ભુક્તિ-મુક્તિમય લસે ! ૬
યોગભૂમિ સ્મશાન એ ભક્તોતણું નિજ ચિત્ત હા;
કામક્રોધ મડાં બળે બેઠો દિગંબર તું તિહાં ! ૭
પંખી સ્વરૂપે શાસ્ત્રગણ કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી-પુરાણો ગણગણે ગુણ ગુણ કરી નિર્ગુણતણું ! ૮
સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઈ ઔદુમ્બરે એ, ના તુને અણુએ ઈહા ! ૯
જ્ઞાનાગ્નિ જવાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે આનંદમૂર્તિ એ નરી ! ૧૦
કનકગેરુ સંયમે રંગી ધર્યાં ભગવાં અહો !
ઐશ્વર્યષડ્ ભુજષડ્ થઈ શોભે નિરાકારી અહો !! ૧૧

૧. છ હાથ.

રુદ્રાક્ષમાળા કંઠમાં બ્રહ્માંડમાળા શું ન એ !
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ હે ! ૧૨
બાળી અહં ભભૂતિ[1] એ ચોળી તને[2] જગમાં ભમે;
કંઈ ગુપ્ત કંઈ થઈ પ્રગટ તું અવ્યક્ત ચિહ્ન સદા રમે ! ૧૩
અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઈ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને. ૧૪
અન્નપૂર્ણા ઝોળી એ, શોભે ખભે વિશ્વંભરી;
પદ્મા[3] કરે પદ્મે[4] વસે, ગાયત્રી ગૌ પડખે ખડી. ૧૫
ગિરનારના દાતાર હે, ગોરક્ષગર્વનિવારણા !
કલિતાર નૃસિંહસરસ્વતી નિજભક્તમાનસરંજના ! ૧૬
ઢૂંઢૂં કુરવપુરમાં તને શ્રીપાદવલ્લભરૂપ હે !
વા વાડી ઔદુમ્બર વિષે વા ગાણગાપુરમાં કહે ? ૧૭
જાઉં અક્કલકોટમાં શું સ્વામિરાજ હશે તિહાં ?
માણિકપુરે પ્રભુ પાસ વા, માહુરગઢે વા કે કહાં ? ૧૮
યતિવર કને ગરુડેશ્વરે વા જાઉં વાસુદેવની ?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે કે હે મુનિ ? ૧૯
પણ શું લવું ? આ ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે !
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહોણો રંગ એ !! ૨૦
જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે ! તુજને નમું,
મૌને વિરામી વૈખરી[5] જોઈ તને સઘળે રમું !! ૨૧

૧. ભસ્મ ૨. શરીરે ૩. લક્ષ્મી ૪. કમળમાં ૫. વાણી



## (૫૯)

## દત્ત બાવની (૯૬/૧૨૯)

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ,
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્મા હરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર,
અંતર્યામી સત્ચિત્સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય,
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંત બાહુ તું નિર્ધાર. ૬
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર, ચાલ્યા પ્રાણ,
સૂણી અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત્.
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ !! ૧૦
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ,
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા, દિતિસુત ઈન્દ્રકરે હણાવ્યો તૂર્ત,
એવી લીલા કંઈ કંઈ શર્વ, કીધી વર્ણવે કો તે સર્વ ? ૧૪
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તે નિષ્કામ,
બોધ્યા યદુને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ ! કેમ સુણે ના મારો સાદ ?
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !! ૧૮
જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ,
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર,
કરે કેમ ના મારી વ્હાર ? જો આણીગમ એક જ વાર !! ૨૨

શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ?
જર્જર વધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ,
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્રય તેં તતખેવ. ૨૬
ઝાલર ખાઈ રીઝયો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર !
પિશાચપીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર,
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત !! ૩૦
નિમેષમાત્રે તંતુક એક, પ્હોંચાડ્યો શ્રીશૈલે દેખ !
એકીસાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ.
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્,
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪
રામકૃષ્ણ રૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ,
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ !!
અધમઓધારણ તારૂં નામ, ગાતાં સરે ન શાંશાં કામ ?
આધિ વ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ ! ૩૮
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ,
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર.
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત,
કરી ધૂપ ગાએ જે એમ દત્ત-બાવની આ સપ્રેમ.
સુધરે તેના બન્ને લોક, રહે ન તેને ક્યાંયે શોક !
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય !! ૪૪
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ,
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા રંગ !

**સેવા કરવાથી તન અને મન પવિત્ર બને છે.**



સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! ૪૮
વંદુ તુજને વારંવાર, વેદશ્વાસ તારા નિર્ધાર,
થાકે વર્ણવતાં જયાં શેષ, કોણ રાંક હું બહુકૃતવેશ ?
અનુભવ તૃપ્તિનો ઉદ્ગાર ! સુણી હસે તે ખાશે માર,
તપસી તત્ત્વમસિ એ દેવ ! બોલો જય જય શ્રી ગુરુદેવ !! ૫૨

**(૬૦)**

**રેવા ગીતમ્ (૯૭/૧૩૨)**

ગાયતિ રેવા રવ-મધુરમ્ ॥ ધ્રુવ ॥
હર હર ૐ ૐ હર હર ૐ ૐ
હર હર ૐ ૐ હર હર ૐ ૐ
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં
હર હર ૐ ૐ સતતમિતિ ॥ ગાયતિ ॥૧॥
મેકલજાતા મનસિ વિભાતા
રૌતિ કલં કિમપીહ ચિરમ્ ।
ત્વમહમહં ત્વં ત્વમહમહંત્વં
ત્વમહમહં ત્વં ત્વમહમિતિ ॥ ગાયતિ. ॥૨॥
તડિદુજ્જવલજલમુખતઃ સ્તૌતિ ।
નીરંગં નાના રંગમ્ ।
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં
જલશીકરવદભિન્નમિતિ ॥ ગાયતિ ॥ ॥૩॥
નર્મદા માતકી જય

**(૬૧)**

**અવધૂતચિંતન શ્રી ગુરુદેવ દત્ત**

**શ્રમ વિનાની સંપત્તિ એ સામાજિક પાપ છે.**

**(૬૨)**

**સૌનું કરો કલ્યાણ ગુરુદેવ,**
**સૌને સદ્‌બુદ્ધિ આપો,**
**સૌની રક્ષા કરો ગુરુદેવ !**
**પરસ્પર દેવો ભવ ।**

# સંગીત ઉપચાર શાસ્ત્ર

સંગીત ઉપચાર શાસ્ત્ર એ સંગીતના તરંગો દ્વારા રોગના ઉપચારની અસરકારક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તે દ્વારા વ્યક્તિના સંવેદનાત્મક, શારીરિક અને માનસિક સુખાકારીની જાળવણી અને પ્રસ્થાપના થાય છે. ચોક્કસ રાગમાં સ્વરોનો સુમેળ, આરોહ-અવરોહ, લય અને વિશિષ્ટ સંરચના શારીરિક વીજચુંબકિય પરિવર્તન સહ વિવિધ દર્દ સામે કાર્યશક્તિ વધારી, ભય દૂર કરી, આરોગ્ય બક્ષે છે.

સંગીત ઉપચાર શાસ્ત્રનો ઇતિહાસ ગ્રીસની પ્રાચીન 'એરોફિક સ્કૂલ' સાથે સંકળાયેલો છે. પાયથાગોરસ, પ્લેટો તેમ જ એરિસ્ટોટલ જેવા તત્ત્વચિંતકો સંગીતની ઉપચારાત્મક તેમજ રોગપ્રતિરોધક શક્તિથી સુપરિચિત હતા. ખ્રિસ્તી ધર્મપુસ્તક 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'માં ઉલ્લેખ છે તે મુજબ કિંગ ડેવિડે તંતુવાદ્ય વગાડીને માંદગીનો ઈલાજ કરેલો. અર્વાચીન વૈદકશાસ્ત્રના પિતા હિપોક્રેટસ પણ વિવિધ રોગોના ઉપચાર માટે સંગીતનો સહારો લેતા. પ્રાચીન ઇજિપ્તમાં સ્ત્રીઓની પ્રસૂતિની વેદના ઘટાડવા સંગીતનો સહારો લેવાતો. ભારતીય દંતકથા મુજબ દક્ષિણ ભારતના મહાન સંગીતકાર ત્યાગરાજે રાગ બિહારીમાં ''ના જીવન ધારા'' રચના ગાઈને મૃતકને પુનર્જીવીત કરેલા ૧૭૨૯માં રીચાર્ડ બ્રાઉન નામના એક ચિકિત્સકે 'Medicina Musica' નામના પુસ્તકમાં સંગીતનો ઔષધ તરીકે ઉપચારનો ઉલ્લેખ કરેલ છે. ડૉ. બરનેલે 'રાગચિકિત્સા' નામની તેમની હસ્તપ્રતમાં નોંધ્યું છે તે મુજબ તાંજોરમાં સરસ્વતી મહલ પુસ્તકાલયમાં 'રાગચિકિત્સા' નામના પુસ્તકમાં વિવિધ રોગોમાં સંગીતના ઉપચારની માહિતી સંગ્રહિત કરેલી છે.



પ્રશ્ન એ થાય છે કે આ સંગીત છે શું ? સંગીત એટલે મૂક, અગાધ વક્તવ્ય કે જે આપણને અનંતને પાર લઈ જઈ તેમાં ડોકિયું કરાવે છે. મૂળભૂત રીતે સંગીત એ વિશિષ્ટ આંદોલન જગવતો નાદ છે કે જે અવકાશના માધ્યમ દ્વારા ગતિ કરી માનવ મનને સ્પર્શે છે. સંગીતરત્નાકરમાં સારંગદેવે જણાવ્યા મુજબ કોઈ પણ પ્રકારના વાદ્ય પર આંગળીઓના સ્પર્શાવેગથી અહત નાદ કે સંગીત ઉત્પન્ન થાય છે. આમ સંગીત એ રાગના સ્વરૂપમાં સર્વત્ર વ્યાપ્ત શક્તિ છે. માતંગના મત મુજબ રાગ એક પ્રકારની નાદરચના છે જેનો મધુર આલાપ તન, મન અને હૃદયને સ્પર્શે છે, ડોલાવે છે.

(૧) લોકગીત (૨) કાવ્યકલા (૩) પરબ્રહ્મની ઉપાસનાના ભાવસભર ગીતો અને (૪) શાસ્ત્રીય સંગીતકારોની રચના-જ્યારે વિશુદ્ધ મધુર આલાપ એ ભારતીય સંગીતની લાક્ષણિકતા છે. આ ચાર રાગના ઉદ્‌ગમ પરિબળ છે. સૂરિલાપણું એ ભારતીય સંગીતની લાક્ષણિકતા છે.

આ વિશુદ્ધ, મધુર આલાપ માટે ભારતમાં રાગ કે રાગિણી શબ્દ વપરાય છે. આવા રાગના સ્વરના સુમેળની તન અને મન પર વિશિષ્ટ શાંતિપ્રદ અસર થાય છે. ચોક્કસ રોગના ઉપચાર માટે ચોક્કસ રાગનું વારંવારનું શ્રવણ ઉપકારક નીવડે છે. એ રાગના અવાજના આંદોલન દ્વારા શરીરના અસ્વસ્થ ભાગના સ્નાયુ, જ્ઞાનતંતુ અને ચક્ર સંકોચન અને વિસ્તરણ પામે છે. જેને કારણે રક્તપ્રવાહ ચોક્કસ ગતિમાં તે ભાગમાં સરકે છે. જેનાથી તે અસ્વસ્થ ભાગની કાર્યશક્તિમાં સુધારો થાય છે. આમ અંતરીક્ષમાં વ્યાપ્ત અવાજના આંદોલનો માનવ દેહમાં રાગના માધ્યમ દ્વારા પ્રવેશી વ્યક્તિની કાર્યક્ષમતાને ગતિવંત બનાવે છે. શરીરની પંચેન્દ્રિયોમાંથી શ્રવણેન્દ્રિય દ્વારા સંગીતના માધ્યમ થકી ઝડપથી સ્વસ્થ થવાય છે. આમેય સંગીતના નાદને હૃદય સાથે પ્રગાઢ સંબંધ છે. દર મિનિટે નાડીના હોવા જોઈતા ૭૨ ધબકારાની નિયમિતતા માટે સંગીત ઉપકારક નીવડે છે. તેના થકી ૭૦થી ૭૫ ધબકારનું નિયમન કરી શકાય છે. સંગીતનો લય તન અને મન પર હકારાત્મક અસર ઊભી કરી મનને ઉત્તેજિત કરી કાયાકલ્પ કરે છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતે રાગને વિશિષ્ટ પ્રકારના ભાવને જાગૃત કરતું માન્યું છે. તેથી જ સંગીતોપચાર શરૂ કરતાં પહેલાં યોગ્ય ભાવને રાગ દ્વારા જાગૃત કરવામાં આવે છે.

વિવિધ રાગો દ્વારા જે ભાવ માનવના તન મનમાં જાગૃત થાય છે તે આ પ્રમાણે છે. રાગ કાફી : શાંત, અગાધ ભાવની જાગૃતિના / રાગ પૂરિયા-ધરિ : મધુર, અગાધ, ભારે, છાયાસભર મનોસ્થિતિની જાગૃતિ / રાગ મિશ્રમંદ : ખુશનુમા, તાજગીસભર, હળવા મધુર ભાવની જાગૃતિ / રાગ બાગેશ્રી : સ્થિર, ઊંડા, શાંત ભાવની જાગૃતિ.

આજના ચિંતાગ્રસ્ત, તણાવગ્રસ્ત અને અનિયમિત રક્તચાપ સામે સંગીત એક શ્રેષ્ઠ શાંતિપ્રદ ઔષધ છે.

રાગ દરબારી તણાવગ્રસ્ત પરિસ્થિતિને હળવી બનાવે છે. રાજા અકબરના આખા દિવસના તણાવયુક્ત કાર્યકાળ પછી હળવાશની અનુભૂતિ માટે તાનસેને મોડી રાત્રે ગવાતા આશાવરી પર આધારિત આ રાગની રચના કરેલી. સાત સૂરોનો સુમેળ ધરાવતો આ રાગ વિવિધ પશુ-પક્ષીના પ્રાકૃતિક અવાજ પરથી રચવામાં આવ્યો છે.

'ભાવ'ના નિર્માણ પછી રોગોપચાર માટે ઉપકારક રાગ નીચે મુજબ છે.

રાગ ભૂપતિ, ટોડી આહિર ભૈરવી : હાઈ બ્રડપ્રેશરનું નિયમન

રાગ માલકંસ અને આશાવરી : લો બ્લડપ્રેશરનું નિયમન

રાગ ચંદ્રકંશ : હૃદયની સારવાર

રાગ તિલક કમોદ, હંસધ્વનિ, કલાવતી અને દુર્ગા : જ્ઞાનતંતુની સારવાર

રાગ બિહાગ અને બહાર : અનિદ્રાની સારવાર

આ રાગોને દિવસના જુદા જુદા પ્રહાર અને માનવ મનના વિવિધ આવેગ, ભાવ, લાગણી સાથે સીધો સંબંધ છે. વળી સંગીતોપચારનો પ્રયોગ વહેલી સવારે, સાંજે કે રાત્રે કરવો હિતાવહ છે. ભૂખ્યા પેટે સંગીતના લાંબા જલસાને માણવો હિતાવહ નથી. વળી સંગીતનો જલસો બેથી ત્રણ મધ્યાંતર સાથે એકાદ કલાકનો હોય તે ઇચ્છનીય.

રાગમાધુર્યને માણવા માટે ભારતીય સંગીત શાસ્ત્રીઓએ દિવસ રાત્રીના ચોક્કસ સમયની સંરચના કરેલી છે. એ ચોક્કસ સમયે જે તે રાગ ગવાય તો જ તેની મધુર, સુંદર, ભવ્ય, દિવ્ય ઊંચાઈને માણી શકાય. કેટલાક રાગ સવારે, કેટલાક સાંજે અને કેટલાક મોડી મધ્યરાત્રે તેની ઉચ્ચતાને પામે છે. દિવસ રાત્રી દરમ્યાન આપણા તન અને મનની વિવિધ ગતિઓને ધ્યાનમાં રાખી આ સ્વીકૃત



કરવામાં આવેલું છે. દરેક રાગ, રાગિણી માનવ મનની ચોક્કસ ભાવ, લાગણી સાથે સંકળાયેલા છે. સંગીતમાં ઈલાજની તાકાત છે. તે આનંદ, ઉદાસિનતા જેવા વિવિધ ભાવોની અનુભૂતિ કરાવે છે. માનવદેહ વાત, પિત્ત અને કફ એ ત્રિદોષથી વ્યાપ્ત છે. દિવસ રાત્રીના ૨૪ કલાક દરમ્યાન આ તત્ત્વો વારાફરતી કાર્યરત રહે છે. ઋતુ પ્રમાણે આ ત્રિદોષની પ્રતિક્રિયા બદલાતી રહે છે. તેથી નિયત સમયે જે તે રાગ ગાવા-સાંભળવાથી તેની ધારી હકારાત્મક અસર થાય છે. દિવસ રાત્રીના આઠ પ્રહરની ફાળવણી નીચે મુજબ છે.

પ્રહર-૧ સવારે ૭-૦૦થી ૧૦-૦૦ પરોઢ, વહેલી સવાર, સવાર

પ્રહર-૨ સવારે ૧૦-૦૦થી ૧-૦૦ મોડી સવાર, બપોર પછીનો ગાળો

પ્રહર-૩ બપોરે ૧-૦૦થી ૪-૦૦ બપોર પછીનો ગાળો, બપોર પછીનો મોડો ગાળો

પ્રહર-૪ સાંજે ૪-૦૦થી ૭-૦૦ સાંજ, સંધ્યાપ્રકાશ, સૂર્યાસ્ત

પ્રહર-૫ સાંજે ૭-૦૦થી ૧૦-૦૦ સાંજ, મોડી સાંજ, રાત્રી

પ્રહર-૬ રાત્રે ૧૦-૦૦થી ૧-૦૦ રાત્રી, મધ્યરાત્રી

પ્રહર-૭ રાત્રે ૦૧-૦૦થી ૪-૦૦ મધ્ય મોડી રાત્રી

પ્રહર-૮ રાત્રે ૦૪-૦૦થી ૭-૦૦ મળસ્કુ, પરોઢ

એ જ પ્રમાણે આપણા શરીરમાં રોજ પરિવર્તનની બે ઘટમાળ પસાર થાય છે. તે દરેક વાત, પિત્ત અને કફની પ્રબળતા આણે છે. આ પરિવર્તનની ઘટમાળનો લગભગ નિર્ધારિત સમય નીચે મુજબ છે.

| **પ્રથમ ચક્ર** | **દ્વિતીય ચક્ર** |
|---|---|
| સવારે ૬થી ૧૦ કફ | સાંજે ૬થી ૧૦ કફ |
| સવારે ૧૦થી ૦૨ પિત્ત | રાત્રે ૧૦થી ૦૨ પિત્ત |
| બપોરે ૨થી ૦૬ વાત | રાત્રે ૨થી ૬ વાત |

| **રાગ** | **રોગોપચાર** |
|---|---|
| આહિર ભૈરવ | અપચો, સંધિવા, તાણ |
| આશાવત | આત્મવિશ્વાસ - લો બી.પી. |
| બાગેશ્રી | અનિદ્રા |
| બસંતબહાર | પથરી |
| ભૈરવી | સંધિવા, ઘા, નિરાશા |

| | |
|---|---|
| ભીમપલાશ | ચિંતા, તાણ |
| ચંદ્રકંશ | અરુચિ, હૃદયપીડા |
| દરબારી | શાંતિપ્રદ, તાણમુક્તિ |
| દરબારી કાનડા | માથાનો દુખાવો, અસ્થમા |
| દીપક | અપચો, અરુચિ, એસિડિટી, પથરી |
| ગુજરી તોડી | કફ |
| ગુણાકલી | સંધિવા, કબજિયાત, માથાનો દુખાવો, હરસ-મસા |
| હિંડોલ | સંધિવા, પીઠનો દુખાવો, તાણ |
| જૌનપુરી | ગેસ, અતિસાર, કબજિયાત |
| કૌશી કાનડા | તાણ, શરદી |
| કેદાર | શિરશૂળ, શરદી, કફ, અસ્થમા |
| ખમાજ | અનિદ્રા |
| મધુવન્ની | હરસ-મસા |
| માલકંશ | ગેસ, લો બી.પી. |
| મારવા | અપચો, અસિડિટી |
| નટ ભૈરવ | અપચો, સંધિવા, આંતરડાનો સોજો |
| પુરિયા | આંતરડાનો સોજો, અસ્થમા, તાણ |
| પુરિયા, ધનશ્રી | લોહીની ઊણપ |
| રામકલિ | આંતરડાનો સોજો, હરસ-મસા |
| શ્રી | અરુચિ, શરદી, કફ, અસ્થમા |
| શુદ્ધ સારંગ | અરુચિ, પથરી |
| શ્યામ કલ્યાણ | કફ, અસ્થમા |
| સોહની | શિરશૂળ |
| યમન | સંધિવા |
| તિલક કમોદ, હંસધ્વનિ, કલાવતી, દુર્ગા | તાણમુક્તિ, જ્ઞાનતંતુની સારવાર |
| બિહાગ | મીઠી નિદ્રા |
| ભૂપાલ તોડી | હાઈ બ્લડપ્રેશર |

પૂ. બાપજીના સ્તોત્રો, ભજનો ઉપરોક્ત વિવિધ રાગ-રાગિણીમાં રચાયેલા છે. તેના ગાન-શ્રવણ થકી ભક્તો અવશ્ય સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે છે. ●

**સ્નેહપૂર્વક આપેલું નાનામાં નાનું દાન પણ મોટું છે.**



# MUSIC THERAPY

Music therapy is a scientific method of effective cures of disease through the power of music. It restores, maintains and improves emotional, physiological and psychological well being. The articulation, pitch, tone and specific arrangement of swars (notes) in a particular raga stimulates, alleviates and cures various ailments inducing electro magnetic change in the body.

Music therapy has long history dating back to ancient Orphic school in Greece. Pythagorus, Plato and Aristotle, all were aware of the prophylactic and therapeutic powers of music. Even the old testament mentions music therapy where King David is said to have cured an illness by playing on the harp. Hippocrates, the father of modern mediocine, used music to cure human diseases. In ancient Egypt music was used to lessen tha pain of women during childbirth. ibn Sina, a famous Arabic writer, has written in detail on this subject. In India legend has it that Thyagaraja, the famous musician of South India, brought a dead person back to life by singing the composition Naa Jeevan Dhara in raga Bihari. In 1729 Richard Browne, a physician wrote the famous text Medicina Musica which describes the use of music as medicine. Dr. Burnell has mentioned a manuscript named Raga Chikistsa in the collections of Saraswati Mahal Library in Tanjore which deals with the various ragas that can be used for curing various ailments. What is music ? "Music is a kind of inarticulate, unfathomable speech which leads us to the edge of the infinite and lets us for a moment gaze in that" observed Carlyle. Music is basically a sound or nada generating particular vibrations which moves through the medium of ether present in the atmosphere and effects the human body. Sarangdev mentions in his Sangeet Ratnakar that ahata nada or music is always produced by striking or aghata by a living being on an instrument of any kind So music is a power or universal energy in the form of ragas.

**તમે ન બોલો તમારા કામને બોલવા દો.**

Matanga (9-10th centurey AD) was the earliest writer to define raga. According to him "raga is that kind of sound composition consisting of melodic movements which has the effect of colouring the hearts of men." "There are four sources of raga : folk songs, poetry, devotional songs of mystics and compositions of classical musicians. While harmony is the characteristic of Western music, Indian music is pure melody. The general term for melody in india is raga or ragini." (Kangra Ragmala--M.S.Randhawa). Symphonies of raga have a definite soothing effect on the mind as well as on the body. Repeated listening to the particular raga being chosen for a particular disease produces a network of sound vibration. The muscles, nerves and the chakras of the affected part are contracted when one impulse is given and relaxed during the interval between two impulses.

Thus, during contraction of the tissue, musical notes make the blood flow out from that particular area and in the interval there is relaxation and a state of reduced pressure is produced in these areas. Thus the blood from the adjacent area will flow there. This process is repeated again and again and the blood flow and energy flow in that part is enhanced. This makes quick, fast healing. Energy from URF (unlvarsal energy field) to HEF (human energy field) transmitted by the strokes of the different tones of raga affects the CNS (Central nervous system) because the roots of the auditory nerves are more widely distributed and have more connections than any other narves in the body. Music beats have a very close relationship with heart beats. Music having 70-75 beats per minute equivalent to the normal heart beat of 72 has a very soothing effect. Likewise rhythms which are slower than 72 beats per minute create a positive suspense on the mind and body since the mind body complex anticipates that the music will speed up and this restored vital energy gives a deep relaxation to the body. Rhythms which are faster than the heart rate excite and rejuvenate the body. Hindustani/classical musical considers ragas as depicting specific moods. An appropriate mood is



to be evoked in the listener's mind before intiating the musical treatment.

Kafi Raga evokes a humid, cool, soothing and deep mood while Raga Pooriya Dhansari evokes sweet, deep, heavy, cloudy and stable state of mind. Raga Mishra Mand has a very pleasing refreshing light and sweet touch while bagashwri arouses a feeling of darkness, stability, depths and calmness.

Music is considered the best tranqulliser in modern days of anxlety, tension and high blood pressure. Raga Darbari is considered very effective in easing tension. it is a late night raga composed by Tansen for Akbar to relieve his tension after hectic schedule of the daily court life. This raga belongs to Asavari That and is a complete raga containing all the seven notes. The seven notes are taken from various natural sounds of birds and animals. Raga Bhupali and Todi give treamendous relief to patients of high blood pressure. Raga Ahir-Bhairav is supposed to sustain chords which automatically brings down blood pressure. Raga Malkauns and Raga Asawari helps to cure low blood pressure, For heart aliments Raga Chandrakauns is considered very helpful. Raga Tilak-Kamod, Hansdhwani, Kalvati, Durga evoke a very pleasing effect on the nerves. For patients suffering from insomnia and need a peaceful sonorous sleep, Raga Bihag and Bahar have wonderful effects. Ragas are closely related to different parts of the day acording to changes in nature and development of a particular emotion, mood or sentiment in the human mind.

Music therapy treatment is conducted either early morning, evening or night. One should avoid long music sessions on an empty stomach. Music sassions should be of one hour duration with two or three short sessions with breaks.

## RAGA & THERAPY

One of the unique characteristics of Indian music is the assignment of definite times of the day and night for performing Raga melodies. It is believed that only in this period tha Raga appears to be at the height of its melodic beauty and majestic splendor.

There are some Ragas which are very attractive in the early hours of the mornings, others which apeeal in the evenings, yet others which spread their fragrance only near the midnight hour.

This connections of time of the day or night, with the Raga or Raginis is based on daily cycle of changes that occure in our own body and mind which are constantly undergoing subtle changes in that different moments of the day arouse and stimulate different moods and emotions.

Each Raga or Ragini is associated with a definite mood or sentiment that nature arouses in human beings. The ancient musicologists were particularly interested in the effects of musical notes, how it effected and enhanced human behaviour. Music had the power to cure, to make you feel happy, ssd, disgusted and so on. Extensive research was carried out to find out these effects. This formed the basis of time theory as we know it today.

It is believed that the human body is dominated by the three Doshas - Kaph, Pitta and Vata. These elements work in a cyclic order of rise and fall during the 24 hour period. Also, the reaction of these three elements differ with the seasons. Hence it is said that performing or listening to a raga at the proper allotted time can affect the health of human beings.



## RAGA AND DAY TIME

The following schedule will summarize the specific time periods. The 24 hour period is divided into 8 beats (Prahar) each three hours long, as follows :

1. 7 a.m. - 10 a.m. 1st beat of the day. Daybreak, Early Morning. Morning.
2. 10 a.m. - 1 p.m. 2nd beat of the day. Late Morning, Noon, Early fternoon.
3. 1 p.m. - 4 p.m. 3rd beat of the day. Afternoon, Late Afternoon.
4. 4 p.m. - 7 p.m. 4th beat of the day. Evening Twilight, Dusk (sunset)
5. 7 p.m. - 10 a.m. first beat of the night. Evening Late Evening.
6. 10 p.m. - 1 p.m. 2nd beat of the night. Night, Midnight.
7. 1 a.m. - 4 a.m. 3rd beat of the night. Late Night
8. 4 a.m. - 7 a.m. 4th beat of the night. Early Dawn, Dawn (before sunrise)

   Simillarly Everyday two cycles of change pass through our body, each bringing a Vata, Pitta, or Kapha predominance.

The approximate times of these cycles are as follows :

**First cycle :**

- 6 a.m. to 10 a.m. - Kapha
- 10 a.m. to 2 p.m. - Pitta
- 2 p.m. to 6 p.m. - Vata

**Second cycle :**

- 6 p.m. to 10 p.m. - Kapha
- 10 p.m. to 2 p.m. - Pitta
- 2 a.m. to 6 p.m. - Vata

| | |
|---|---|
| Ahir Bhairav | Indigestion<br>Rheumatic Arthritis<br>Hypertension |
| Asavari | to build confidence - Low BP |
| Bageshri | insomnia |
| Basant Bahar | Gall Stones (Cholecystitis) |
| Bhairavi | Rheumatic Arthritis<br>Sinusitis<br>encourages datachment |
| Bhim palas | Anxity, Hypertension |
| Chandrakauns | Anorexia - Heart Ailments |
| Darbari | Sedetive - Easing Tension |
| Darbari Kanada | Headache<br>Asthama |
| Deepak | Indigestion, Anorexia<br>Hyperacidity, Gall Stones (Cholecystitis) |
| Gujari Todi | Cough |
| Gunakali | Rheumatic Arthiritis, Constipation<br>Headache, Piles or<br>Hemorrhoids |
| Hindol | Rheumatic Arthiritis<br>Backache<br>Hypertension |
| Jaunpuri | Intestinal Gas<br>Diarrhoea<br>Constipation |
| Jaijawanti | Rheumatic Arthritis<br>Diarrhoea<br>Headache |



| | |
|---|---|
| Kafi | Sleep disorders |
| Kausi Kanada | Hypertension<br>Common Cold |
| Kedar | Headache, Common Cold<br>Cough, Asthma |
| Khamaj | Sleep disorders |
| Madhuvanti | Piles or Hemorrhoids |
| Malkauns | Intestinal Gas - Low BP |
| Marwa | Indigestion Hyperacidity |
| Nat Bhairav | Indigestion, Rheumatic Arthritis, Colitis |
| Puriya | Colitis, Anaemia<br>Hypertension |
| Puriya Dhanashri | Anaemia |
| Ramkali | Colitis<br>Piles or Hemore…Œeu |
| Shree | Anorexia, Common Cold<br>Cough, Asthma |
| Shudh Sarang | Anorexia<br>Gall Stones (Cholecystitia) |
| Shyam Kalyan | Cough, Asthma |
| Sohani | Headache |
| Yaman | Rheumatic Arthritis |
| Tilak Kamod,<br>Hansadhwani,<br>Kalavati, Durga | Relaxation & Easing<br>Tension, Pleasing effect on Nerves. |
| Bihag | Sonorous sleep |
| Bhupal Todi | High Blood Pressure |

॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥

## અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર, અમદાવાદ.

સમર્થ દત્તાવતાર ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત ગીર્વાણ સ્તોત્રો, મંત્રો, ભજનો વ. પુસ્તકોમાં સંગ્રહિત થયેલ છે. તેનો દશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા ભક્ત સમુદાયને લાભ મળે તે ભાવથી અમેરિકા સ્થિત શ્રી જશભાઈ પટેલે તેમના અમદાવાદના નિવાસ દરમ્યાન કેસેટ તેમજ વી.સી.ડી. તૈયાર કરાવી પરિવારને સમર્પિત કરેલ છે. કિફાયત ભાવે પ્રાપ્ય કેસેટ, વી.સી.ડી., ડી.વી.ડી. ની વિગત નીચે મુજબ છે.

(૧) **રૂદ્રાક્ષ ભજનાનંદ**

**MP-3 CD-2 રૂા. ૬૦/- તથા પુસ્તક રૂા. ૧૫/-**

અવધૂતી આનંદના ભજનો, પ્રભાતિયા, સ્તોત્રો, આરતી, થાળ, ધૂન, કેટલાક સાર્થ સ્તોત્રો અન્ય ભજનો તથા ગાયકોની નામાવલિ સાથે

(૨) **શ્રી દત્તબાવની ગાથા**

**DVD-2 રૂા. ૧૦૦/- તથા પુસ્તક રૂા. ૧૫/-**

દિવ્ય સ્તોત્ર દત્તબાવનીમાં આવતા ૪૦ જેટલા લીલા પ્રસંગોનું નાટયસ્વરૂપે અવધૂતગાથાના સૂત્રધાર તથા કથાકાર વલસાડના શ્રી રાકેશભાઈ જોશી દ્વારા નિર્મીત દશ્યશ્રાવ્ય દર્શન ડી.વી.ડી.ના માધ્યમથી ટીવીમાં પ્રત્યક્ષ થાય છે.

(૩) **શ્રી ગુરુનામામૃત જ્ઞાનપ્રપા**

**MP-3 CD-3 રૂા. ૭૫/- તથા પુસ્તક રૂા. ૨૫/-**

શ્રી ગુરુલીલામૃત અંતર્ગત આર્તસ્તુતિ, ગુરુમહિમા, ગુરુભક્તિ તથા વેદાંતવાણીના વિણેલા ૪૦૦૦ દોહરાઓનું સંકલન.



(૪) **શ્રી રંગદર્શન ગુજરાત**

**DVD-1 રૂા. ૬૦/-**

પૂ. શ્રી રંગ અવધૂતજીના ગુજરાતમાં આવેલ ઉપાસ્યધામ - નારેશ્વર, ગરુડેશ્વર, ગોધરા, ગોરખટેકરી, દીવાબેટ, રાજપીપળા, પોર, માતર, સોલા, સરખેજ, ગાંધીનગર, સઈજ, લીંચ, વગેરે સ્થાનોની દર્શનીય આધિભૌતિક તેમજ આધ્યાત્મિક માહિતી.

(૫) **શ્રી ગુરુદત્ત પરંપરા**

**DVD-1 રૂા. ૭૦/-**

ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આવેલ દત્તતીર્થધામ- નારેશ્વર, અનસૂયાજી, ગરુડેશ્વર, નાસિક-ત્રંબક, શિરડી, માહુરગઢ, ગાણગાપુર, નરસોબાવાડી, અક્કલલેટ, કારંજા, કુરવપુર, માણગાંવ માણેકનગર, ઔદુંબર વગેરે સ્થાનોની દર્શનીય આધ્યાત્મિક તથા આધિભૌતિક માહિતી, સંગીત સાથે ધૂન, ભજનો, સ્તોત્રોનો સમાવેશ.

(૬) **શ્રી ગુરુમહિમા**

**MP-3-1 રૂા. ૪૦/- અવધૂતિ આનંદના ભજનો, ધૂનો, દોહરા, સ્તોત્રો.**

(૭) **અમર આદેશ**

**Audio CD-3 રૂા. ૧૨૦/-**

પૂ. શ્રી બાપજીએ પોતાની જન્મજયંતી પ્રસંગે આપેલ પ્રવચનનું તેમના શ્રી મુખનીવાણીમાં  શ્રાવ્ય દર્શન. જેમાં બાજવા, નારેશ્વર, ડાકોર, ધર્મજ, કણભા, દ્વારિકા, નવાગામ કંપાલામાં આપેલ વ્યાખ્યાન તથા સોલા ભાગવત વિદ્યાપીઠના ખાતમુહૂર્ત પ્રસંગનું પ્રવચન - ચતુર્વિધ પુરુષાર્થનું સામંજસ્ય અને આજનો

સંદેશ, રાજપીપપળા -- નવાપુરનું દત્ત ઉપાસના (ઉડતું પ્રવચન) વગેરેનો સમાવેશ.

**(૮) સંકીર્તન સંપુટિત દત્તબાવની**
**Audio CD-1 રૂ. ૩૦** ● બ્રહ્માનંદનમ્, દત્તનામ સંકીર્તન, દત્તબાવની, દત્તનામ સંકીર્તન,

**(૯) રૂદ્રાક્ષ-ધૂન-સંકીર્તન**
**MP-3-1 રૂ. ૪૦** ● દત્તધૂન, રંગધૂન, સંકીર્તન

**(૧૦) રૂદ્રાક્ષ સ્તોત્રાવલિ**
**MP-3-1 રૂ. ૪૦** ● પૂ. બાપજી રચિત સ્તોત્રો, વંદના સ્તુતિ, દત્તનામ સંકીર્તન, દત્તનામ સ્મરણ

**(૧૧) શ્રી રંગ શરણ મૃત્યુંજય વંદના**
**MP-3-1 રૂ. ૪૦** ● બ્રહ્માનંદનમ્ મૃત્યુ વિષયક શ્રી ગુરુલીલામૃત અંતર્ગત દોહરા, સંગીત ગીતા-અ.૧૫ તથા અન્ય શ્લોકો
દત્તનામ સ્મરણ, ભજન, ધૂન, (જીવતા સુધી જીવનમુક્તિ અને મૃત્યુ વેળાનું સાયુજ્ય મુક્તિ દર્શન)

**(૧૨) સંગીત ગીતા - પૂ. શ્રી રચિત ગીતાજીનું ગુજરાતી પદ્યાતંર MP-3 (નજીકના ભવિષ્યમાં)**

**નોંધ :** શ્રી રંગ અવધૂત પરિવારના ભક્તોને વિનંતી કે કોઈ પણ સીડી, વીસીડી, ડીવીડીનો કોઈ ઉતારો કે નકલ ન કરે. આ ધંધાર્થી કાર્ય નથી. આપના દ્વારા વેચાણ સહકારની અપેક્ષા. આમાંથી પ્રાપ્ત થતો નફો પરિવારનેજ સમર્પણ થાય છે.

<u>સૂચનો આવકાર્ય છે.</u>



## ● પ્રાપ્તિસ્થાન ●

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અંબાલાલભાઈ પટેલ | ૯૩૨૭૦૫૦૭૭૬ |
| ૨. | શ્રી પ્રવિણભાઈ એ. દવે. | ૯૪૨૬૦૩૨૩૪૩ |
| ૩. | શ્રી કાન્તિભાઈ દવે | ૨૫૩૯૯૭૪૧ |
| ૪. | શ્રી પરેશભાઈ બ્રહ્મક્ષત્રિય, પાદરા. | ૯૮૨૪૨ ૫૩૪૮૪ |
| ૫. | શ્રી જશભાઈ એ. પટેલ (યુ.એસ.એ.) | ૦૦૧-૬૩૦-૫૫૦-૪૨૧૮ |
| ૬. | શ્રી અવધૂત સાહિત્ય ભંડાર, નારેશ્વર | ૨૫૩૬૭૧ |
| ૭. | શ્રી દત્ત મંદિર, સરખેજ. | ૨૬૮૨૮૪૭૦ |
| ૮. | શ્રી દત્ત મંદિર, ગાંધીનગર. | ૨૩૨૧૦૬૪૨ |
| ૯. | શ્રી રંગ મંદિર, સોલા-અમદાવાદ. | ૯૮૨૫૩ ૬૮૪૭૦ |
| ૧૦. | શ્રી રંગ મંદિર, ભૂતડી ઝાંપા, વડોદરા. | ૯૩૨૭૯ ૦૪૧૩૨<br>૯૩૨૮૨ ૭૩૧૬૨ |
| ૧૧. | રૂકમા માઈ મંડળ, કાંદીવલી. | ૯૮૨૦૧ ૫૭૨૧૦<br>૨૫૯૯૫૪૦૯ |
| ૧૨. | શ્રી દત્ત મંદિર, ગરૂડેશ્વર. | ૦૨૬૪૦-૨૩૭૦૦૫ |

૧૩. **Jash Patel**
2983 Heatherwood Court Schaumburg IL.
60194 U.S.A.
Phone # 630-550-4218
jashapatel@yahoo.com

## ● કાર્યાલય ●

**શ્રી પ્રવિણભાઈ દવે**

**અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

૪૩, અશોકનગર, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : (ઘર) ૨૫૬૩૩૭૫૪, (ઓ) ૨૨૭૪૦૭૪૮,
(મો) ૯૪૨૬૦-૩૨૩૪૩